

# પુનરુત્થાનો, ન્યાયકાળો,

અને

# પ્રભુનું પુનરાગમન

રેવ. ડૉ. જયાનંદ ભાઈ ચૌહાન

3IBGP2 56.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# પુનરુત્થાનો, ન્યાયકાળો, અને પ્રભુનું પુનરાગમન

પુનરાગમન ગ્રંથાવલી નં. ૨


**લેખક**

**રેવ. ડૉ.જયાનંદ આઈ. ચૌહાન** એમ.એ. (જર્નાલિઝમ)

યુ.એસ.એ. 'કનાન', મિશન રોડ, નડિયાદ.



**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,

અમદાવાદ ૩૮૦૦૦૬.

# પુનરુત્થાનો, ન્યાયકાળો
# અને
# પ્રભુનું પુનરાગમન


| | | |
|---|---|---|
| પ્રકાશક | : | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,<br>સાહિત્ય સેવા સદન,<br>એલિસબ્રિજ,<br>અમદાવાદ - ૩૮૦ ૦૦૬. |
| પ્રથમ આવૃત્તિ | : | ઓગષ્ટ - ૧૯૮૩ નકલ : ૨૦૦૦ |
| દ્વિતીય આવૃત્તિ | : | ઓગષ્ટ - ૨૦૦૨ નકલ : ૧૦૦૦ |
| કિંમત | : | રૂ. ૪૦/- |
| મુદ્રક | : | સ્કીનડોટ પ્રિન્ટર્સ<br>૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,<br>મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર,<br>અમદાવાદ - ૩૮૦ ૦૦૧<br>ફોન :(૦૭૯)૫૬૨૩૭૬૧ |

## કહેવાનું તો ખાસ કંઈ નથી;
## માત્ર આટલું જ -

- 'પ્રભુનાં પુનરાગમન'ની હારમાળામાં આ બીજી કડી છે. પહેલી હતી : 'દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન' આ બીજી કડી પછી હવે બીજી ત્રણ આવશે : 'રશિયાનો વિનાશ અને પ્રભુનું પુનરાગમન'; 'પ્રકટીકરણનો ખુલાસો અને પ્રભુનું પુનરાગમન'; અને 'વિશ્વબનાવો અને પ્રભુનું પુનરાગમન.'
- પુનરુત્થાનો અને ન્યાયકાળો પ્રભુના આગમન સમયે થશે, એટલે એને બીજી કડી તરીકે મૂકી છે.
- ખ્રિસ્તી મંડળીમાં પુનરુત્થાન અને ન્યાયકાળ વિષે ઘણી ભ્રામક માન્યતાઓ ફેલાયેલી છે. આ પુસ્તકમાં બાઇબલની કલમોને આધારે બાઇબલ શું કહે છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એમાં ઘણાં વર્ષોની મહેનત મૂકી છે. આશા છે કે એથી ઘણાંને સાચું બાઇબલ શિક્ષણ મળશે.
- મારાં બધાં જ પુસ્તકોને બાઇબલ પ્રેમી વાચકોએ ખૂબ ખૂબ પ્રેમથી આવકારી લીધાં છે તેથી તેઓ સર્વનો આભાર માનું છું. હું જાણું છું કે ઘણાબધા લોકો આ સેવાને માટે આગ્રહથી પ્રાર્થના કરે છે એ માટે પણ હું તેમનો હૈયાપૂર ઋણી છું.
- પવિત્ર આત્મા દ્વારા લખાયેલું બાઇબલ શબ્દેશબ્દ સાચું છે. અને બાઇબલ પ્રમાણે પ્રભુનું પુનરાગમન તદ્દન નજદીક છે એ દર્શાવવાના હેતુથી જ આ પુસ્તક લખવામાં આવ્યું છે. એ દ્વારા પ્રભુનો મહિમા હો.
- મારાનાથા - (અરામી પ્રયોગ)- "ઓ પ્રભુ, આવ." ૧ કોરિંથી ૧૬:૨૨.

**- રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**

# બે બોલ

પવિત્રશાસ્ત્ર બાઈબલ એક એવો ગ્રંથ છે જેનો આધાર લઈને આજ સુધીમાં વિશ્વકક્ષાએ ગણવા મુશ્કેલ એટલા પુસ્તકો અને ખુલાસાઓ લખાયા છતાં હજુ લખાઈ રહ્યા છે. દરેકનો આશય પવિત્રશાસ્ત્ર બાઈબલના સત્યોને સમજાવવાનો છે. (જો કે આમાં -દુર્મતોનો સમાવેશ કરતા નથી.)

જ્યારે પુનરાગમન એ વિષય છેલ્લા બે હજાર વર્ષથી ચર્ચાય છે. પ્રથમની મંડળીથી જ આ વિચાર પ્રબળ રહ્યો છે. જે આપણાં સમયમાં વધુ અસરકારક બન્યો છે. જે સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તથા પ્રભુના વચનો જે રીતે પૂરાં થતાં જાય છે તે બધા પરથી સ્પષ્ટ થાય છે કે પ્રભુનું આગમન નજદીક છે.

રેવ. ડૉ. જયાનંદ ચૌહાન સાહેબે આ પુસ્તક દ્વારા પુનરાગમન એકલા વિષયને જ નહિ પરંતુ તેની સાથે પુનરુત્થાન તથા ન્યાયકાળો વિષય પર પણ વિસ્તૃત છણાવટ કરી છે. આ માટે તેમણે જૂના કરારનો પણ જે રીતે ઉલ્લેખ કર્યો છે. કેટલાંક પાત્રો દ્વારા તે વિશેષ ધ્યાન ખેંચે તેવા છે. ઉપરાંત માત્ર જે ખ્રિસ્તી નથી છતાં આ વિષયો સાથે સંલગ્ન છે તેનો પણ તેમણે ઉપયોગ કર્યો છે. મૃત્યુ પછી શું? આનો ઉત્તર બાઈબલ સ્પષ્ટપણે આપે છે. તેની લેખકે અહીં ખાસ ચર્ચા કરી છે. તથા ન્યાયકાળ

અંગેની વિસ્તૃત સમજણ પણ આપી છે. તેથી ઉપર જણાવેલ ત્રણેય વિષય અઘરા છે. પરંતુ જાણવા એટલા જ જરૂરી છે. તેથી લેખકે જે રીતે ત્રણેય વિષયોને આ પુસ્તક દ્વારા આપણી આગળ રજૂ કર્યા છે તેથી રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન સાહેબ આપણા સહુના અભિનંદનને પાત્ર બને છે. તેઓના પુસ્તકોમાં આ વિષયોને એક યા બીજી રીતે હંમેશા સાંકળીને તેની ઉપયોગીતા સમજાવી છે.

પ્રથમ આવૃત્તિથી તેના વાચકોને અવશ્ય આશીર્વાદ મળ્યો હશે. તેથી બીજી આવૃત્તિ પ્રસંગે એ જ આશા તથા શુભેચ્છા સાથે પ્રભુપ્રેમી લોકોના હાથમાં મૂકીએ છીએ. પ્રભુ તેના નામના મહિમા માટે આ પુસ્તકનો ઉપયોગ કરીને ઘણાને સાચી અને ઊંડી સમજમાં દોરી જાય તે જ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી જયાનંદભાઈ સાયમન પરમાર (યુ.એસ.એ.) તરફથી (૧) સ્વ. લિંકન સાયમન પરમાર (૨) સ્વ. સાયમન ડી. પરમાર (૩) તથા સ્વ. વીરજીભાઈ અમથાભાઈની યાદમાં આ પુસ્તકના પ્રકાશન પેટે રૂા. ૩૦,૦૦૦નું ઉદાર દાન મળેલ છે. સમગ્ર પરીવારનો આભાર માનું છું.

પ્રભુમાં આપનો

ઓગષ્ટ - ૨૦૦૨

રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

શ્રી જયાનંદભાઈ સાયમન પરમાર

(યુ.એસ.એ.) તરફથી તેમના ત્રણેય

વહાલાંઓની યાદમાં

રૂા.૩૦,૦૦૦/- નું દાન મળ્યું છે જે

આ પુસ્તકના પ્રકાશન પેટે

વાપરવામાં આવ્યું છે.

સમગ્ર પરીવારનો આભાર.



**વીરજીભાઈ અમથાભાઈ**

વીરજીભાઈ અમથાભાઈ ખંભોળજ ગામના વતની હતા. તેઓ ધાર્મિકવૃત્તિના, પ્રાર્થનાવાદી તથા પરોપકારી હતા. સુવાર્તાના કાર્યમાં તેઓ સક્રિય હતા. શિક્ષક તરીકે પણ ઉમદા સેવા આપી હતી. પ્રભુએ તેમને પ્રસન્ન દામ્પત્ય જીવન આપ્યું હતું. તેઓના બાળકો સુખી છે. પ્રભુએ તેમના જીવનથી ઘણાઓને આશીર્વાદ આપ્યો છે.



**સાયમનભાઈ ડી. પરમાર**

જન્મ તા. : ૩-૧૧-૧૯૧૫ મરણ તા. : ૧૮-૨-૧૯૮૪

સાયમનભાઈ ડી. પરમાર કંજરી બોરીઆવીના વતની હતા. અભ્યાસ પૂરો કર્યા બાદ નડિયાદ મિશન વર્કશોપમાં સુથારી, લુહારી કામનું શિક્ષણ મેળવ્યું હતું. મુંબઈ જઈને વસ્યા. જ્યાં તેમણે રેલવેની નોકરી સ્વીકારી હતી. તેઓને કાર્યની કદરરૂપે કેન્યામાં રેલવેલાઈન નાખવાના કાર્યમાં સેવાની તક મળી હતી. સુખરૂપ નોકરી પૂરી કરી. શિસ્તપાલન, સુઘડતા, પ્રામાણિકતા એ તેમના ગુણો હતા.



**લિંકનભાઈ એસ. પરમાર**

લિંકનભાઈનો જન્મ તા.૭-૪-૧૯૫૩ ના રોજ મુંબઈમાં થયો હતો. નાનપણથી જ હોંશિયાર હતા. બીજાઓને મદદરૂપ થવાનો તેમનો સ્વભાવ હતો. તા.૮-૩-૧૯૯૩ના રોજ તેઓની જીવનયાત્રા પૂરી થઈ.

# વિષયસૂચિ

| | | પૃષ્ઠ |
|---|---|---|
| **A** | **મહાપ્રશ્ન : એના ભિન્ન ભિન્ન ઉત્તરો** | ૧ |
| | મૃત્યુ પામેલાં ફરી સજીવન થાય શું ? | ૧ |
| | મૃત્યુ પછી જીવન હોય? કેવું હોય? | ૧ |
| | શરીરનું શું થતું હશે? | ૧ |
| | **I ભિન્ન ભિન્ન ઉત્તરો :** | ૨ |
| | ૧. ભૌતિકવાદ | ૨ |
| | ૨. ગ્રીકો : સ્ટોઇક અને એપિક્યુરી ફિલસૂફીઓ | ૨ |
| | ૩. સાંખ્યદર્શન | ૩ |
| | ૪. ઉત્ક્રાંતિવાદ | ૩ |
| | ૫. જન્માંતર અને કર્મફળની માન્યતા | ૫ |
| | ૬. વેદાંત - શુદ્ધ અદ્વૈતવાદ | ૭ |
| | **क** ઉપનિષદો | ૮ |
| | **ख** નરસિંહ મહેતાનું કાવ્ય | ૯ |
| | ૭. જૈન ધર્મ | ૧૦ |
| | ૮. બૌદ્ધ ધર્મ | ૧૨ |
| | નિર્વાણ | |
| | ૯. પ્લેટોનું શિક્ષણ | ૧૪ |
| | ૧૦. ઇસ્લામ શું કહે છે | ૧૪ |
| | ૧૧. ઓમર ખય્યામની રુબાયતો | ૧૭ |
| | **II બાઇબલ પ્રમાણે પુનરુત્થાનના પ્રકાર** | ૨૨ |
| | ૧. રાષ્ટ્રીય પુનરુત્થાન | ૨૨ |
| | ૨. આત્મિક પુનરુત્થાન (નવો જન્મ) | ૨૪ |
| | ૩. શરીરનું પુનરુત્થાન | ૨૫ |

૪. મૃત્યુ પછી આત્મા ક્યાં જાય છે? ૨૫
क બધા જ આત્મા પ્રભુની પાસે જાય છે ૨૫
ख શેતાનના હવાલામાં (ભ્રામક માન્યતા) ૨૬
ग 'અધઃસ્થાન (અદ્રશ્યલોક)માં ઊતર્યા' એટલે શું? ૨૮
घ મરી ગયેલાં કોઈનોય આત્મા પૃથ્વી પર ભટકતો નથી ૨૯
(i-ii){ કોઈ આત્મા 'અવગતિયો' બનતો નથી
કોઈ અકાળે (સમય આવ્યા અગાઉ) મરતો નથી
**III પુનરુત્થાન વિષે જૂના કરારમાં શિક્ષણ :** ૩૦
૧. 'ઝાડીના પ્રકરણ'નો ખુલાસો ૩૧
૨. 'જીવનનો શ્વાસ ફૂંકાયો' ૩૧
૩. હનોખ વિષે ૩૧
૪. 'પૂર્વજોની સાથે મળી ગયો' ૩૨
૫. યૂસફનાં હાડકાં કનાન લઈ ગયા ૩૨
૬. અયૂબની જવલંત આશા ૩૩
૭. દાઉદ રાજાની સાક્ષી ૩૪
૮. યશાયાનું ભવિષ્યકથન ૩૫
૯. દાનિયેલના પુસ્તકમાં બે પ્રકારનાં પુનરુત્થાન ૩૫
**IV શરીરના પુનરુત્થાન વિષે નવા કરારમાં શિક્ષણ** ૩૫
૧. પ્રભુ ઈસુનું શિક્ષણ ૩૫
૨. સંત પાઉલનું શિક્ષણ ૩૫
क પોતપોતાને અનુક્રમે ૩૬
(i) ખ્રિસ્ત પ્રથમફળ ૩૬
(ii) ખ્રિસ્તમાં મૂએલાં ૩૬
(a-b) ખ્રિસ્તની મંડળી ૩૬
જૂના કરારના સંતો ૩૬
(c) વિપત્તિકાળના સંતો ૩૮
ख પાપીઓનું (યા છેલ્લું) પુનરુત્થાન ૪૦

૩. 'મૂએલામાંથી બહાર નીકળી આવવું' એટલે શું? ૪૨
૪. પુનરુત્થાનનાં શરીરો કેવાં હશે? ૪૫
क એકસરખો આકાર ૪૫
ख એનું એ જ શરીર નહિ ઊઠે (પણ મહિમાવંતું) ૪૬
ग આપોઆપ ઓળખી શકાય તેવું ૪૬
घ ગુણધર્મો અને ખાસિયતો જુદાં હશે ૪૬
च અવિનાશી શરીર ૪૮
छ ગૌરવવંતું શરીર ૪૮
ज પરાક્રમી શરીર ૪૯
झ સૌંદર્યવાન શરીર ૫૦
ट અગાઉનાં શરીરોની ખોડખાંપણો નવામાં નહિ હોય ૫૦
ठ જાતિ ચાલુ રહેશે ૫૧
ड જોઈ-ઓળખી શકાય તેવું શરીર ૫૨
ढ સ્પર્શી શકાય તેવું શરીર ૫૩
त આભાસરૂપ નહિ, ખરેખરું શરીર ૫૪
थ આત્મિક શરીર ૫૪
द રક્ત વગરનું શરીર ૫૫
**૫. ઉદ્ધારનાં ત્રણ તબક્કા અને મહિમાવંતું શરીર ૫૮**
क ભૂતકાળ - પાપની શિક્ષામાંથી મુક્તિ
નિશાની : ક્રૂસ ૫૮
ख વર્તમાનકાળ - પાપની પકડમાંથી મુક્તિ
નિશાની : પ્રભુભોજનની મેજ ૫૯
ग ભવિષ્યકાળ - શરીરનો ઉદ્ધાર (મહિમાવંતું
શરીર મળશે: નિશાની : મુગટ (મળનાર) ૫૯
૬. પુનરુત્થાનમાં આપણે એકબીજાંને ઓળખી શકીશું? ૫૯
બે મત - અને તેમનાં કારણો

૭. પૃથ્વી પરના આપણા અરસપરસના સંબંધો ત્યાં ચાલુ રહેશે? ૬૪
૮. પુનરુત્થાન પછીના જીવનમાં આપણા વ્યક્તિત્વની વૃદ્ધિ થયા કરવાની કે આપણે એકાએક સંપૂર્ણ બની જવાના ? ૬૬
**V પ્રભુ ઈસુનું આગમન ક્યારે થશે?** ૬૮
કોઈપણ ઘડીએ (તારીખ જાણતા નથી)
કોઈપણ ભવિષ્યવાણી બાકી રહી નથી
૧. ચોરની પેઠે - **ગગનગમન** સમયે ૬૯
૨. વીજળી ઝબૂકે તેમ જગજાહેર રીતે-પ્રાગટ્ય સમયે ૭૧
**B ન્યાયકાળો** ૭૩
**I ન્યાયકાળની શી જરૂર ?** ૭૩
**II કેટલા ન્યાયકાળ ?** ૭૫
૧. **પહેલો ન્યાયકાળ** (ભૂતકાળ : ક્રૂસ પર) ૭૬
**क** વિશ્વાસીનો ન્યાય-પાપી તરીકે ૭૬
**ख** ખરા ખ્રિસ્તીનો ન્યાય ફરી કદી નહિ થાય ૭૬
૨. વિશ્વાસીનો ન્યાય (પુત્ર તરીકે) ૮૦
**क** દરરોજ પાપકબૂલાત ૮૧
**ख** વણકબૂલેલાં પાપ અને શિક્ષા ૮૩
**ग** એવા ખ્રિસ્તીને 'શેતાનને સોંપવો' (એટલે શું?) શરીરના નાશને માટે ૮૬
**घ** 'મરણકારક પાપ' એટલે શું? ૮૮
૩. **બીજો ન્યાયકાળ** - ૮૯
સેવક અને સાક્ષી તરીકેની સેવાઓની ચકાસણી ૮૯
ક્યારે? ક્યાં? મંડળી ગગનમાં ઊંચકી લેવાઈ હશે ત્યાં

क ૨ કોરિંથી ૫:૫-૧૦ માં 'ભૂંડું' એટલે શું? ૯૧
ख 'પ્રગટ થવું પડશે' એટલે શું? ૯૨
ग સર્વ કંઈ પ્રભુ ઈસુ માટે કરો ૯૪
घ સેવાનો બદલો ૯૬
૪. **ત્રીજો ન્યાયકાળ -** ૯૮
क યહૂદી પ્રજાનો ન્યાયકાળ ૯૮
ख 'યાકૂબના સંકટનો સમય' ૯૯
ग સમય-વિપત્તિકાળનાંપાછલાંસાડાત્રણ વર્ષ ૧૦૨
घ 'યહૂદીઓનો એકસામટો એક જ દિવસમાં' 'નવો જન્મ' ૧૦૭
(એકસામટા ખ્રિસ્તનો સ્વીકાર કરશે)
૫. **ચોથો ન્યાયકાળ -** ૧૦૯
દુનિયાની દેશજાતિઓ (પ્રજાઓ)નો ન્યાય
સમય - પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરશે તે સમયે
તૈયાર કરેવું રાજ્ય, અને 'તેનો વારસો લો' ૧૦૯
૬. પાંચમો ન્યાયકાળ - ૧૧૫
'પાપીઓ' અથવા અધર્મીઓનો ન્યાય ૧૧૫
क સમય-પૃથ્વી આકાશ બળી ગયા પછી; અધ્ધર ૧૧૫
ख પૃથ્વી - આકાશ કેવી રીતે બળી જશે? ૧૧૬
ग બાકી રહેલાં બધાં મૃત્યુ પામેલાં ઊઠશે? ૧૨૦
घ ઊઘાડવામાં આવેલાં આ પુસ્તકો કેવાં હશે? ૧૨૦
(પ્રભુની નોંધણી (રેકર્ડિંગ)ની વ્યવસ્થા)
च નરકમાં ઓછીવત્તી સજા ૧૨૫
छ છેલ્લે જેઓ જીવતાં હશે તેમનું શું? ૧૨૭

## A મહાપ્રશ્ન : એના ભિન્ન ભિન્ન ઉત્તરો

**મહાપ્રશ્ન :**

સર્વ જમાનાઓમાં અને સર્વ દેશોમાં માનવજાતનો એક મહાપ્રશ્ન છે. બાઈબલમાં જૂના કરારમાં પણ આ મહાપ્રશ્ન આ રીતે પૂછવામાં આવ્યો છે : "જો માણસ મરી જાય તો તે ફરી સજીવન થાય શું?" આ પ્રશ્નમાં ઘણી બાબતો સમાયેલી છે : આત્મા મૃત્યુ પામે ખરો; મૃત્યુ પામનાર માણસ સશરીર પાછો સજીવન થશે? અને જો સશરીર થાય તોપણ એની અસલની યાદદાસ્ત યા સંસ્મરણો સહિત તે સજીવન થશે શું? શું એનું આખુંય વ્યક્તિત્વ (શરીર, આત્મા, ભૂતકાળની યાદદાસ્ત) સજીવન થશે કે કેમ?

## I ભિન્ન ભિન્ન ઉત્તરો :

આ વિશ્વવ્યાપી અને મહાપ્રશ્નના વિધવિધ ઉત્તરો જગતના જુદા જુદા ધર્મો અને નોખાં નોખાં દર્શનશાસ્ત્રો મારફતે મળે છે. આપણે બહુ સંક્ષિપ્તરૂપમાં એ બધા ઉત્તરો જોઈ જઈએ.

**૧. ભૌતિકવાદ :** ભૌતિકવાદ એવું શીખવે છે કે આખુંયે વિશ્વ તેમ જ વિશ્વનાં જડ અને ચેતન વાનાં આપોઆપ અસ્તિત્વમાં આવ્યાં. આ ભૌતિકવાદ ઈશ્વરમાં માનતો નથી, અને એવું કહે છે કે ઈશ્વર જેવો કોઈ સૃજનહાર અસ્તિત્વમાં છે જ નહિ; સારુંયે વિશ્વ આપોઆપ બન્યું છે, બલ્કે સનાતનકાળથી વિશ્વ હયાતી ધરાવતું આવ્યું છે. એટલે ભૌતિકવાદમાં ઈશ્વર, પાપ, પુણ્ય, સ્વર્ગ, નર્ક કે ઉદ્ધારક એવા કશાને સ્થાન નથી. નીતિ-અનીતિના જયાં ભેદ જ ઊગ્યા નથી, ત્યાં પુણ્યકર્મો કે બદકર્મો જેવું પણ ક્યાંથી હોઈ શકે? કાળની કંદરામાં અનાયાસ એકાએક જીવન પાંગર્યું, અને અચાનક વિરમી પણ ગયું : હેતુયે નહિ, અને આયોજન પણ નહિ. પશુપંખીઓ મરી જાય છે, અને ઝાડપાન સૂકાઈ જાય છે, તેમ મનુષ્ય પણ મરી જાય છે. અને એ પછી એમનું અસ્તિત્વ સદાકાળ માટે ભૂંસાઈ જાય છે, - કાળગ્રસ્ત બનીને વિસ્મરણની ગુંહામાં વિલીન બની જાય છે. મૃત્યુ બાદ તેમની કંઈ જ હયાતી રહેતી નથી.

**૨. ગ્રીકો : સ્ટોઈક અને એપિક્યુરી ફિલસૂફીઓ** પણ એ જ માન્યતા ધરાવે છે. **એપિક્યુરીઓ** કહે છે કે, "ખાઓ, પીઓ અને આનંદ કરો (મોજમઝા કરો), કારણ કે કાલે તમે મરી જવાના છો; તમારું અસ્તિત્વ યા હયાતી સદાને માટે ખલાસ થઈ જવાનું છે." **સ્ટોઈકો** કહે છે કે, દુઃખનો રણકો ઉઠાવવામાં કોઈ લાભ નથી, અને ફરિયાદનું માથું ઊંચકવાનો કોઈ સાર નથી, કારણ કે, આખરે તો આવી પડેલી આપદા સહન કર્યે જ છૂટકો છે. માટે વીરની પેઠે સહન કરો. આવી માન્યતાને અનુલક્ષીને સંત પાઉલ કહે છે કે, "જો મૂએલાં ઊઠતાં નથી તો ભલે ખાઈએ

તથા પીઈએ, કેમ કે કાલે આપણે મરી જવાના છીએ." (૧ કોરિંથી ૧૫:૩૨)

**૩. સાંખ્યદર્શન :** ભારતમાં હિંદુ ધર્મના 'ષડદર્શન' * (છ ફિલસૂફી)ની **સાંખ્ય ફિલસૂફી** નિરીશ્વરવાદી જ વાત રજૂ કરે છે. સાંખ્યદર્શન એમ જણાવે છે કે વિશ્વમાં માત્ર બે સનાતન તત્ત્વો અસ્તિત્વ ધરાવે છે : **પુરુષ** અને **પ્રકૃતિ**. આ બન્ને તત્ત્વો અલગ અલગ રહે છે. પણ જ્યારે તેઓ એકબીજાના સંબંધમાં યા સંપર્કમાં આવે છે ત્યારે સૃષ્ટિ આપોઆપ પેદા થાય છે. અને યુગો વીત્યા પછી પાછો આ વિશ્વનો પ્રલય યા વિનાશ થાય છે. ફરી પાછો એકાદ યુગ પસાર થયા બાદ 'પુરુષ' અને 'પ્રકૃતિ' પરસ્પર સંપર્કમાં આવતાં વિશ્વનું નવમંડાણ થાય છે. એમ સનાતનકાળથી અનંતકાળ લગી આવી ઘડભાંજ ચાલ્યા કરે છે.

આ સાંખ્ય તત્ત્વજ્ઞાન ઈશ્વર યા સૃષ્ટાની હયાતીમાં માનતું નથી, તેમ જ પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્કમાં માનતું નથી. માણસ એ માત્ર સૃજન અને પ્રલય વચ્ચે વહેતા કાળમાં પલકનું ક્ષુલ્લક જીવડું છે. કીડી-મકોડીની જેમ એ જન્મે છે અને મરે છે. એ પછી એનું અસ્તિત્વ કાયમ માટે ભૂંસાઈ જાય છે. માણસ માત્ર એક 'જીવ' છે; શરીર કે આત્મા કોઈ અમર નથી. પુનરુત્થાનને કે મૃત્યુમાંથી પાછા સજીવન થવાને સાંખ્યદર્શનમાં કોઈ સ્થાન નથી.

**૪. ઉત્ક્રાંતિવાદ :** આ ઉત્ક્રાંતિવાદ (Theory of Evolution) એ વિજ્ઞાનવાદના આ જમાનામાં ભૌતિકવાદનું એક નવું સ્વરૂપ છે. ચાર્લ્સ રોબર્ટ ડાર્વિન નામના (૧૮૦૯-૧૮૮૨) એક અંગ્રેજ વિજ્ઞાનીએ (નેચરાલિસ્ટ અને બાયોલોજીસ્ટે) આ માન્યતા પ્રવર્તાવી હતી. એણે

---

* ષડદર્શન આ પ્રમાણે છે : **સાંખ્ય** (સ્થાપક : કપિલમુનિ), **યોગ** (સ્થાપક : પતંજલિ), **ન્યાય** (સ્થાપક : ગૌતમ), **વૈશેષિક** (સ્થાપક : કણાદ), **પૂર્વમીમાંસા** (સ્થાપક : જૈમિનિ), અને **ઉત્તરમીમાંસા** - બ્રહ્મમીમાંસા અથવા વેદાન્ત (સ્થાપક : બાદરાયણ).

૧૮૫૯માં એના પ્રખ્યાત પુસ્તક 'ઓરીજીન ઓફ સ્પીસીસ' (અ Origin of Species by Means of Natural Selections) દ્વારા આ માન્યતાને પ્રતિપાદિત કરી હતી. આ માન્યતાનું શિક્ષણ આવું છે : ગરમ વાયુના ગોળા ઠંડા પડતા એમાંથી સૂર્યો, ચંદ્રો, તારાઓ, ગ્રહો અને પૃથ્વી બન્યાં. (ગરમ વાયુના ગોળા ક્યાંથી આવ્યા એનો જવાબ આ વિજ્ઞાનીઓ પાસે નથી.) પૃથ્વીનાં તત્ત્વો આપોઆપ જડ પદાર્થોમાં પરિવર્તન પામ્યાં. અને કાળાંતરે જડ પદાર્થોમાંથી સૂક્ષ્મ જીવ પેદા થયો, - પ્રથમ એકકોશી જીવ (પ્રોતોઝોઆ= પ્રાથમિક જીવ) પેદા થયો, અને એની ઉત્ક્રાંતિ થઈને બહુકોશી અને અનેકકોશી જીવો ઉત્પન્ન થયા. એ પછી ઊર્ધ્વક્રાંતિના ધોરણે જીવજંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ થયાં. એમાંથી વાનરજાત પેદા થઈ. અને એમાંથી આખરે માનવજાત અસ્તિત્વમાં આવી. આ ઉત્ક્રાંતિવાદની માન્યતામાં પણ ઈશ્વર, પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક, ઉદ્ધારનાર કે શેતાનને કોઈ સ્થાન નથી. મૃત્યુ પછીનું જીવન છે જ નહિ. માણસ પણ બીજા જીવોની પેઠે મૃત્યુ પામે છે, અને સદાકાળને માટે સ્મરણપટ ઉપરથી જતું રહે છે. એમાં પુનરુત્થાન કે મૃત્યુમાંથી સજીવન થઈ ઊઠવાની વાતને કોઈ સ્થાન નથી.+

---

+ **ઉત્ક્રાંતિવાદ** એ માત્ર માન્યતા જ છે, અને એને પ્રતિપાદિત કરનારાં કે સત્ય ઠરાવનારાં કોઈ પ્રમાણો જ નથી. ઉત્ક્રાંતિવાદનું સૌથી મોટું અને અતિ અગત્યનું બળ તે આ માન્યતા કે, એક જીવનું રૂપ યા જાત બદલાઈને તે બીજામાં પરિણમે છે. પણ પૃથ્વી પર એવું બદલાણ પામતું વચલું રૂપ યા કડી ક્યાંયે જોવા મળતાં નથી. ડાર્વિને પોતે પોતાના પુસ્તકમાં આશ્ચર્ય સાથે લખ્યું છે કે, હું આખી પૃથ્વી પર ફર્યો, પણ **વચલી કડી** (બદલાતું સ્વરૂપ) મેં ક્યાંયે જોયું નહિ. બાઇબલ તો ઉત્પત્તિના પહેલા અધ્યાયમાં જ સ્પષ્ટ જણાવે છે કે સૃજનહારે શરૂઆતથી જ **દરેકને પોતપોતાની જાત પ્રમાણે** ઉત્પન્ન કર્યાં. અને આજે પણ કોઈ જીવ પોતાની જાત બદલીને બીજી જાતમાં પરિણમતો નથી. દા.ત. માણસના પ્રયત્નો અને પ્રયોગોથી ઘોડા-ગધેડાની વર્ણસંકર

**૫. જન્માંતર અને કર્મફળની માન્યતા :** ભારતમાં હિન્દુ ધર્મનો એક ફાંટો **'જન્માંતર અને કર્મફળ'** ના સિદ્ધાંતમાં માને છે. આ મત શીખવે છે કે માણસના સારા કે બૂરા પ્રત્યેક કર્મમાંથી કર્મફળ નીપજે છે. માણસ પોતાના કોઈ એક જીવનમાં જે સારાં કે દુષ્ટ કૃત્યો કરે છે તેનાથી કર્મફળ કે કર્મભાર જમા થાય છે, અને એ કર્મભારનાં કર્મબંધનને લીધે એ કર્મભારનું સંચિત થયેલું કર્મફળ ભોગવવાને તેને બીજો જન્મ લેવો પડે છે, અને આ બીજા જન્મમાં તે આગલા જન્મનાં કર્મનું ફળ ભોગવે છે : સારાં કર્મોનું સારું ફળ અને માઠાં કર્મોનું માઠું ફળ. વળી એ જન્મ યા જીવનપટ નવાં કર્મફળ પેદા કરે છે.

હવે આગલા જન્મનાં કર્મફળમાંથી જ તેને બીજો જન્મ ભોગવવાનો ઊભો થાય છે. આવા બધા અનેક જન્મોમાં તે પશુયોનિમાં, પંખીયોનિમાં, કે જીવજંતુયોનિમાં પણ, એનાં કર્મફળ પ્રમાણે, જન્મ ધારણ કરે છે. વળી આ બીજા જન્મનાં સંચિત થયેલાં કર્મફળ ભોગવવા તેને ત્રીજો જન્મ લેવો પડે છે. અને એમ એક પછી એક ચોરાસી લાખ જન્માંતરની યા અવતારોની ઘટમાળામાં તેને ફરવું પડે છે. આખરે એનાં બધાં જ કર્મ ખલાસ થઈ જાય, અને કર્મભાર બિલકુલ ન રહે ત્યારે તે પરમાત્મા 'બ્રહ્મ'માં મળી જાય છે, - એનું અસ્તિત્વ નથી રહેતું, જેમ બિંદુ સાગરમાં મળીભળી જાય તેમ જ.

'જન્માંતર'ના આ શિક્ષણમાં નીચેના મુદ્દાઓ સમાયેલા છે : માણસને ઉદ્ધારનાર યા મુક્તિદાતાની કોઈ જરૂર નથી, કારણ, માણસ

---

ઓલાદ તરીકે **ખચ્ચર** બનાવ્યું. પણ ત્યાં જ "**પોતપોતાની જાત પ્રમાણે**" ની દીવાલ આવી જાય છે. કારણ, કોઈ ખચ્ચર બીજા ખચ્ચરને જન્માવી શકે જ નહિ. એવું જ સંકર બાજરી, સંકર કપાસ, વગેરેનું પણ જોવા મળે છે.

પોતે પોતાની મુક્તિ કમાઈ શકે છે. પોતાનાં કર્મોનાં ફળ ભોગવતો ભોગવતો, પોતે જ પોતાનો ઉદ્ધારનાર બનીને, આખરે બ્રહ્મમાં મળીભળી જાય છે; શરીર કે ખોળિયું એ માણસના વ્યક્તિત્વનો એક ભાગ નથી. એક પહેરણ ઉતારીને ફેંકી દઈએ, અને બીજું ચઢાવીએ, અને એ ઉતારેલા પહેરણને આપણા વ્યક્તિત્વ સાથે કોઈ લાગભાગ નથી, એવું જ ઉતારેલા શરીર (કે શરીરો) વિષે છે. આત્મા ચોરાસી લાખ અવતારોમાં ભ્રમણ કરતો કરતો અનેક શરીર યા ખોળિયાં ધારણ કરે છે : પશુઓનાં ખોળિયાં, પંખીઓનાં ખોળિયાં કે જીવજંતુઓનાં ખોળિયાં, - એમ અનેક ખોળિયાં વટાવીને આવેલા જીવાત્માના વ્યક્તિત્વમાં પેલાં બધાં ખોળિયાં કે શરીરોને કોઈ લાગભાગ નથી,- એ બધાં જીવાત્માના વ્યક્તિત્વનો અંશ નથી; આત્મા મરતો નથી; પણ અનેક ખોળિયામાં પ્રવેશે છે. એટલે આ માન્યતામાં શરીરનું પુનરુત્થાન છે જ નહિ. વળી આત્માનું પુનરુત્થાન તો સંભવી શકે જ નહિ, કારણ, આત્મા અમર છે - મરતો નથી.

માણસનો આત્મા, કૂતરાનો આત્મા, કે ઘરોળીનો આત્મા - એ બધા એકસરખા આત્મા છે, કારણ, જે આત્મા ગયા જન્મે મનુષ્યના ખોળિયામાં હતો એ જ આત્મા આ જન્મે કૂતરાના ખોળિયામાં છે, અને એ જ આત્મા આવતે જન્મે ઘરોળીના ખોળિયામાં વસશે, - ખોળિયા જુદાં જુદાં, પણ આત્મા એનો એ જ. આ મતના શિક્ષણ પ્રમાણે માણસ, કૂતરો કે ઘરોળી - એ બધાંને નીતિભાન છે, અને ખરું-ખોટું પારખી શકે છે! અને પાપ-પુણ્ય કમાઈ શકે છે.★

---

★ પણ આ **'જન્માંતર અને કર્મફળ'**ના મત દ્વારા મુક્તિ કે મોક્ષ પામવાનું કેટલું અઘરું છે તે શંકરાચાર્યે **ભજગોવિંદમ્** નામના પુસ્તકમાં વ્યાજબી લખ્યું છે કે :

**૬.વેદાંત - શુદ્ધ અદ્વૈતવાદ :** સામાન્ય રીતે આ 'વાદ'ને 'શંકરાચાર્ય'નો શુદ્ધ અદ્વૈતવાદ તરીકે ઓળખવામાં આવે છે, કારણ, તેણે ભરયુવાન વયે આખા ભારતમાં, જુદા જુદા પ્રચલિત 'વાદો'નું ખંડન

---

**पुनरपि जननं पुनरपि मरणं**

**पुनरपि जननीजठरे शयनम् !**

**इह संसारे बहु दुस्तारे**

**कृपयाडपारे पाहि मुरारे !!**

ફરી ફરી જન્મ ધારણ કરવો, ફરી અને ફરી મૃત્યુ પામવું, અને અસંખ્ય વાર માના ઉદરે સૂવું, - એમ આ જન્મ-મરણની ઘટમાળ પાર કરવી એ અતિશય કપરું છે. ઓ પાપ દૂર કરનાર કૃપાળુ ઈશ્વર, તમે તમારી કૃપાથી જ મારો ઉદ્ધાર કરો.

અને ભારતના બીજા કોઈ બૌદ્ધભક્તે આ પુનર્જન્મ (જન્માંતર્) દ્વારા મુક્તિ પામવાનું કેટલું અઘરું છે તે દર્શાવતાં એક હાસ્યાપદ ઉદાહરણ આપ્યું છે. ઉદાહરણ : એક અફાટ વિસ્તૃત સમુદ્ર ઉપર લાકડાની એક ઝૂંસરી તરતી ફરે છે. હવે એક આંધળો કાચબો અંધારી રાતે આ અફાટ વિસ્તૃત સમુદ્ર ઉપર તરતો તરતો જઈને પેલી ઝૂંસરીમાં પોતાનું માથું ઘાલે એ જેટલું શક્ય છે તેટલું શક્ય આ જન્માંતર અનેક અવતારો પસાર કરીને આખરે મોક્ષ પામવું શક્ય છે. મતલબ કે એ તદ્દન અશક્ય છે.

વળી ઈશ્વરે માનવીને મુક્તેચ્છા આપી છે તેવી મુક્તેચ્છા પશુપંખીઓને આપવામાં આવી નથી. પશુપંખીઓ માત્ર વૃત્તિઓ અને વલણોથી દોરવાય છે, અને તેમનામાં નૈતિક સભાનતા કે નૈતિક જવાબદારી હોતી નથી. તો પશુપંખી યોનિમાં જન્મ ધારણ કરનાર 'માનવી' કઈ રીતે પુણ્ય કમાઈ શકે? - અને કર્મભાર ઉતારી શકે? - કે જન્માંતરની ઘટમાળામાં કેવી રીતે ઊર્ધ્વગતિ કરી શકે? ચોરાસી લાખ અવતારમાં માનવ અવતાર તો જૂજ વખતે જ મળે અને બાકીનાં યોનિભ્રમણમાં તો નૈતિક સભાનતા કે નૈતિક જવાબદારી જોવા મળતી નથી. તો આ મિથ્યા યોનિભ્રમણ મોક્ષ કેવી રીતે સાધી કે સધાવી શકે?

કરીને, અદ્વૈતવાદને ફેલાવ્યો. વળી એનાં બ્રહ્મસૂત્રભાષ્યો સૌથી પ્રાચીન ગણાય છે. x

આ **'શુદ્ધ અદ્વૈતવાદ'** શરીરની હયાતીમાં માનતો નથી. એ મત આ પ્રમાણે શીખવે છે : માત્ર એકલો 'બ્રહ્મ' કે 'પરમાત્મા' અસ્તિત્વ ધરાવે છે. એ સિવાય બીજી વસ્તુનું યા જીવનું અસ્તિત્વ છે જ નહિ. પશુપંખી, ઝાડપાન, માનવી, સૂર્ય-ચંદ્ર-તારાઓ, અને જડ પદાર્થો - એમાંના કોઈનું અસ્તિત્વ છે જ નહિ. માત્ર મન પર ચઢેલા 'માયા' (અજ્ઞાન)ના આવરણને લઈને આ બધાં 'જૂજવાં'(જુદાં જુદાં) રૂપ દેખાય છે. પણ આ અજ્ઞાન અથવા માયાનું આવરણ કે પડળ દૂર થતાં એ 'જૂજવા' રૂપ દેખાતાં બંધ થાય છે, અને એક માત્ર 'બ્રહ્મ' જ અખિલ વિશ્વમાં વિલસી રહે છે.

**क ઉપનિષદો** નામનાં હિન્દુ શાસ્ત્રોમાં આ તત્ત્વજ્ઞાનનો ઉદય થયો. આ શિક્ષણનું સૌથી વધુ પ્રચલિત વાક્ય **तत् त्वमसि** ! (=તું તે જ છે. = જીવાત્મા એ જ પરમાત્મા છે. 'જીવાત્મા' એટલે વિશ્વનો કોઈપણ જીવ.) (છાન્દોગ્ય ઉપનિષદ ૬:૮. ૭-૧૬). યાજ્ઞવલ્કય-મૈત્રેયીસંવાદ (બ્રહદ ઉપનિષદ ૨૪), તેમ જ નારદસનત્કુમાહરસંવાદ (છાન્દોગ્ય ઉપનિષદ ૭), ઈત્યાદિ સંવાદોમાં અદ્વૈત તત્ત્વનું આકર્ષક રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અદ્વૈતવાદ એટલે વિશ્વમાં બે નહિ, પણ એક જ તત્ત્વ હસ્તી ધરાવે છે, એવો આ મત ઉપનિષદોમાં શરૂ થયો. પણ પાછળથી શંકરાચાર્યે એને 'શુદ્ધ અદ્વૈતવાદ' તરીકે આખા આર્યાવર્ત (ભારત)માં ફેલાવ્યો.

---

x આમ છતાં પણ શંકરાચાર્યની પહેલાં અને ભાષ્યકારો થઈ ગયા છે એમ પ્રાપ્ત ભાષ્યો ઉપરથી જણાય છે. આ પ્રાચીન ભાષ્યકારોમાં બોધાયન, બ્રહ્મનદી, દ્રવિડાચાર્યે, બ્રહ્મદત્ત અને ભર્તૃપ્રપંચનાં નામો સુપ્રસિદ્ધ છે. શંકરાચાર્ય (ઈ.સ. ૭૮૦-૮૨૦ના અરસામાં) તેત્રીસ વર્ષની યુવાન વયે ભગંદરના દર્દથી મૃત્યુ પામ્યો.

**ख** ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાએ તેમના કાવ્યમાં બહુ સરળ અને સ્પષ્ટ રીતે આ શુદ્ધ અદ્વૈતવાદને શબ્દદેહ આપ્યો છે :

(રાગ : આસા માંડ - તાલ ઝપતાલ)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે , અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ૧

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે. ૨

વેદ તો એમ વદે શ્રુતિ, સ્મૃતિ સાખ દે-
કનક કુણ્ડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. ૩

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. ૪

વળી,

જાગીને જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત વિલાસ તદ્રપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. ૧

★ ★ ★

આમ, જ્યારે માણસ કે અન્ય કોઈ જીવ કે જડ પદાર્થની આગવી હયાતી હોતી નથી, તો પાપ કે પુણ્ય, સ્વર્ગ કે નરક હોઈ શકે નહિ. આથી જ સ્વામી વિવેકાનંદે શિકાગોમાં ભરાયેલી 'સર્વધર્મ પરિષદ' આગળ કહ્યું હતું કે "માણસ પાપી? માણસને પાપી કહેવો એજ પાપ છે." આ શુદ્ધ અદ્વૈતવાદમાં માનનાર બ્રહ્મજ્ઞાનીને સારા-નરસાના ભેદ હોતા નથી. 'મેં સારું કામ કેમ ન કર્યું?' 'મેં ખરાબ કામ કેમ કર્યું?' આવા પ્રશ્નો અને આવા વિચારો બ્રહ્મજ્ઞાનીને પજવતા હોતા નથી. (તૈતિરીય ઉપનિષદ ૨:૯). આ મત પ્રમાણે અલગ અલગ આત્માઓ (જીવાત્માઓ) અને તેમનાં ભૌતિક શરીરોનું અસ્તિત્વ જ નથી, એટલે 'મૃત્યુ' જેવું પણ કંઈ હોઈ શકે નહિ, અને મૃત્યુમાંથી પાછા ઊઠવાનું પણ હોઈ શકે નહિ.

આ બધા ઉપરથી એક તારવણી નીપજે છે કે હિંદુ ધર્મના કોઈપણ સંપ્રદાય કે મતમાં શરીરનું પુનરુત્થાન મનાતું નથી.

**૭. જૈન ધર્મ :** જૈન ધર્મના સ્થાપક મહાવીર સ્વામી (ઈ.પૂર્વે ૫૯૯-૫૨૭) અને બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ (ઈ.પૂર્વે ૫૬૦-૪૮૦) સમકાલીન હતા. જૈન ધર્મ પણ મહદ અંશે સાંખ્યદર્શન જેવી નિરીશ્વરવાદી માન્યતા ધરાવે છે. એના મૂળ શિક્ષણ પ્રમાણે જૈન ધર્મ નિરીશ્વરવાદી એટલે કે ઈશ્વરની હયાતીમાં નહિ માનનાર ધર્મ છે. જગતમાં કોઈપણ પ્રકારનું પરમ તત્ત્વ છે જ નહિ એવું મૂળથી જૈન ધર્મનું શિક્ષણ હતું. કોઈપણ દેવની પ્રાર્થના કરવી અથવા તો એના વિષે વાત કરવી એ મૂર્ખતા છે એવું મહાવીર સ્વામીનું શિક્ષણ હતું. આ જગતની ઉત્પત્તિને માટે એક ઈશ્વર સ્વીકારવો જોઈએ એવી દલીલ કેવળ અજ્ઞાનનું જ પરિણામ છે એવું જૈન આગમોમાં કહેવામાં આવ્યું છે.

કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંત, એટલે કે જન્માંતરો દ્વારા પાપ-પુણ્યનું ફળ પ્રાપ્ત થાય છે એ માન્યતા તો મહાવીર સ્વામીએ બહુ સ્પષ્ટ રીતે શીખવી છે. કર્મના સિદ્ધાતમાંનું **કર્મ** એક અવ્યક્ત એવી જગતની શક્તિ છે, અને તે સદા ક્રિયાવંત છે.

આત્મા અનેક પ્રકારના જન્માંતરોમાંથી પસાર થાય છે, અને અનેક પ્રકારનાં ખોળિયાં ધારણ કરે છે, અને ઉતારી મૂકે છે. આત્મા જડ પદાર્થો તરીકે પણ જન્મ ધારણ કરે છે, એટલે કે પશુપંખી અને જીવજંતુઓ સિવાય ડુંગળીનો ગાંઠિયો કે માટીનું દડબું પણ બની શકે છે. જન્માંતરના મત પ્રમાણે જૈન ધર્મ પણ માને છે કે આત્માને અનેક યોનિમાં અવતાર લેવા પડે છે. એ પ્રમાણે આત્મા સતત ભ્રમણ કર્યા કરે છે, જ્યારે ભૌતિક શરીર યા ખોળિયાનું કંઈ મહત્ત્વ નથી. એટલે શરીરનું પુનરુત્થાન પણ હોતું નથી. એમ, જૈન ઈશ્વરવિદ્યામાં માનવીના શરીરના પુનઃજીવિત બનવાને કોઈ સ્થાન નથી.

ચારિત્ર્યબદ્ધ અને સદાચારી જીવન ગાળવા માટે પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ (સદાચાર), ત્રણ ગુપ્તિ (રક્ષણ), અને ચાર ભાવના આચરણમાં ઉતારવાનું જૈન ધર્મમાં બોધવામાં આવ્યું છે.★ પણ એ બધું જ કોઈ પરમ તત્ત્વની સહાય વગર, આપમેળે અને આપબળે કરવાનું હોય છે. એમાં અન્ય કોઈ વ્યક્તિ આપણાં પાપ પોતાના શિરે લઈ બલિદાન બની જાય એવી અપેક્ષા કે માન્યતાને સ્થાન નથી. આત્મા પોતે જ પોતાના મોક્ષદાતા છે.

પુરુષકોટીમાંથી જ મોક્ષ પ્રાપ્ત થાય એટલે કે 'જીન' બનાય. સ્ત્રીને પણ પુરુષનો જન્મ લીધા પછી જ મોક્ષ શક્ય બને. દેવકોટીમાંથી મોક્ષ પ્રાપ્ત ન થાય, - એ આત્માએ પાછા પુરુષ તરીકે જન્મ લેવો પડે, તો જ મોક્ષની શક્યતા ઊભી થાય.

---

★ **પાંચ સમિતિ** (સદાચાર) આ પ્રમાણે છે : ઈર્યા (જીવજંતુ પગ નીચે કચડાઈ જાય તેથી રાત્રિ દરમિયાન ન ચાલવું; **ભાષા** (હિતકારક, મધુર અને સત્ય બોલવું); **એષણા** (દોષ ન થાય એવી રીતે ભિક્ષા માગવી); આદાન નિક્ષેપણા (દોષ ન થાય એવી રીતે શરીરના મલિન પદાર્થો નાખવા). **પ્રતિષ્ઠાપના** (પાપ ન લાગે એવી રીતે શરીરના મલિન પદાર્થો નાખવા). **ગુપ્તિ** એટલે રક્ષણ કરવું, આત્માને દોષ ન લાગે એટલા માટે તેનું મન, વાણી અને શરીરથી રક્ષણ કરવું. **ભાવના** એટલે મનમાં ભાવ લાવવો તે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ છે.

ઉપર જણાવવામાં આવેલાં અમુક તત્ત્વજ્ઞાનો યા માન્યતાઓ કર્મ અને પુનર્જન્મોમાં માને છે. એ આપણે જોયું. આ બધામાં એક સામ્યતા છે કે, આત્મા અનેક જન્મોમાં પરિભ્રમણ કર્યા કરે છે. આ પ્રકારની માન્યતાવાળા પંથોમાં ભૌતિક શરીરને તજયા પછી આત્માને માટે એ શરીર કશા કામનું કે સંબંધનું રહેતું નથી. જેમ સાપ કાંચળી ઉતારી મૂકે પછી સાપને એ કાંચળી સાથે કોઈ જ લેવાદેવા રહેતી નથી એમ જ.

**૮. બૌદ્ધ ધર્મ :** બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ (ઈ.પૂર્વે ૫૬૦-૪૮૦) હતા. બૌદ્ધ ધર્મ વિશેષ કરીને અજ્ઞેયવાદ તરફ ઢળતો છે. ઈશ્વર અથવા વિશ્વમાં કોઈ પરમ તત્ત્વ છે કે કેમ તે વિષે એ કશું કહેતો નથી. બૌદ્ધધર્મનું આત્મા વિષેનું, ઈશ્વર વિષેનું અને આવતી દુનિયા વિષેનું, મોક્ષ અને પુનર્જન્મ વિષેનું શિક્ષણ સ્પષ્ટ નથી. બુદ્ધના બોધકાળના શરૂના તબક્કામાં તે કર્મ અને તેથી નીપજતા પુનર્જન્મો વિષે સહમત છે; પણ પાછલા સમય પુનર્જન્મનો નકાર પણ કરે છે. આ બધાને લીધે તે સાચી રીતે અજ્ઞેયવાદ છે.

આ સંપ્રદાયના જ્ઞાનનો નિચોડ **'ચાર સત્યો'**માં આટલો જ છે કે (૧) જગતના સર્વ વાનાં દુઃખપૂર્ણ અને નાશવંત છે; (૨) જગતનાં તમામ દુઃખનું કારણ માણસની અતૃપ્ત ઇચ્છાઓ (વાસનાઓ) છે; (૩) એટલે દુઃખોથી બચવા બધી ઈચ્છાઓનો ત્યાગ કરવો; (૪) પણ માણસ જીવે છે ત્યાં સુધી તમામ ઇચ્છાઓનો ત્યાગ કરવાનું શક્ય કે વ્યવહારું ન હોવાથી તેણે સદાચારી જીવન જીવવું. ખાસ ગણાવેલા આઠ ગુણોના+ પાલનથી પૂર્ણ સદાચારી જીવન શક્ય છે.

બુદ્ધે મનોનિગ્રહ, આત્મસંયમ અને સદાચારથી મોક્ષ છે એમ શીખવ્યું છે. પણ 'મોક્ષ' એટલે શું એ વિષે સ્પષ્ટ કર્યું નથી. અસ્પષ્ટ શિક્ષણને લઈને અવારનવાર પરસ્પર વિરોધી એવી વિચારશ્રેણી બૌદ્ધ

---

+ **આઠ ગુણો :** સાચી શ્રદ્ધા, ઊંચી અભિલાષા, સત્ય વાણી, સારું કર્મ, ખરી જીવનવૃત્તિ, સારા પ્રયત્ન, સદ્‌વિચાર, અને સાચું ધ્યાન-મનન.

ધર્મના શિક્ષણમાં જોવા મળે છે. જેમ કે 'પુનર્જન્મો'ની માન્યતા ધરાવવામાં આવે છે, પણ શિક્ષણમાં વાસ્તવિક રીતે 'આત્મા' જેવા કોઈ તત્ત્વને નકારી કાઢવામાં આવ્યું છે, તો પછી પુનર્જન્મ કોણ લે છે? એ વિષે એવો ખુલાસો આપવામાં આવે છે કે બુદ્ધને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે પુનર્જન્મના સિદ્ધાંતની માથાકૂટમાંથી મુક્ત બનીને તેમણે ઊંડો સંતોષ અનુભવ્યો હતો.

બૌદ્ધ ધર્મમાં **'નિર્વાણ'** શબ્દ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, અને દરેક અનુયાયીએ નિર્વાણ પામવું એ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. પણ 'નિર્વાણ' એટલે શું એ વિષે કોઈ સ્પષ્ટ જવાબ નથી. ધર્મના પંડિતો એ વિષે જુદા જુદા અભિપ્રાયો રજૂ કરે છે. કોઈ કહે છે, નિર્વાણ એટલે ઊંચામાં ઊંચી સુખની સ્થિતિ પ્રાપ્ત કરવી, જ્યારે કોઈ એમ કહે છે કે નિર્વાણ એટલે આત્માનો સંપૂર્ણ નાશ કરવો તે. આમ 'આત્મા' જેવું કોઈ તત્ત્વ છે કે કેમ એ વિષે મતભેદ છે, અને 'આત્મા' છે તો તે અમર છે કે નાશવંત છે કે કેમ તેમ એ વિશે પણ સ્પષ્ટ નથી. બહુધા એમ માનવામાં આવે છે કે આત્મા નાશવંત છે. બીજા કેટલાક કહે છે કે નિર્વાણ સ્થિતિ એ પરમ શાંતિની નિત્યસ્થિતિ છે.

**'કર્મ'** ના સિદ્ધાંતને માન્ય રાખવામાં આવ્યો છે. કર્મના ફળથી કોઈ છૂટી શકતું નથી. પણ પ્રશ્ન એ થાય છે કે જો આત્મા જ નાશવંત છે, તો પછી કર્મભાર કોની ઉપર ચઢે છે, અને કર્મફળ કોણ ભોગવે છે?

આ બધી અસ્પષ્ટ માન્યતાઓની સાથે વ્યક્તિનો 'ન્યાય', નર્ક, ન્યાય કરનાર યમરાજ, અને એવી એવી માન્યતાઓ પણ ભેળસેળ ભરેલી છે. એક વ્યક્તિનો ન્યાય કરવામાં આવે માટે નરકના સિપાઈઓ પાપી માણસને નરકના રાજા યમની પાસે લાવ્યા. યમરાજા તેને અનેક પ્રશ્નો પૂછીને એનો ન્યાય તોળે છે, અને પછી સજા ફટકારે છે: "આ તારાં પાપી કર્મોને માટે તારાં માતાપિતા, સગાંસ્નેહીઓ અને સલાહકારો જવાબદાર નથી. તેં એકલાએ જ આ પાપો કર્યાં છે. અને તારે એકલાએ જ એનું ફળ ભોગવવું પડશે." (**'બુદ્ધ'** : ઓલ્ડનબર્ગ પૃષ્ઠ ૨૪૪-૨૪૫).

બૌદ્ધ ધર્મના આવા અસ્પષ્ટ અને ભેળસેળ તેમ જ પરસ્પર વિરોધી એવા શિક્ષણમાંથી આટલું તારવી શકાય : શરીરનું પુનરુત્થાન નથી;

આત્મા અમર નથી; માણસનો મોક્ષદાતા માણસ પોતે જ છે; અને મોક્ષ એટલે પરમ શાંતિની અવસ્થા. મૃત્યુ પછીના જીવન વિષે કંઈ જ સ્પષ્ટ નથી.

**૯. પ્લેટોનું શિક્ષણ :** ગ્રીક તત્ત્વજ્ઞાની પ્લેટોનું અને તેના શિષ્યોનું શિક્ષણ પણ ભૌતિક શરીરની અનંતતાને નકારી કાઢે છે. આત્મા અમર છે, પણ શરીર ક્ષણિક તથા નાશવંત છે. શરીરનું પુનરુત્થાન નથી એવું તેમનું શિક્ષણ હતું.

ખ્રિસ્તી મંડળીમાં કેટલાક પંથો આત્માની અમરતાને માનતા નથી. તેઓ એવું શિક્ષણ આપે છે કે મનુષ્યનો આત્મા અમર નથી. પણ આત્માની અમરતાનો સિદ્ધાંત ખ્રિસ્તી મંડળીએ પ્લેટો પાસેથી ઊછીનો લીધો. આવા ખ્રિસ્તી દુર્ભાષિત પંથો શીખવે છે કે ખ્રિસ્તનો સ્વીકાર કર્યા પછી જ આત્મા અમર બને છે, - પહેલાંથી જ તે અમર હોતો નથી. વળી જે બધા માણસો ખ્રિસ્તનો સ્વીકાર કરતા નથી તેમના આત્માઓનો સદાકાળ માટે સત્યાનાશ કે વિધ્વંસ થશે. "કેમ કે તેનો નાશ ન થાય" (યોહાન ૩:૧૬) અને એવી કલમોનો ખોટો અર્થ કરીને તેમનો આશરો લે છે. ગ્રીક ભાષામાં આ શબ્દોનો અર્થ સર્વનાશ કે સત્યાનાશ અર્થમાં નથી જ.

**૧૦. ઈસ્લામ શું કહે છે :** ઈસ્લામની માન્યતા અને કુરાનના શિક્ષણ પ્રમાણે જગતનો અંત આવશે ત્યારે, એક દિવસે મરી ગયેલાં બધાં માણસો સશરીરે એકસામટાં પુનર્જીવિત થઈ ઊઠશે. આમ, ઈસ્લામ શરીરના પુનરુત્થાનમાં માને છે. કુરાન (૩૬:૫૧) કહે છે : "વાજાં વાગશે અને તમે જોશો કે તે બધા પોતાની કબરોમાંથી પ્રભુ પાસે જશે." આ અંતનો સમય આવશે ત્યારે નીચેની બાબતો બનશે :

૧. 'ડજ્જાલ' (અથવા ખ્રિસ્તવિરોધી) પ્રગટ થશે;
૨. પૃથ્વી ઉપર ધર્મપતન થશે;
૩. તોફાનો અને યુદ્ધો થશે, અને ભ્રષ્ટતા વધી જશે; ગ્રીકો અને રોમનો સાથે યુદ્ધ થશે;

૪. સૂર્ય પશ્ચિમમાં ઊગશે.

૫. ખ્રિસ્તનું પુનરાગમન થશે. એમ માનવામાં આવે છે કે તે ડજ્જાલનો નાશ કરવા આવશે. અને તે દમસ્ક પાસેની મસ્જિદ નજદીક બપોર પછીની નમાઝને સમયે ઊતરશે. તે ફરીથી ઈસ્લામની સ્થાપના કરશે. ચાલીસ વર્ષ સુધી જીવશે, અને તે પછી મરી જશે, અને મદીનામાં તેને માટે તૈયાર રાખવામાં આવેલાં સ્થળે તેને દફનાવવામાં આવશે.

ઈસ્લામના શિક્ષણમાં બે બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. અલ્લાનો ઈન્સાફ આપવાનો દિવસ, અને અલ્લા એ એકમાત્ર ઈશ્વર છે. ન્યાયના દિવસ વિષે કુરાનમાં ૭૪:૮-૧૦; અને ૯૬:૮માં જણાવવામાં આવ્યું છે. કુરાનની ઓછામાં ઓછી ૮૫૨ આયાતો (કલમો)માં હઝરત મહંમદ પેગંબર સાહેબે જણાવ્યું છે કે ભવિષ્યમાં એક દિવસ આવનાર છે જયારે અલ્લા તમામ લોકોનો ઈન્સાફ કરશે, પાપી લોકોને શિક્ષા કરશે અને નેક આત્માઓને જન્નત (સ્વર્ગ)માં લેશે, જ્યાં તેમને જાતજાતનાં શરીર ભોગ્ય સુખો તથા આનંદો આપશે. દરેક માણસનાં સારાં તેમ જ ખરાબ કૃત્યોને એક સરસવના દાણાના વજન સુધી પણ તોળવાને માટે અદલ ત્રાજવાં રાખવામાં આવ્યાં છે.

એમ માનવામાં આવે છે કે અલ્લાએ દરેક માણસ માટે બે દૂત રાખ્યા હોય છે. એક દૂત માણસના જમણા ખભા પર બેસે છે, અને તેનાં બધાં સારાં કામની નોંધણી રાખે છે, જયારે બીજો દૂત તેના ડાબા ખભા ઉપર બેસે છે, અને તેનાં બધાં બૂરાં કામોની નોંધણી કરી લે છે.

જે જે માણસો અલ્લા ઉપર ઈમાન લાવે છે અને પાક જીવન જીવે છે તે સ્વર્ગમાં જાય છે, અને ત્યાં બધી જાતના આનંદો ભોગવે છે. કુરાનમાં ઘણીબધી આયાતોમાં જન્નતનાં સુખનાં વર્ણન આપ્યાં છે. બાગબગીચાઓ, વહેતી નદીઓ, સ્વાદિષ્ટ વાનગીઓ, આરામગૃહો, ઈત્યાદિનું વર્ણન જોવા મળે છે. કુલ ૮ સ્વર્ગ ગણાવવામાં આવ્યાં છે. અને સુખચેનની એક સો જેટલી કક્ષાઓ જણાવવામાં આવી છે. પણ દુષ્ટ

લોકો એમનાં આચરેલાં દુષ્ટ કૃત્યોને કારણે નરકમાં જશે. સાત જાતનાં નરકો ગણાવવામાં આવ્યાં છે, અથવા તો, નરકમાં સાત જુદા જુદા ભાગ છે. **જહાનમ** (મુસલમાનોની 'પર્ગેટરી'); **લજ્જા** - ખ્રિસ્તીઓ માટે અગ્નિ; **અલ-હુતમા** - યહૂદીઓ માટેનો અગ્નિ; **સઈર**-સેબિયનો માટેનું નરક; **સક્કર**-માગીઓ માટેનું નરક; **અલ-જહીમ** - મૂર્તિપૂજકો માટે પ્રચંડ વિશાળ અગ્નિ-ભઠ્ઠી; અને **હાવિય**-ઢોંગીઓ માટે અતલ અગનખાઈ.

લોકોનો ન્યાય તોળવાનાં ત્રાજવાંમાંથી અને બધી ચકાસણીઓમાંથી પસાર થયા પછી એક તદ્દન સાંકડા પુલ ('સીરાત' = રસ્તો) ઉપરથી લોકોને ચાલીને જવું પડશે (૩૭:૨૨,૨૩). મહંમદ પેગંબરે આ 'સીરાત' વિષે એવું કહ્યાનું મનાય છે કે તલવારની ધાર કરતાંયે, હા, માથાના વાળ કરતાંયે સાંકડા પુલ પરથી તેમને ચાલવું પડશે. નરકની ઉપર આ પુલ બાંધવામાં આવ્યો છે. કેટલાક નેક દિલના લોકો તો આંખના પલકારામાં આ પુલ વટાવી જશે, જ્યારે બીજા કેટલાક વીજળીના ઝબકાર જેટલા સમયમાં આ પુલ વટાવી જશે; વળી કેટલાક લોકો પાણીદાર ઘોડાની ઝડપે એને પસાર કરી દેશે. આ પુલ પરથી ચાલતાં કેટલાક મુસ્લિમો બચી જશો, જ્યારે કેટલાક પુલ પસાર કરતાં નરકમાં પડી જશે, પણ પાછળથી તેમને નરકમાંથી મુક્ત કરવામાં આવશે. મૂર્તિપૂજકો તો નરકમાં પડી જશે અને સદાકાળ નરકમાં જ રહેશે.

જન્નત અને જહાનમ (સ્વર્ગ અને નર્ક)ની વચ્ચે એક દીવાલ (**અલ અ'રાફ**) રાખવામાં આવી છે. ન્યાય તોળતાં અમુક લોકોએ ન્યાયકાળ પછીની જિંદગી ક્યાં ગાળવી તે નક્કી નહિ થાય તો એવા લોકોને સ્વર્ગ અને નરકની વચ્ચે આવેલી આ દીવાલ ઉપર બેસવું પડશે. તેઓ સ્વર્ગ તરફ નજર કરશે, પણ તેમને સ્વર્ગમાં લેવામાં આવશે નહિ; તેઓ નરક તરફ પણ નજર કરશે, અને વિનંતી કરશે કે તેમને નરકમાં નાખવામાં આવે નહિ. (કુરાન ૭:૪૪-૪૬).

પણ આ અદલ ઈન્સાફની સામે અલ્લા વિષેનો બીજો એક સિદ્ધાંત આવીને ઊભો રહે છે. એ છે **કિસ્મતવાદ.** કુરાનનું શિક્ષણ એવું છે કે અલ્લાએ અગાઉથી જ બધું નિર્માણ કરી રાખ્યું હોય છે. માનવીઓના જીવનમાં, પશુપંખીઓના જીવનમાં અને ભૌતિક દુનિયાની જડ તેમ જ ચેતન વસ્તુઓમાં બનતી બધી જ ક્રિયાઓ અને પ્રક્રિયાઓ, તેમ જ કૃત્યો, કારણો અને પરિણામો અગાઉથી જ અલ્લાએ ઠરાવી રાખ્યાં છે.

"અલ્લાની રજા વિના કોઈપણ માણસ મરતો નથી, અને પહેલેથી જ અમુક સમયે મરણ થશે એમ નક્કી થઈ ગયેલું હોય છે." (કુરાન ૩:૧૩૯). "ઈશ્વરે આપણે માટે જે લખ્યું છે તે સિવાય બીજું કશું પણ આપણા વિષે થવાનું નથી" (૯:૫૧). "તમે (મુસ્લિમોએ) માર્યા નથી, પણ અલ્લાએ તેમને માર્યા છે; તમે જ્યારે ગોળીથી માર્યો ત્યારે તમે તેને ગોળીબાર કર્યો નથી, પણ અલ્લાએ ગોળીબાર કર્યો છે." (કુરાન ૮:૧૭).

ભલું કે ભૂંડું જે સર્વ બની રહ્યું છે, અને હવે પછી બનશે એ બધું જ અલ્લાએ અનંતકાળથી નિર્માણ કરી રાખ્યું છે. આમ આખરે તો પાપ કે પુણ્ય કર્યાની જવાબદારી માણસની રહેતી નથી. પણ એ જવાબદારી અલ્લાની ઠરે છે, કારણ, અલ્લાએ અગાઉથી એમ જ ઠરાવ્યું છે, તો **'અદલ ઈન્સાફ'** એ અદલ ઈન્સાફ કહેવાય ખરો?

**૧૧. ઓમર ખય્યામની રુબાયતો :** ખોરાસાન દેશનો કવિ અને ફિલસૂફ ઓમર ખય્યામ અગિયારમી સદીના પાછલા ભાગમાં થઈ ગયો. તે નૈરાશ્યવાદી ફિલસૂફ હતો. એની ફિલસૂફી ગ્રીક એપિક્યુરી ફિલસૂફી જેવી અમુક અંશે છે : "ખા, પી, અને આનંદ કર; કારણ, કાલે આપણે મરી જવાના છીએ." ખય્યામનું તત્ત્વજ્ઞાન એની રુબાયતોમાં સ્પષ્ટ જોવા મળે છે. **'ઓમર ખય્યામની રુબાયતો'** ની અંગ્રેજીમાં અનેક આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે. અંગ્રેજીમાં એનો સૌથી ઉત્તમ અને ખૂબ પ્રચલિત તરજુમો એડવર્ડ ફીઝગેરલ્ડે કર્યો છે. એની ૧૦૧ રુબાયતોમાંથી આપણા આ પુસ્તકમાં માત્ર ૧૩ રુબાયતો, એની ફિલસૂફી જોવા લીધી છે. 'રુબાયતો' (**अरबी** : રુબાઈ) એ કાવ્યનો એક પ્રકાર છે. અરબી, ફારસી કે ઉર્દૂ ચોપાઈને **રુબાયત** કહે છે.

ઓમર ખય્યામ પુનરુત્થાન, એટલે કે મૃત્યુમાંથી સજીવન થઈ ઊઠવાની વાતને નકારી કાઢે છે, - અથવા શંકાની દ્રષ્ટિએ જુએ છે. મૃત્યુ પછીના જીવન વિષેની એની માન્યતા અજ્ઞેયવાદી જેવી લાગે ખરી. એની રુબાયતો હવે જોઈએ :

XXXII

There was the Door to which I found no Key;
There was the Veil through which I might not see;
Some little talk a while of Me and Thee
There was - and then no more of Thee and Me.

(મૃત્યુનું) દ્વાર છે જેની ચાવી કોઈની પાસે નથી, અને તેની પેલી પાર શું છે તે કોઈ જાણી કે જોઈ શકતું નથી. તારી અને મારી વચ્ચે જરાતરા વાતચીત થઈ - ન થઈ; અને એ પછી એ વાત સદાકાળ માટે બંધ પડી!

III

And, as the Cock crew, those who stood before
The Tavern shouted - "Open then the Door!
"You know how little while we have to stay,
And, once departed, may return no more."

મરઘો બોલ્યો, જિંદગીના (જામને) દરવાજે ઊભેલાઓએ બૂમો મારી, "ખોલો, દરવાજો ખોલો, અહીં આપણે ક્યાં સુધી રહેવાનું છે તે કોઈ જાણતું નથી. અને એક વખત આપણે અહીંથી ચાલ્યા ગયા પછી કદીયે અહીં પાછા આવી શકીશું કે નહિ એ કોણ જાણે!"

XXV

Alike for those who for To-day prepare,
And those that after some To-morrow stare,
A Muezzin from the Tower of Darkness cries,
"Fools! your Reward is neither Here nor There."

અંધકારના બૂરજેથી બાંગી બાંગ પોકારે છે : "રે મૂર્ખાઓ, જીવનનાં ભલાંબૂરાં કામોનો બદલો અહીંયે નથી તેમ જ તહીંયે નથી (ન્યાયકાળ છે જ નહિ)."

XXXV

Then to the Lip of this poor earthen Urn
I lean'd the Secret of my Life to learn.
And Lip to Lip it murmur'd- "While you live,
"Drink! - for, once dead, you never shall return."

અભાગી કૂજાના હોઠોએ મારા હોઠ લગાડીને હું પીતો હતો, ત્યારે હોઠો પાસેથી હોઠોએ મારા જીવનનું રહસ્ય મેં જાણ્યું કે, "તું જીવે છે ત્યાં સુધી જીવનરસ માણ્યા કર. એક વખત મર્યા પછી તું કદીયે પાછો આવવાનો નથી."

LXIII

Of threats of Hell and Hopes of Paradise !
One thing at least is certain - *This Life flies;*
One thing is certain and the rest is Lies;
The Flower that once has blown for ever dies.

નરકની ડરામણી બૂમો અને સ્વર્ગની છેતરામણી આશાઓ! એક જ વાત સાચી લાગે છે કે આ જીવન જ સાચું છે, અને એ ઊડી જવાનું છે; બીજી બધી વાતો જૂઠી. એક પળે ખીલેલું ફૂલ સદાને માટે મરી જશે (ચીમળાઈ જશે).

LXV

The Revelations of Devout and Learn'd
Who rose before us, and as Prophets burn'd,
Are all but Stories, which, a woke from Sleep
They told their comrades, and to Sleep return'd.

પ્રકટીકરણો, પંડિતોની પોથીઓ, અને પેગંબરોના પોકાર,- એ બધાં નીદમાંથી ઝબકીને કહેલી કહાણીઓ છે. તેઓ પાછા ચિરનીંદ (મૃત્યુ)માં પોઢી ગયા છે.

LXIX

But helpless Pieces of the Game He plays
Upon this Chequer-board of Nights and Days;
Hither and thither moves, and checkes, and slays,
And one by one back in the Closet lays.

માણસો શેતરંજનાં નિઃસહાય પ્યાદાં છે. દિન અને રાતનાં કાળાંધોળાં ખાનાવાળા શેતરંજ ઉપર ખેલાડી ખેલી રહ્યો છે; અહીં અને તહીં પ્યાદાંના જરાતરા ફેરફાર પછી ખેલાડી એક પછી એક તેમને મહાત કરી થેલીમાં પાછાં ભંડારી દે છે.

LXXII

And that inverted Bowl they call the Sky,
Whereunder crawling coop'd we live and die.
Lift not your hands to *It* for help - for It
As impotently moves as you or I.

ઊંધા વાળેલા પ્યાલા સમ આસમાન સામે બૂમો ના પાડતો, અને તારા હાથ ના જોડતો; કંઈ વળશે નહિ. કારણ, એ આપણી જ જેમ નિઃસહાય છે.

LXXIV

Yesterday *This* Day's Madness did prepare;
To-morrow's Silence, Triumph, or Despair :
Drink! for you know not whence you came, nor why:
Drink! for you know not why you go nor where.

આજનું ગાંડપણ, અને આવતી કાલની ચૂપકીદી કે વિજય કે નિરાશા - એ બધું જ ઊભું કરનાર ગઈ કાલ હતી. જિંદગીનો આયોજક કોઈ જ નથી. રે જીવ, જીવનજામ પી લે, કેમ કે તું ક્યાંથી અને કેમ આવ્યો તે તું જાણતો નથી. તારી જે જિંદગી છે તેમાં જીવનજામ બરાબર પી લે, કારણ, તું ક્યાં, કેમ, અને ક્યારે જવાનો છે તેય તું જાણતો નથી.

LXXIX

What ! from his helpless Creature be repaid
Pure Gold for what he lent him dross-allay'd -
Sue for a Debt he never did contract,
And cannot answer - Oh the sorry trade !

આવું તે હોય? પોતાના અસહાય પ્રાણીને કીટો અને કચરો બક્ષીને, એની પાસેથી વળતરમાં નરદમ સોનું માગશે? જે દેવા માટે નિઃસહાય

પ્રાણીએ કરાર પણ કર્યો નથી એવા દેવા માટે તે સજા ફટકારશે? અને માણસ કંઈ બોલી શકેય નહિ?

LXXX

Oh Thou, who didst with pitfall and with gin
Beset the Road I was to wander in,
Thou wilt not with Predestined Evil round
Enmesh and then impute my Fall to Sin!

રે! તું જે હોય તે! તેં જ મારે ચાલવાનો માર્ગ તૈયાર કર્યો અને અગાઉથી તેમાં ફાંદા અને ઠોકર પણ મૂક્યાં! વળી, તેં જ પૂર્વ નિર્મિત ભૂંડાઈ મારી સામે ઠરાવી આપી છે! અને હવે શું તું મારા પતનનો દોષ મારા પાપ પર ઢોળે છે?

LXXXI.

Oh Thou, who Man of baser-Earth didst make,
And ev'n with Paradise devise the Snake:
For all the Sin wherewith the Face of Man
Is blacken'd - Man's forgiveness give - and take!

તેં માણસને નબળી માટીમાંથી બનાવ્યો. અને પારાદૈસમાં★ સાપને યોજ્યો ! માટે માણસનું મોં આજ સુધી જે બધાં પાપોથી ખરડાતું રહ્યું છે તે માટે તું પોતે માણસની માફી માગ, અને સામેથી માફી બક્ષ.

XXXIII

Then to the rolling Heav'n itself I cried,
Asking, "What Lamp had Destiny to guide
Her little Children stumbling in the Dark?"
And - "A blind understanding!" Heav'n replied

પછી તો મેં ચકળવકળ ઘૂમતા આકાશને પોકારીને પૂછ્યું : "અંધકારમાં અટવાતાં તારાં સંતાનોને દોરવા ભાવિના હાથમાં કોઈ દીવો તેં આપ્યો છે કે કેમ?" આકાશે ઉત્તર વાળ્યો 'આંધળી સમજ.'

---

★ પર્શિયન શબ્દ પારાદૈસનો અર્થ 'બાગ' થાય છે.

## II બાઈબલ પ્રમાણે પુનરુત્થાનના પ્રકાર :

બાઈબલમાં જુદા જુદા પ્રકારનાં પુનરુત્થાનો જણાવેલાં છે. એ બધાં સંબંધી આપણે એક પછી એક જોઈ લઈએ :

**૧. રાષ્ટ્રીય પુનરુત્થાન :** યહૂદી પ્રજા અથવા ઇઝરાયલ લોકોના રાષ્ટ્રીય જીવન વિષે આ 'પુનરુત્થાન' જણાવવામાં આવ્યું છે. છેલ્લાં બે હજાર વર્ષથી યહૂદી પ્રજા એક રાષ્ટ્ર તરીકે મરી ગઈ હોય, અને અન્ય પ્રજાઓરૂપી કબરોમાં તેઓ દટાઈ ગયા હોય એવું ચિત્ર આપવામાં આવ્યું છે. હોશિયા ૬:૧-૨માં આ વિષે આવું લખેલું છે :

> "[તેઓ એટલે કે યહૂદીઓ કહેશે કે,] ચાલો, આપણે યહોવાની પાસે પાછા જઈએ; કેમ કે તેણે ચીરી નાખ્યાં છે, ને તે જ આપણને સજા કરશે; તેણે જખમ કર્યો છે, ને તે આપણને પાટો બાંધશે. બે દિવસ પછી તે આપણને સચેત કરશે; ત્રીજે દિવસે તે આપણને ઉઠાડશે, ને આપણે તેની આગળ જીવીશું."

વળી, ઈશ્વર ઇઝરાયલ પ્રજાને જુદા જુદા દેશોરૂપી કબરોમાંથી કાઢી લાવશે અને ઇઝરાયલના મુલકમાં પાછા વસાવશે એ વિષેનું સુંદર ભવિષ્યવચન હઝકીએલ ૩૭:૧૧-૧૪માં કેવી સુંદર રીતે આપવામાં આવ્યું છે! ત્યાં લખ્યું છે :

> "ત્યારે તેણે મને કહ્યું, હે મનુષ્યપુત્ર, આ હાડકાં તે ઇઝરાયલનું આખું કુળ છે; જો, તેઓ (ઇઝરાયલ પ્રજા) કહે છે કે, અમારાં હાડકાં સુકાઈ ગયાં છે, અમારી આશા નાશ પામી છે; અમે તદ્દન નાબૂદ થઈ ગયા છીએ. એ માટે પ્રબોધ કરીને તેમને કહે, પ્રભુ યહોવા કહે છે કે, હે મારા લોક, જુઓ, હું તમારી કબરો ઉઘાડીશ, ને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ; અને હું તમને ઇઝરાયલના દેશમાં પાછા લાવીશ. હે મારા લોક, હું તમારી કબરો ઉઘાડીને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ, ત્યારે તમે જાણશો કે હું યહોવા છું. વળી, હું મારો આત્મા તમારામાં મૂકીશ, એટલે તમે જીવતા થશો, ને હું તમને તમારા પોતાના દેશમાં રાખીશ..."

આજથી લગભગ ૨૬૦૦ વર્ષ અગાઉ લખાયેલું ઉપરોક્ત ભવિષ્યવચન કેવું સાચું પડવા લાગ્યું છે! બે હજાર વર્ષોથી ઇઝરાયલ પ્રજા પોતાના વતનની બહાર દુનિયાના ૧૦૪ જેટલા દેશોમાં ભટકતી રહી છે. પણ હવે આ છેલ્લા સમયોમાં પ્રભુ તેમને ઇઝરાયલના દેશમાં ફરી પાછા લાવ્યો છે. ઈ.સ. ૧૯૪૮ ના મેની ૧૪મીએ તેમના રાજય (ઇઝરાયલ રાજય)ની સ્થાપના થઈ છે. આ એમનું રાષ્ટ્રીય પુનરુત્થાન છે. હઝકીએલ ૩૭ મા અધ્યાયની ૧-૧૪ કલમોમાં આપ્યું છે તેમ ઇઝરાયલ પ્રજા સૂકાં હાડકાંસમી છે, અને અનેક દેશોમાં સૂકાં હાડકાં જેમ આ પ્રજા વિખેરાઈ ગઈ છે. આ બધા દેશો એમની કબરોસમા છે. પણ જેમ ખીણમાંના હાડકાં જોડાઈ ગયાં અને ઉપર માંસ આવ્યું છે, અને ચામડી પણ આવી છે, એમ ઇઝરાયલ લોકો એક રાષ્ટ્ર બન્યા છે. પણ ૩૭:૧૪ પ્રમાણે હજી તેમનામાં ઈશ્વરનો આત્મા મૂકાયો નથી, એટલે કે ખ્રિસ્તને ઓળખીને, તેને અપનાવીને, પ્રભુ ઈસુમાં 'જીવ' બન્યા નથી.

કોઈ માણસની દફનક્રિયા સમયે સામે પડેલી શબપેટીમાં તેનું શબ મૂકવામાં આવ્યું હોય છે. એ શબમાં હાડકાં વ્યવસ્થિત જોડાયેલાં છે, ઉપર માંસ પણ છે, અને તેની ઉપર ચામડીરૂપી બંધન પણ છે, છતાં એ મૃત શરીર છે, શબ છે, અને લાંબો સમય એમ રાખી શકીએ નહિ. એ દુર્ગંધ મારે, સડો ફેલાવે, અને આસપાસના વાતાવરણને કલુષિત કરે. એમ, અત્યારની યહૂદીઓ (ઇઝરાયલીઓ)ની હાડકાં-માંસ-ચામડીવાળી સ્થિતિમાં તેઓ કાયમ રહે એ દુનિયાની પ્રજાઓને માટે સારું નથી. પણ હવે ટૂંક મુદતમાં પ્રભુ પોતે પોતાનો આત્મા તેમનામાં મૂકશે અને તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તની જીવંત પ્રજા બનશે. પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી પર ઊતરશે તે (પ્રાગટ્ય) સમયે એ પ્રમાણે બનશે. જુઓ ઝખાર્યા ૧૨:૯-૧૧. હઝકીએલ ૩૬:૨૪-૩૦ માં એ વિષે આ પ્રમાણે ભવિષ્યવચન છે :

"કેમ કે હું તમને (અન્ય) પ્રજાઓમાંથી બહાર કાઢીને તથા સર્વ દેશોમાંથી ભેગા કરીને, તમને તમારા પોતાના દેશમાં લાવીશ. હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ ને તમે શુદ્ધ થશો; તમારી સર્વ

મલિનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી હું તમને શુદ્ધ કરીશ. હું તમને નવું હ્રદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ; અને હું તમારા દેહમાંથી પાષાણમય હ્રદય દૂર કરીશ, ને હું તમને માંસનું હ્રદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ. ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો. જે દેશ મેં તમારા પૂર્વજોને આપ્યો હતો તેમાં તમે વસશો; તમે મારી પ્રજા થશો, ને હું તમારો દેવ થઈશ. હું તમને તમારી સર્વ મલિનતામાંથી મુક્ત કરીશ; હું અનાજને આજ્ઞા કરીને બોલાવીશ, ને તેને વધારીશ, ને તમારા ઉપર દુકાળ નહિ પાડું. હું તમારાં વૃક્ષોનાં ફળ તથા ખેતરની ઊપજ એવી રીતે વધારી દઈશ કે ફરીથી કદી પણ પ્રજાઓમાં દુકાળ વિષે મહેણું મારવામાં આવશે નહિ."

વળી એવું જ ભવિષ્યવચન યિર્મેયા ૩૧:૩૩-૩૪ માં પણ આપવામાં આવ્યું છે. અને એ આ પ્રમાણે છે :

"પણ યહોવા કહે છે, હવે પછી જે કરાર હું ઇઝરાયલના વંશજોની સાથે કરીશ, તે આ છે : હું મારો નિયમ તેઓનાં હ્રદયમાં મૂકીશ, તેઓના હ્રદયપટ પર તે લખીશ; હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે. વળી, યહોવાને ઓળખો, એમ કહીને તેઓ હવે પછી દરેક પોતાના પડોશીને, તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ; કેમ કે નાનાથી તે મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે; હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવા કહે છે."

**૨. આત્મિક પુનરુત્થાન, અથવા આત્મિક રીતે સજીવન બનવું :** (નવો જન્મ) : સૌ કોઈ માણસ પાપને કારણે આત્મિક જીવનમાં મૂએલાં સમાન છે. બાઇબલ કહે છે : "તમે અપરાધોમાં તથા પાપોમાં મૂએલા હતા, ત્યારે (તેણે તમને સજીવન કર્યા)." વળી, એફેસી ૫:૧૪

પણ એ જ વાત કહે છે : "માટે કહેલું છે કે, ઊંઘનાર, જાગ, ને મૂએલાંમાંથી ઊઠ, ને ખ્રિસ્ત તારા પર પ્રકાશ પાડશે." વળી જુઓ, રોમન ૬:૧૧-૧૩ : "તેમ તમે પણ પોતાને પાપના સંબંધમાં જીવતા, ગણો... વળી, તમારા અવયવોને અન્યાયનાં હથિયાર થવા સારુ પાપને ન સોંપો; પણ મૂએલાંમાંથી સજીવન થયેલા એવા તમે પોતાને દેવને સોંપો;" વળી, ૧ લો પિત્તર ૨:૨૪ માં પણ લખવામાં આવ્યું છે કે, "... જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી **જીવીએ.**"

આ **વર્તમાનકાળનું 'પુનરુત્થાન'** છે જ્યારે જ્યારે કોઈ માણસ 'નવો જન્મ' પામે છે, ખ્રિસ્તનો સ્વીકાર કરે છે અને પાપની માફી પામે છે, ત્યારે ત્યારે તે માણસ મરણમાંથી પુનરુત્થાન પામીને જીવનમાં પ્રવેશે છે. યોહાન ૫:૨૪માં એ વિષે આમ લખ્યું છે : "....જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; તે અપરાધી નહિ ઠરશે, પણ **મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે.**" એ વ્યક્તિ માટે આ આત્મિક પુનરુત્થાન છે, અને આ આત્મિક પુનરુત્થાન વણથંભ્યું સતત ચાલુ જ રહેશે.

## ૩. શરીરનું પુનરુત્થાન.

## ૪. મૃત્યુ પછી આત્મા ક્યાં જાય છે ?

**क.** આ પુનરુત્થાન માણસના મૃત્યુ પામેલા શરીરનું છે. માણસનો આત્મા તો કદી મરતો નથી. આત્મા અમર છે. જ્યારે માણસનું મૃત્યુ થયું એમ આપણે કહીએ છીએ ત્યારે એ એના શરીરના મૃત્યુ વિષે આપણે બોલીએ છીએ. એ દેહ મૃત્યુ પામે છે, અને એને આપણે ભૂમિમાં દફનાવીએ છીએ (અથવા અન્ય લોકો એ મૃતદેહને બાળે છે). પણ એનો આત્મા અમર છે, અને માણસના મૃત્યુ સમયે આ આત્મા ઈશ્વરની પાસે પાછો જાય છે. સભાશિક્ષક ૧૨:૭માં આ પ્રમાણે લખેલું છે : "અને જેવી અગાઉ ધૂળ હતી તેવી જ પાછી ધૂળ થઈ જશે, અને દેવે જે આત્મા આપ્યો તે તેની પાસે પાછો જશે."

**ख. ભ્રામક માન્યતા :** કેટલાક ખ્રિસ્તીજનો ગેરસમજૂતીને કારણે ભ્રામક માન્યતા ધરાવતા હોય છે. તેઓ એમ માને છે કે ઉદ્ધાર પામેલા લોકોનો આત્મા ઈશ્વરની પાસે જાય છે, પણ ઈશ્વરનો સ્વીકાર ન કરનાર તથા પાપીઓના આત્મા, મૃત્યુ સમયે શેતાનના હવાલામાં જાય છે. બાઈબલ શિક્ષણ પ્રમાણે આ માન્યતા ખરી નથી. કવિ મિલ્ટનના મહાકાવ્ય **'પેરેડાઈઝ લૉસ્ટ'**માં શેતાન જાણે નર્કનો રાજા છે એવું દર્શાવવામાં આવ્યું છે. પણ એ ખરું નથી. સ્વર્ગ અને નર્ક ઈશ્વરના હાથમાં છે. ઈશ્વર આખરે શેતાનને અને એના અપદૂતોને નર્કના અનંતકાળના અગ્નિમાં નાખી દેવાનો છે. "તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જૂઠો પ્રબોધક છે, ત્યાં નાખી દેવામાં આવ્યો; ત્યાં તેઓ રાતદહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે" (પ્રકટીકરણ ૨૦:૧૦). એમ, શેતાન નર્કનો રાજા નથી, અને મૃત્યુ સમયે પાપીજનોના આત્મા શેતાનના હવાલામાં જતા નથી, પણ આપણે સભાશિક્ષક ૧૨:૭માં જોયું તેમ પ્રભુની પાસે પાછા જાય છે.

હવે, આ આત્માઓ પ્રભુની પાસે જાય છે ખરા, પણ એ **મૃત્યુલોક**ના બે ભાગ છે : એક ભાગ **'પારાદૈસ'** કે **'આબ્રાહમ પિતાની ગોદ'** તરીકે ઓળખાય છે. અને એમાં પ્રભુ પર વિશ્વાસ કરનારાં લોકોના આત્મા જાય છે. અને બીજો ભાગ **'હાડેસ'** તરીકે ઓળખાય છે, જ્યાં ઈશ્વરને ભૂલનારાં પાપી લોકોના આત્મા જાય છે. એને 'શેઓલ' (હિબ્રૂ) તરીકે પણ ઓળખવામાં આવે છે. ન્યાયકાળે તેઓનો ન્યાય થાય અને તેમને તેમનાં શરીરો સહિત નર્કાગ્નિમાં અનંતકાળ માટે નાખી દેવામાં આવે ત્યાં સુધી તેઓ 'હાડેસ' ('શેઓલ')માં પીડા ભોગવે છે. અને ઈશ્વર પર વિશ્વાસ કરનારાંના આત્મા, ઉપર જોયું તેમ, પારાદૈસ (આબ્રાહમ પિતાની ગોદ)માં આનંદ ભોગવે છે. પુનરુત્થાન સમયે તેઓનાં શરીરો ઊઠશે અને મહિમાવંત રૂપમાં ફેરવાઈ જશે, અને તેઓ પ્રભુના આનંદમાં સર્વકાળ રહેશે. આ બંને વચ્ચે, એટલે કે 'પારાદૈસ' અને 'હાડેસ' વચ્ચે મોટી ખાઈ આવેલી છે, અને બંને બાજુમાંથી કોઈપણ સ્થળાંતર કરી શકતું નથી.

ઉપર દર્શાવેલો મુદ્દો સમજવા વાંચો લૂક ૧૬:૨૨-૩૧માં આપેલું પ્રભુ ઈસુનું દ્રષ્ટાંત :

"તે ભિખારી મરી ગયો ત્યારે દૂતો તેને આબ્રાહમની ગોદમાં લઈ ગયા; શ્રીમંત પણ મરી ગયો, અને તેને દાટવામાં આવ્યો. **હાડેસમાં પીડા ભોગવતાં** તેણે પોતાની આંખો ઊંચી કરીને વેગળેથી આબ્રાહમને તથા તેની ગોદમાં બેઠેલા લાજરસને જોયા. તેણે (ધનવાને) ઘાંટો પાડીને કહ્યું કે, આબ્રાહમ પિતા, મારા પર દયા કરીને લાજરસને મોકલ, કે તે પોતાની આંગળીનું ટેરવું પાણીમાં બોળીને મારી જીભને ઠંડી કરે; કેમ કે **આ બળતામાં હું વેદના પામું છું.** પણ આબ્રાહમે તેને કહ્યું, દીકરા, તારા જીવનમાં તું તારાં સારાં વાનાં પામ્યો હતો, અને લાજરસ તો ભૂંડા વાનાં (પામ્યો હતો) તે સંભાર; પણ હમણાં **અહીં તે દિલાસો પામે છે, અને તું વેદના પામે છે.** એ સર્વ ઉપરાંત, અમારી તથા તમારી વચમાં એક મોટી ખાઈ આવેલી છે, તેથી જેઓ અહીંથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, અને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર પણ આવી શકે નહિ. તેણે કહ્યું કે, પિતા, હું તમને વિનંતી કરું છું કે, તેને મારા પિતાને ઘેર મોકલ; કેમ કે મારે પાંચ ભાઈઓ છે, કે તે તેઓને શાહેદી આપે, **રખેને તેઓ પણ આ પીડાને ઠેકાણે આવી પડે.** પણ આબ્રાહમ કહે છે કે, તેઓની પાસે મૂસા (નિયમશાસ્ત્ર) તથા પ્રબોધકો (પ્રબોધકોએ લખેલાં પુસ્તકો) છે; તેઓનું તેઓ સાંભળે. તેણે કહ્યું કે આબ્રાહમ પિતા, એમ નહિ; પણ જો કોઈ મૂએલાંમાંથી (ઊઠીને) તેઓની પાસે જાય, તો તેઓ પસ્તાવો કરે. તેણે (આબ્રાહમે) તેને (ધનવાનને) કહ્યું કે, જો મૂસા તથા પ્રબોધકોનું તેઓ નહિ સાંભળે, તો જો મૂએલાંમાંથી કોઈ ઊઠે, તોપણ તેઓ માનવાના નથી."

પ્રભુ ઈસુએ પોતે કહેલી આ વાતમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે દુષ્ટોના આત્મા મૃત્યુ પછી હાડેસમાં પીડા ભોગવે છે, અને વિશ્વાસીઓના આત્મા 'આબ્રાહમની ગોદ' (એટલે કે 'પારાદૈસ')માં અનંત આનંદમાં વસે છે.

**ગ.** પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા એ પછી 'પારાદૈસ'માં ગયા, અને ત્યાં જઈને ત્યાં રહેતા વિશ્વાસીઓના આત્માઓને **'જાહેરાત'** કરી. આ **જાહેરાત** એવી હતી કે, હે વિશ્વાસીજનો, તમે અત્યાર સુધી મૃત્યુના બંદીવાનો હતા. પણ મેં હવે મૃત્યુને જીત્યું છે, અને ક્રૂસ ઉપર મારું શરીર ભાંગીને તેમ જ મારું લોહી વહેવડાવીને તમારી મુક્તિનું મૂલ્ય ચૂકવ્યું છે. હવેથી તમે મૃત્યુના બંદીવાનો નથી; મેં તમને મૂલ્ય આપીને છોડાવી લીધા છે, એમ જાહેરાત યા ખુશખબર જણાવીને પ્રભુ ઈસુ પારાદૈસને અને તેમાં રહેલા આત્માઓને ઉપર પોતાના ત્રીજા આસમાનમાં લઈ ગયા.

અત્યાર સુધી હાડેસના પીડાસ્થાનની જોડાજોડ આ પારાદૈસ હતું, અને એ આખો વિસ્તાર 'મૃત્યુલોક' હતો. પારાદૈસ અને હાડેસના પીડાસ્થાન વચ્ચે મોટી ખાઈ આવેલી હતી. પણ હવે પ્રભુ ઈસુ પારાદૈસને અહીંથી ઉપાડીને પોતાના પરમધામમાં એટલે કે ત્રીજા આસમાનમાં લઈ ગયા. ૧ પિત્તર ૩:૧૯માં લખ્યું છે : "તે (આત્મા)માં પણ તેણે (પ્રભુ ઈસુએ) જઈને બંદીખાનામાં પડેલા આત્માઓને ઉપદેશ કર્યો." ઉપર આપણે જોઈ એ જ વાત વિષે આ કલમમાં લખવામાં આવ્યું છે. આપણાં "વિશ્વાસનામા"માં એક વાક્ય છે કે, "તે 'અધઃસ્થાન' (અથવા 'ઊંડાણ' અથવા અદ્રશ્યલોક)માં ઊતર્યો," એનો અર્થ એ જ છે.

ગુજરાતી બાઇબલમાં આ કલમ (૧ પિત્તર ૩:૧૯)માં "બંદીખાનામાં પડેલા આત્માઓને **ઉપદેશ** કર્યો," એમ તરજુમો કર્યો છે, પણ એ તરજુમો બરાબર નથી. ત્યાં **'ઉપદેશ'** શબ્દ નહિ, પણ 'જાહેરાત' કરી, કે **'શુભસંદેશ'** કે **'સારા સમાચાર'** જણાવ્યા : "મેં તમારી મુક્તિનું મૂલ્ય ચૂકવ્યું છે, અને હવેથી તમે મૃત્યુના બંદીજનો નથી, પણ મુક્તિ પામેલા મુક્તજનો છો." મૂળ ગ્રીક ભાષામાં નવા કરારમાં 'ઉપદેશ' માટે પાંચ શબ્દો છે. પણ ૧ પિત્તર ૩:૧૯ માં વપરાયેલા **'કેરુઝો'** શબ્દનો અર્થ જાહેર કરવું કે ઢંઢેરો પિટાવવો થાય છે. વળી, એફેસી ૪:૮-૯માં આપ્યું છે કે, "ઊંચાણમાં ચઢીને તે બંદીવાનોને લઈ ગયો," એટલે પારાદૈસ અને

તેમાં વસતા વિશ્વાસીઓના આત્માઓને તે (પ્રભુ ઈસુ) ઉપર ત્રીજા આસમાનમાં લઈ ગયો (એ વાત વધારે સ્પષ્ટ કરવા જુઓ લેખકનું પુસ્તકઃ **બાઈબલ અભ્યાસ,** ભાગ ૧ લો, પૃષ્ઠ ૬૩-૬૪.)

**ઘ. મરી ગયેલાં :** આ પ્રસંગે બીજું એક સ્પષ્ટીકરણ પણ કરી લઈએ. મરી ગયેલા કોઈપણ માણસનો આત્મા પૃથ્વી પર ભટકતો હોતો નથી કે, પ્રભુ પાસે ગયા પછી પાછો આવતો નથી.

(i-ii) અવગતિયા આત્માઓ પૃથ્વી ઉપર કે અધ્ધર અવકાશમાં ભમ્યા કરે છે, એવી માન્યતા એ હિંદુ કે અન્યધર્મી માન્યતા છે. બાઈબલનું શિક્ષણ તો બહુ સ્પષ્ટ છે કે, મરનાર પ્રત્યેક માણસનો આત્મા પ્રભુ પાસે પાછો જાય છે (સભાશિક્ષક ૧૨:૭), - વિશ્વાસીજનનો આત્મા પારાદૈસમાં, અને પાપીનો આત્મા હાડેસમાં. મરેલા માણસનો આત્મા 'ભૂત' થઈને માણસોને વળગે છે કે રંજાડે છે, એ માન્યતા પણ બાઈબલ વિરુદ્ધની છે. 'ભૂત' એટલે 'ભૂતકાળમાં હતું તે.' પણ આપણે ઉપર જોઈ ગયા તેમ સર્વ મૃત્યુ પામેલાંના આત્માઓ પ્રભુ પાસે જાય છે : - કાં તો પારાદૈસમાં, કાં તો હાડેસમાં. પણ કોઈનો પણ આત્મા 'અવગતિયો' બનીને કે 'ભૂત' બનીને પૃથ્વી પર ફરતો નથી.

બાઈબલમાં વાપરેલો **'ભૂત'** શબ્દ એ સાચો તરજુમો નથી. મૂળ ગ્રીક ભાષામાં 'દીમન' શબ્દ વાપર્યો છે, જેનો અર્થ લગભગ 'શેતાન' અથવા 'અશુદ્ધ આત્મા' અથવા 'દુષ્ટાત્મા' થાય છે. ગ્રીકમાં બીજો પણ શબ્દ નવા કરારમાં વપરાયો છે : 'આકાયાર્તોન ન્યુમા' એટલે કે 'અશુદ્ધ આત્મા' (માથ્થી ૧૨:૪૩). પણ એમાંના કોઈપણ શબ્દનો અર્થ 'ભૂત' થઈ શકે જ નહિ. (વધુ સમજ માટે જુઓ લેખકનું પુસ્તક : **બાઈબલ અભ્યાસ,** ભાગ ૨જો, પૃષ્ઠ ૪૫-૫૨).

હવે આપણે આપણા મૂળ વિષય પર પાછા આવીએ, એટલે કે શરીરના પુનરુત્થાન વિષે વિચારીએ.

## III પુનરુત્થાન વિષે જૂના કરારમાં શિક્ષણ :

મૃત્યુ પછી કોઈક પ્રકારનું જીવન છે, એ વિષય સંબંધી ઇતિહાસ, ઊતરી આવેલી વાતો અને માન્યતાઓ, પુરાવિદ્યા, અને ફિલસૂફીઓના તર્કવિતર્કો ઉપરથી કંઈક ઝાંખી થાય છે. પણ મત્યુ પછીના જીવન વિષે અધિકારયુક્ત અને સાચું શિક્ષણ આપણને બાઇબલમાંથી જ મળી શકે. કારણ, બાઇબલ જ ઈશ્વરપ્રેરિત વચન છે, અને એ દ્વારા ઈશ્વર જાતે ઉપર જેવા ગૂઢ વિષયો સંબંધી ખરું તત્ત્વજ્ઞાન પમાડે છે. એટલે જ મૃત્યુ પછીના જીવન વિષે જાણવા આપણે બાઇબલમાં જ જોવું પડે. બાઇબલમાં માનવી તર્કવિતર્કો કે અનુમાનો ભર્યા નથી. ઈશ્વરે અધિકારયુક્ત રીતે આપેલું શિક્ષણ જ બાઇબલમાં છે.

બાઇબલનું શિક્ષણ બહુ સ્પષ્ટ છે કે મનુષ્યનો આત્મા કદી મરતો નથી, પણ તે અમર છે. માત્ર માનવીના ભૌતિક શરીરનું જ મૃત્યુ થાય છે. અને પુનરુત્થાન સમયે માનવીઓનાં મૃત્યુ પામેલાં શરીરો પાછાં ઊઠશે, એટલે કે પુનઃસજીવન બનશે. જૂના તેમ જ નવા કરારનું આ શિક્ષણ છે.

અમરપણાનું શિક્ષણ બાઇબલથી જ શરૂ થાય છે. બાઇબલ સિવાય બીજે બધે માણસજાતનાં માત્ર ફાંફાં જોવા મળે છે. બીજી વાત, બાઇબલમાં કોઈપણ સિદ્ધાંત વિષેનું શિક્ષણ ક્રમે ક્રમે વિકસતું અથવા ખુલ્લું થતું જાય છે. એમ અમરપણા વિષેનું અને પુનરુત્થાન વિષેનું શિક્ષણ અથવા પ્રક્ટીકરણ વિકસતું રહ્યું છે. જૂના કરારમાં એની શરૂઆત થાય છે, અને પ્રક્ટીકરણમાં એ શિક્ષણનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ જોવા મળે છે.

જૂના કરારના શિક્ષણ વિષે જોઈએ : અહીં સનાતન ઈશ્વર વિષેનું જ્ઞાનભાન આપવામાં આવ્યું છે. અને જૂના કરારમાં જે જાતના ઈશ્વર દર્શાવવામાં આવ્યા છે તે ઉપરથી જ જૂના કરારના સંતોએ અમરપણાનો ખ્યાલ બાંધ્યો છે. ખરું જુઓ તો ઈશ્વરે પોતાની ઓળખ જ એ રીતે આપી છે. ઈશ્વરે માણસ (આદમ)માં જીવનનો શ્વાસ ફૂંક્યો ત્યારથી જ ઈશ્વરે માણસને **અમરતા** બક્ષી છે. એ પછી થયેલાં, અને થનારાં, સર્વ મનુષ્યો

એ અમરતાના વારસદાર બને છે. ખ્રિસ્તે એ વિષેની કેવી સરસ જાહેરાત કરી છે.

"પણ મૂએલા લોક પાછા ઊઠે છે, તે સંબંધી, શું તમે મૂસાના પુસ્તકમાંથી ઝાડી વિષેના પ્રકરણમાં નથી વાંચ્યું કે ઈશ્વરે તે (મૂસા) ને એમ કહ્યું કે, હું આબ્રાહમનો ઈશ્વર તથા ઈસહાકનો ઈશ્વર તથા યાકૂબનો ઈશ્વર છું? તે મૂએલાંઓનો ઈશ્વર નથી, પણ જીવતાંઓનો ઈશ્વર છે" (માર્ક ૧૨:૨૬,૨૭).

૧. 'ઝાડીના પ્રકરણ'માં એ જ શબ્દો છે (નિર્ગમન ૩:૬) "વળી તેણે (યહોવાએ) કહ્યું કે, હું તારા પિતાનો ઈશ્વર, આબ્રાહમનો ઈશ્વર તથા ઈસહાકનો ઈશ્વર તથા યાકૂબનો ઈશ્વર છું." એનો અર્થ એ થયો (અને પ્રભુ ઈસુ પણ એ જ અર્થ એમાં જોતા હતા)કે આબ્રાહમ, ઈસહાક અને યાકૂબ શારીરિક મૃત્યુ પામ્યા હોવા છતાં જીવતા છે. તેમના આત્મા અમર છે, અને તેઓ આખરે અમર શરીર પણ પુનરુત્થાન સમયે પામવાના છે, અને એ પણ તેમનું સમગ્ર વ્યક્તિત્વ (આત્મા અને શરીરસહ) અનંતકાળ માટે રહેશે.

૨. ઉત્પત્તિ ૨:૭માં "**જીવનનો** શ્વાસ ફૂંક્યો," એમ છે, એનો તરજુમો આમ પણ હોઈ શકે : "**જીવનોનો** શ્વાસ ફૂંક્યો." મતલબ કે માણસને એક કરતાં વધુ જીવનો છે. પશુ મરી જાય છે ત્યારે એના જીવનનો કાયમ માટે અંત આવે છે. પણ માણસ માટે એમ નથી. માણસ મરી ગયા પછી પણ હયાત રહે છે, અને પુનરુત્થાનને સમયે એને શરીર પણ પાછું મળનાર છે.

૩. હનોખ વિષે બાઈબલમાં આમ લખ્યું છે : "અને તે અલોપ થયો; કેમ કે ઈશ્વરે તેને લઈ લીધો" (ઉત્પત્તિ ૫:૨૪). અને એ વિષે ખુલાસો કરતાં હિબ્રૂઓને પત્ર ૧૧:૫,૬ માં આવું લખ્યું છે : "વિશ્વાસથી હનોખને ઉપર લઈ લેવામાં આવ્યો કે, તે મરણ ન જુએ." ઈશ્વર હનોખને તેમ જ એલિયાને (૨ રાજા ૨:૧૧) ક્યાં, કયા સ્થળે લઈ ગયા? આનો એક જ

જવાબ હોઈ શકે : ઈશ્વર આ બંનેને મૃત્યુમાંથી પસાર થવા દીધા વગર પોતાના દૈવી રહેઠાણમાં, હયાતીના અદ્રશ્ય ઘેર લઈ ગયા. ઈશ્વરે જાણે કે હનોખને કહ્યું, "હનોખ, તારા પોતાના ઘેર હવે પાછો શું કરવા જાય છે? છેક આટલે સુધી તું આવ્યો છું, તો ચાલને મારા અનંતકાલિક ઘેર!" આ બતાવે છે કે મૃત્યુને પેલે પાર પણ હયાતી છે. હવે તે પૃથ્વી પર નહિ, પણ ઈશ્વરના સનાતન ઘરમાં રહેતો હતો. પ્રભુ ઈસુએ એ જ વાત કહી છે ને! "... હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; **જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ (રહો)**" (યોહાન ૧૪:૩).

૪. જૂના કરારમાં એક શબ્દસમૂહ વારંવાર આવે છે : "**તે પોતાના પૂર્વજોની સાથે મળી ગયો**" (ઉત્પત્તિ ૨૫:૮). આબ્રાહમ વિષે પણ એ શબ્દો આ પ્રમાણે જ છે. એનો અર્થ એવો નથી થતો કે આબ્રાહમ મરી ગયો, અને એના પિતૃઓને દાટવામાં આવ્યા હતા ત્યાં તેને પણ દાટ્યો. પણ એનો એવો અર્થ થાય છે કે આબ્રાહમ, પારાદૈસમાં પોતાના અગાઉ ગયેલા પૂર્વજોના આત્માઓ વસે છે તેઓના એ ચિરકાલ હયાતીના સ્થાનમાં ગયો, અને પૂર્વજોની સાથે વસ્યો. પ્રભુ ઈસુના શબ્દો : "અને હું તમને કહું છું કે પૂર્વથી તથા પશ્ચિમથી ઘણા લોક આવશે, ને આબ્રાહમની તથા ઈસહાકની તથા યાકૂબની સાથે આકાશના રાજ્યમાં બેસશે" - એ શબ્દોમાં ત્રણ સત્યો શીખવાનાં મળે છે : (૧) આપણે એકબીજાંને ઓળખીશું ; (૨) આનંદમય પુનઃમિલન થશે, અને (૩) મધુરી સંગત માણીશું.

૫. યૂસફે પોતાનાં હાડકાં કનાન લઈ જવા સૂચવ્યું હતું તેમ મૂસાએ મિસરમાંથી નીકળતી વખતે યૂસફનાં હાડકાં સાથે લેવડાવ્યાં (ઉત્પત્તિ ૫૦:૨૬. નિર્ગમન ૧૩:૧૯. હિબ્રૂ ૧૧:૨૨). પુનરુત્થાનની આશાએ જ ઇઝરાયલવાસીઓ પોતાનાં મૃત વહાલાંઓ પ્રત્યે ખાસ કાળજી દર્શાવતાં હતાં, એટલે જ યાકૂબ અને યૂસફે પોતાનાં હાડકાં કનાનમાં લઈ જવા ફરમાવ્યું હતું (સરખાવો હિબ્રૂ ૧૧:૧૭-૧૯). એમાં પુનરુત્થાનની આશા સમાયેલી હતી.

એન-દોરની ભૂતવૈદેણ પાસે શાઉલ ગયો હતો તે સમયે પ્રભુએ બહુ ટૂંકા ગાળા માટે શમુએલના આત્માને પૃથ્વી ઉપર મોકલ્યો હતો (૧ શમુએલ ૨૮:૮-૧૪). આ બનાવમાં પણ અમુક બાબતો જાણવા મળે છે: (૧) શમુએલને મરી ગયાં અમુક સમય થઈ ગયો હોવા છતાં તે અહીં પૃથ્વી પર આવ્યો દેખાય છે (પ્રભુએ તેને મોકલ્યો), એ બતાવે છે કે તે મૃત્યુ પછી પણ હયાતી ભોગવતો હતો; (૨) ભૂતવૈદેણે અને શાઉલે પણ તેને ઓળખી કાઢ્યો; (૩) તેના મગજની શક્તિઓ જેવી ને તેવી હયાત અને સતેજ હતી; અને (૪) તેની **વાચા** સ્પષ્ટ હતી, - બલ્કે, મૃત્યુ પહેલાં હતી તેવી જ રહી હતી.

વળી, એલિયાને જીવતો ઉપાડી લેવામાં આવ્યો હતો, જ્યારે મૂસા મરી ગયો હતો. પણ રૂપાંતરના પહાડ ઉપર તેઓ બંને હાજર થયા હતા (માથ્થી ૧૭:૧-૮). એ બતાવે છે કે (૧) મૃત્યુની પેલી પાર જીવંત હયાતી છે; અને (૨) વાતચીત કરી શકાય છે (પ્રભુ ઈસુના મૃત્યુ સંબંધી તેઓ ચર્ચા કરતા હતા); (૩) મરણ પછીના જીવનમાં સંપૂર્ણ સભાનતા છે.

૬. અયૂબનું પુસ્તક બાઈબલમાં સૌથી જૂનું પુસ્તક ગણાય છે. પણ એ અતિ પુરાણા સમયમાં પણ અયૂબના શબ્દો કેવા સૂચક છે! અને મૃત્યુ પછી પુનરુત્થાન છે એમ દર્શાવે છે! શરીરની ત્રાસદાયક પીડામાં પણ અયૂબ પોકારી ઊઠે છે :

> "પણ હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે, અને આખરે તે આ પૃથ્વી ઉપર ઊભો રહેશે; મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ હું પ્રત્યક્ષ મારા પ્રભુને જોઈશ. હું જાતે જ તેમને જોઈશ. હા, મારી ખુદની આંખો તેમને જોશે, બીજાની નહિ" (અયૂબ ૧૯:૨૫-૨૭).

શ્રદ્ધાના આ ઉચ્ચારણમાં પુનરુત્થાનની કેટલી બધી ખાતરી ભરી પડી છે! આ કલમનો ગુજરાતી તરજુમો **'વગર શરીરે'** બરાબર નથી; એમ જ અમુક અમુક અંગ્રેજી આવૃત્તિઓમાં પણ એવો જ અર્થ આપ્યો છે તે બરાબર નથી.

૭. દાઉદ રાજાનાં ગીતોમાં મૃત્યુ પછીના જીવનની ભારોભાર ખાતરી આપણે જોઈ શકીએ છીએ. વળી, ૨ શમુએલ ૧૨:૨૩માં પોતાના પુત્રના મૃત્યુ વખતે દાઉદ રાજા આ પ્રમાણે કહે છે : "હું તેની પાસે જઈશ, પણ તે મારી પાસે પાછું નહિ જ આવે." આ શબ્દોનો કેટલાક જણ એમ અર્થ કરે છે કે મૃત્યુમાં દાઉદ રાજા અને મરેલું બાળક ભેગાં થશે - એટલે કે બંને મૃત્યુદશામાં પોઢેલા હશે. ના, એમાં એવો અર્થ નથી. દાઉદ એમ કહેવા માગે છે કે મારો મૃત બાળક મૃત્યુને પેલે પાર પહોંચ્યો છે, ને ત્યાં હયાત છે. અને હું જ્યારે મૃત્યુ પામીશ, ત્યારે હું પણ મૃત્યુ પછીની હયાતીમાં તેની પાસે જઈશ. અને અમે ત્યાં મળીશું. અહીં પણ મૃત્યુ **પછીના જીવન વિષે બે સત્યો જોઈ શકીએ છીએ : (૧) મૃત્યુ પછી હયાતી ચાલુ રહે છે, અને (૨) ત્યાં પુનઃમિલન પ્રાપ્ત થાય છે.**

ગીતશાસ્ત્ર ૨૩:૬ માં ભક્ત દાઉદ એ જ અનંતકાળિક આનંદમય હયાતી વિષે કહે છે : " અને હું સદાકાળ માટે **યહોવાના ઘરમાં** રહીશ." પ્રભુ ઈસુએ એ જ 'ઘર' વિષે બોલતાં કહેલું કે, "**મારા બાપના ઘરમાં** રહેવાનાં ઠેકાણાં ઘણાં છે." ગીતશાસ્ત્ર ૧૭:૧૫ પણ એ જ બતાવે છે : " હું જાગીશ ત્યારે તારી પ્રતિમાથી સંતોષ પામીશ" (અથવા કેટલાક એનો આવો તરજુમો કરે છે - "હું જ્યારે તારી પ્રતિમામાં જાગીશ, ત્યારે હું સંતોષ પામીશ.") આ બંનેનો અર્થ એક જ છે : હું જ્યારે મૃત્યુમાંથી જાગીશ, અથવા પુનરુત્થાન પામીશ, ત્યારે તારી પ્રતિમા જેવો બન્યો હોઈશ, અને તેથી હું સંતોષ પામીશ. (સરખાવો ફિલિપી ૩:૨૧. ખાસ કરીને ૧ યોહાન ૩:૨ "જ્યારે તે (પ્રભુ ઈસુ) પ્રગટ થશે, ત્યારે **તેના** જેવાં આપણે થઈશું..."). દાઉદનું આ વચન પણ કેવું ગર્ભિત છે! "પણ દેવ મારા આત્માને **શેઓલના કબજામાંથી છોડાવી લેશે;** કેમ કે તે મારો અંગીકાર કરશે" (ગીતશાસ્ત્ર ૪૯:૧૫). વળી, આ વચન પણ જુઓ : "તું તારા બોધથી મને માર્ગ બતાવશે, અને પછી **તારા મહિમામાં મારો સ્વીકાર કરશે**" (ગીતશાસ્ત્ર ૭૩:૨૪). મહાજ્ઞાની સુલેમાને વ્યાજબી જ લખ્યું છે કે, "તેણે (ઈશ્વરે) તેઓનાં હૃદયમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે....." (સભાશિક્ષક ૩:૧૧. વળી સરખાવો ૧૨:૭).

૮. યશાયાના પુસ્તકમાં પણ પુનરુત્થાન તથા મૃત્યુ પછીના જીવન વિષે ઘણું કહેવાયું છે. બીજા પ્રબોધકોનાં પુસ્તકોમાં પણ આ વિષેની ઝાંખી જોવા મળે છે.

૯. દાનિયેલનું આ વચન કેટલું સ્પષ્ટ છે!

"અને જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે **તેઓમાંના ઘણા** (પહેલું પુનરુત્થાન) જાગી ઊઠશે; કેટલાક અનંતજીવનમાં (દાખલ થશે) અને કેટલાક અનંતકાળ માટે લજ્જિત અને (ધિક્કારપાત્ર થશે" (દાનિયેલ ૧૨:૨). (બીજું મરણ).

આમાં બીજી એક ચોખવટ થયેલી જોવા મળે છે કે, પુનરુત્થાનના જીવનમાં કેટલાક અનંત આનંદમાં, અને કેટલાક અનંત શિક્ષામાં જશે.

## IV શરીરના પુનરુત્થાન વિષે નવા કરારમાં આપેલું શિક્ષણઃ

**૧.** સર્વ માણસો મૃત્યુમાંથી પાછાં સજીવન થશે, એટલે કે તેમનાં શરીરો મૃત્યુમાંથી પાછાં ઊઠશે, એ વિષે પ્રભુ ઈસુએ બહુ સ્પષ્ટ જણાવ્યું છે. તેમના શબ્દો આ પ્રમાણે છે : "એથી તમે આશ્ચર્ય ન પામો; કેમ કે એવી વેળા આવે છે કે જ્યારે જેઓ કબરમાં છે તેઓ સર્વ તેની વાણી સાંભળશે; અને જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ **જીવનનું ઉત્થાન પામવા સારુ,** અને જેઓએ ભૂંડાં કામ કર્યાં છે, તેઓ **દંડનું ઉત્થાન** પામવા સારુ, નીકળી આવશે" (યોહાન ૫:૨૮,૨૯). આમાં ન્યાયીઓ (વિશ્વાસીઓ) અને પાપીજનોના પુનરુત્થાન સંબંધી પ્રભુ ઈસુ જણાવે છે.

**૨.** સંત પાઉલ પણ મૃત્યુ પામેલા શરીરના પુનરુત્થાન વિષે એ જ વાત શીખવે છે. તે કહે છેઃ "ન્યાયીઓ (વિશ્વાસીઓ) તથા અન્યાયીઓનું પુનરુત્થાન થશે, એવી જેમ તેઓ પોતે આશા રાખે છે, તેમ હું પણ દેવ વિષે આશા રાખું છું" (પ્રેરિતોના કૃત્યો ૨૪:૧૫). વળી, શરીરના મૃત્યુ અને શરીરના ઉત્થાન વિષે તે લખે છે : "કેમ કે જેમ આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે" (૧ કોરિંથી ૧૫:૨૨).

કદાચ ઉપરોક્ત કલમોને લઈને ખ્રિસ્તી મંડળીનાં ઘણાં બધાં માણસો એમ માનતાં આવ્યાં છે કે બધાં જ મરી ગયેલાં માનવીઓનાં શરીર એક જ સમયે એકસામટાં સાથે સાથે ઊઠશે. પરંતુ આ મંતવ્ય બાઈબલના શિક્ષણથી ઊલટું છે. બધાં એકસાથે ઊઠનારાં નથી, પણ જુદા જુદા તબક્કે ઊઠશે. એ વિષે ૧ કોરિંથી ૧૫:૨૨-૨૪માં બહુ સુંદર રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે :

**क. પોતપોતાને અનુક્રમે :**

"કેમ કે જેમ આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે. પણ **દરેકને પોતપોતાને અનુક્રમે:**"

બધાં મૃત્યુ પામેલાંના શરીરો એકસામટાં નહિ સજીવન થાય, પણ જુદા જુદા તબક્કે ઊઠશે. એટલે કે જુદા જુદા અનુક્રમે ઊઠશે. આ કલમમાં આપેલા શબ્દો, **'પોતપોતાને અનુક્રમે'** માટે મૂળ ગ્રીકમાં વાપરેલો શબ્દ **'તાગ્માતી'** છે. અને લશ્કરની જુદી જુદી ટુકડીઓ કે છાવણીઓ માટે આ શબ્દ વપરાય છે, અને એનો અર્થ એ થાય છે કે મૃત્યુ પામેલાંની એક ટુકડી પછી બીજી ટુકડી એ પ્રમાણે જુદા જુદા સમયે ઊઠશે. અને એ અનુક્રમ આ પ્રમાણે હશે (૧કોરિંથી ૧૫:૨૩-૨૪).

(i) '**ખ્રિસ્ત** પ્રથમફળ,'

(ii) "ત્યાર પછી **જેઓ ખ્રિસ્તના છે તેઓને** તેના આવવાની વેળાએ (પુનરાગમન સમયે) સજીવન કરવામાં આવશે."

a-b. દુનિયાના સર્વ લોકો 'ખ્રિસ્તના' નથી, પણ જેઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે, નવો જન્મ પામ્યા છે ફક્ત તેઓ જ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે સજીવન થશે, એટલે કે તેઓના મૃત્યુ પામેલાં શરીરો પુનઃજીવિત થશે. બાકી રહેલાં મૂએલાં છેક એક હજાર વર્ષ પછીથી સજીવન થશે.

આ અનુક્રમ ૧ થેસ્સાલોનિકા ૪:૧૪-૧૭માં પણ રજૂ કરવામાં આવ્યો છે :

"કેમ કે ઈસુ મરણ પામ્યો ને પાછો ઊઠ્યો એવો જો આપણે વિશ્વાસ કરીએ છીએ, તો તે જ પ્રમાણે **ઈસુમાં જેઓ ઊંઘી ગયેલાં છે તેઓને પણ દેવ તેની સાથે** (પુનરાગમન સમયે) **લાવશે.** કેમ કે અમે પ્રભુનાં વચનથી તમને કહીએ છીએ કે, **પ્રભુના આવતાં સુધી આપણામાંના જેઓ જીવતાં રહેનારાં છે,** તેઓ ઊંઘેલાઓની **પહેલાં જનારાં** (ઉપર ગગનમાં ચઢી જનારાં) નથી. કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ દૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે, અને **ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે;** પછી **આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ** ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું."

આ ફકરામાં ત્રણ બાબતો સ્પષ્ટ બતાવવામાં આવી છે, અને ચોથી બાબતને આડકતરી રીતે રજૂ કરી છે. આ ચારેય બાબતો જોઈએ : (૧) "**ઈસુ મરણ પામ્યો ને પાછો ઊઠ્યો**" - એમાં પ્રભુ ઈસુ સર્વ મરી ગયેલાંમાંથી **પ્રથમફળ** થઈને ઊઠ્યા છે, અને (૨) પ્રભુ ઈસુના પુનરાગમન સમયે બે જૂથ ઉપર ગગનમાં તણાઈ જશે, તેમાંનું એક જૂથ તે પ્રભુના પુનરાગમન સમયે પ્રભુ ઈસુના જે લોકો જીવંત હશે, અને મૃત્યુને ચાખ્યું નહિ હોય તેઓ ઉપર ગગનમાં તણાઈ જશે. "**પ્રભુના આવતાં સુધી આપણામાંના જેઓ જીવતા રહેનારાં છે,**" તેમ જ "**આપણામાંના જેઓ જીવતાં રહેનારાં છીએ તેઓ**" - એ બંને વાક્યો આ જીવંત જૂથ વિષે બતાવે છે. (૩) બીજું જૂથ તે "**ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે,**" અને **'ઊંઘેલાંઓ'** એ બધા શબ્દો આ બીજા જૂથ માટે વપરાયા છે. (૪) તેમાં મરી ગયેલાં પાપી લોકોનો સમાવેશ થયો નથી. એ બાકી રહેલાં મૂએલાંઓ તો એક હજાર વર્ષના ગાળા પછી ઊઠશે (પ્રકટીકરણ ૨૦:૫).

**'ખ્રિસ્તમાં મૂએલાં'** એ માટે મૂળ ગ્રીક ભાષામાં વપરાયેલા શબ્દો 'દિયા તુ ઈસુ' છે. એનો અર્થ **'ખ્રિસ્ત વડે (યા મારફતે) ઊંઘાડાયેલાં'** થાય છે, એટલે કે જેઓને પ્રભુ ઈસુએ પોતે મૃત્યુની ઊંઘમાં ઊંઘાડ્યા છે તેઓ. જેમ માના ખોળામાં રમતું-ધાવતું બાળક તંદ્રામાં પડે, એટલે મા તેને ઊંચકીને અને ચુંબન ચોઢીને પારણામાં સુવાડી-ઊંઘાડી દે તેમ જ. થોડી વાર પછી ઊંઘ પૂરી થતાં બાળક જાગે અને કંઈક અવાજ કરે, એટલે મા એ અવાજ સાંભળીને કે પારણાને હાલતું જોઈને દોડી જાય અને પારણા ઉપર ઝળૂંબે, અને હસતા અને હાથ લાંબા કરેલા બાળકને ઊંચકી લે, અને ગોદમાં લઈ ફરી ચુંબન ચોઢે. બસ, એમ જ. પ્રભુ ઈસુએ પોતાના થાકેલા કે આજારી લોકોને જાણે કે ચુંબન દઈને પોતે મૃત્યુનીંદમાં ઊંઘાડ્યાં છે તેમને, પ્રભુ ઈસુ પોતે પોતાના પુનરાગમન સમયે ઉઠાડશે, ચુંબન ચોઢશે, અને પોતાની પાસે ગગનમાં પોતાની ગોદમાં અનંત આનંદમાં તેડી લેશે. કેવું હશે એ ભવ્ય દ્રશ્ય ! કેવી હશે એ પરમ આનંદની ઘડી!

### c. વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન : પ્રકટીકરણ ૬:૯-૧૧ અને ૨૦:૪-૬.

પ્રભુ ઈસુ પોતાના સ્વર્ગમાંથી ગગનમાં ઊતરશે, અને તેમના (જીવતા અને મૃત્યુ પામેલા) લોકો ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી સાત વર્ષનો ગાળો વીત્યા બાદ એ વિપત્તિકાળનાં સાત વર્ષોમાં મૃત્યુ પામેલા શહીદો એટલે કે, વિપત્તિકાળના શહીદો સજીવન થઈને ઊઠશે. આ વિપત્તિકાળના શહીદો વિષે આપણને પ્રકટીકરણ ૬:૯-૧૧ માં જણાવવામાં આવ્યું છે :

> "જ્યારે તેણે પાંચમી મુદ્રા તોડી, ત્યારે દેવનાં વચનને લીધે તથા પોતે જે સાક્ષીને વળગી રહ્યા હતા તેને લીધે મારી નાખવામાં આવેલાના આત્માઓને મેં વેદી તળે જોયા. તેઓએ મોટે સાદે પોકારીને કહ્યું કે, હે સ્વામી, પવિત્ર તથા સત્ય, ઈન્સાફ કરવાનું

તથા પૃથ્વી પરનાં રહેનારાંઓની પાસેથી અમારા રક્તનો બદલો લેવાનું તું ક્યાં સુધી મુલતવી રાખીશ? પછી તેઓમાંના દરેકને શ્વેત ઝભ્ભો આપવામાં આવ્યો; અને તેઓને એમ કહેવામાં આવ્યું કે તમારા સાથી સેવકો તથા તમારા ભાઈઓ, જેઓ તમારી પેઠે માર્યા જવાના છે, તેઓની સંખ્યા પૂરી ન થાય. ત્યાં સુધી હજુ થોડી વાર તમે વિસામો લો."

આ વિપત્તિકાળના શહીદો વિષે બીજું શબ્દચિત્ર પ્રકટીકરણ ૨૦:૪-૬માં નીચે પ્રમાણે આપવામાં આવ્યું છે. અહીં તેઓ સજીવન થતા બતાવ્યા છે :

"પછી મેં રાજ્યાસનો જોયાં અને તેઓ પર જે લોક બેઠેલા હતા, તેઓને ન્યાય કરવાનું સોંપવામાં આવ્યું; અને ઈસુની શાહેદીને લીધે તથા દેવના વચનને લીધે જેઓનો શિરચ્છેદ થયો હતો, તથા જેઓએ શ્વાપદની તથા તેની મૂર્તિની પૂજા કરી નહોતી, અને પોતાના કપાળ પર અથવા પોતાના હાથ પર તેની છાપ લીધી નહોતી, તેઓના આત્માઓને (મેં જોયા). તેઓ (આ શહીદો) જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું."

વિપત્તિકાળના આ શહીદોનું પુનરુત્થાન થયું, એટલે કે તેઓ પુનર્જીવિત બન્યા. આમ, અત્યાર સુધીમાં ત્રણ પ્રકારના લોકોનું પુનરુત્થાન આપણે જોયું. સૌથી પહેલું, મૃત્યુ પામેલાંમાંથી પ્રભુ ઈસુ આજથી લગભગ બે હજાર વર્ષ ઉપર, ઈ.સ. ૩૨ માં પ્રથમફળ બનીને ઊઠ્યા. એ પછી, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે, એટલે કે પોતાના લોકોને લેવા તે ગગને ઊતર્યા ત્યારે 'ખ્રિસ્તમાં મૂએલાં' પુનર્જીવિત બન્યાં, અને તે સમયે ખ્રિસ્તમાં જીવતાં એવાં પ્રભુ ઈસુનાં લોકો પેલાં પુનર્જીવિતોની સાથે ગગનમાં પ્રભુ ઈસુની પાસે ઊંચકાઈ ગયાં. એ પછી સાત વર્ષના વિપત્તિકાળને અંતે વિપત્તિકાળના શહીદો પણ સજીવન બન્યા.

ખેતીવાડીની ભાષામાં બોલીએ તો પ્રભુ ઈસુ પ્રથમફળ છે, અને તે ખેતપેદાશનું પ્રથમફળ સૂચવે છે, અને પ્રથમફળની પૂળી, કે

પ્રથમફળનો પોંક કે પ્રથમફળની સાખ એમ દર્શાવે છે કે હવે મબલક પાક ઊતરવાનો છે. આ મબલક પાક એટલે કાપણી યા લણણી. એ કાપણી કે લણણીમાં ખ્રિસ્તમાં ઊંઘી ગયેલા લોકો તેમ જ જૂના કરારના સંતોનું પુનરુત્થાન થશે. અને સાત વર્ષ પછી વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન થશે. એ પ્રસંગને ખેતીવાડીની ભાષામાં 'સળો' (વીણણી) કહેવાય, એટલે કે ખેતરમાં બાકી રહેલાં ડૂંડાં ઈત્યાદિને એકઠાં કરી લેવાય છે. **કાપણી** અને **સળો** એ બંને સમયનાં પુનરુત્થાનને પ્રથમ યા **'પહેલું પુનરુત્થાન'** ગણવામાં આવે છે. પ્રક્ટીકરણ ૨૦:૫,૬ માં એ વિષે લખ્યું છે કે, "**એ જ પહેલું પુનરુત્થાન છે.** પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે; એવાંઓ ઉપર બીજા મરણનો અધિકાર નથી."

**ખ. છેલ્લું પુનરુત્થાન અથવા પાપીઓનું પુનરુત્થાન :**
**પ્રક્ટીકરણ ૨૦:૫,૧૨.**

"મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ... પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં."

અત્યાર સુધીનાં પુનરુત્થાનોનો ક્રમ નીચે પ્રમાણે આપણે જોયો :

(૧) ખ્રિસ્ત મૂએલાંઓનું **પ્રથમફળ** થયો.

(૨) ખ્રિસ્ત આવવા (પુનરાગમન)ની વેળાએ, જેઓ ઊંઘી ગયાં છે તેઓ ઊઠશે.

એ સમયે ખ્રિસ્તમાં જીવન જીવી રહેલા પ્રભુના લોકો જીવતા હશે તેઓ મહિમાવંત શરીરો ધારણ કરીને પેલાં ઊઠેલાંની સંગાતે ગગનમાં ઊંચકાઈ જશે. વળી, પ્રભુના આ પુનરાગમન સમયે જૂના કરારના સર્વ સંતો પણ ઊઠશે, અને ગગનમાં ઊંચકાઈ જશે. આ આખું પુનરુત્થાન 'કાપણી', 'લણણી', કે મબલક પાક સમાન છે. એ, બાઈબલની ભાષામાં, **પહેલું પુનરુત્થાન** છે.

(૩) પ્રભુનાં પુનરાગમનના પહેલા પગથિયા (એટલે કે તેમના ગગનમાં ઉતરણ)થી માંડીને સાત વર્ષ પછી પ્રભુ પૃથ્વી ઉપર ઊતરવાના હશે તેના થોડા સમય પૂર્વે વિપત્તિકાળમાં મારી નંખાયેલા શહીદો મૃત્યુમાંથી પાછા ઊઠશે. આ પુનરુત્થાન અને એની અગાઉ થયેલું બીજા નંબરનું પુનરુત્થાન એ બંને મળીને **પહેલું પુનરુત્થાન** ગણાય છે. એ વિષે પ્રક્ટીકરણ ૨૦:૫ માં લખ્યું છે કે "એ જ પહેલું પુનરુત્થાન છે." અને ૨૦:૬ માં લખ્યું છે કે "પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે; એવાંઓ પર બીજા મૃત્યુનો અધિકાર નથી."

(૪) પ્રક્ટીકરણ ૨૦:૫ માં આ ચોથું 'ઉત્થાન' ક્યારે થશે એ સમય દર્શાવ્યો છે : "મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ." પહેલા પુનરુત્થાનના બીજા અને ત્રીજા તબક્કાના પુનરુત્થાન પામેલા લોકોએ ખ્રિસ્તની સાથે એક હજાર વર્ષનું રાજ્ય કર્યું. એ એક હજાર વર્ષ પૂરાં થયા પછી જ આ બાકીનાં મૂએલાં ઊઠ્યાં.

પ્રભુ ઈસુ પોતાની મંડળી સાથે અને જૂના કરારના સંતોની સાથે આકાશમાં સાત વર્ષ ગાળશે, તે દરમિયાન પૃથ્વી ઉપર મહા વિપત્તિ આવશે, અને પ્રક્ટીકરણમાં દર્શાવેલા અનર્થો તથા દેવના કોપનાં સાત પ્યાલાં પૃથ્વી પર આ સમયે રેડાશે, અને એ બધાંના અંતમાં, એટલે કે વિપત્તિનાં સાત વર્ષ પૂરાં થયાં પછી પ્રભુ ઈસુ આકાશમાંથી પોતાના સંતોની સાથે પૃથ્વી ઉપર ઊતરશે. એ સમયે પ્રભુ ઈસુ પોતાની ફૂંકથી અને પોતાના આગમનના પ્રભાવથી ખ્રિસ્ત વિરોધી (अ - એન્ટીક્રાઈસ્ટ)નો નાશ કરશે, તથા તેણે જગતનાં જે બધાં લશ્કરોને યરુશાલેમની અને ઇઝરાયલ લોકોની સામે એકત્ર કર્યા હશે તેમનો નાશ કરશે. (જુઓ ૨ થેસ્સાલોનિકા ૨:૮).

એ પછી યહોશાફાટની ખીણમાં પૃથ્વીની સર્વ દેશજાતિઓને એકત્ર કરીને પ્રભુ ઈસુ તેમનો ન્યાય કરશે (ઝખાર્યા ૧૪:૧૨. માથ્થી ૨૫:૩૧-૪૫), અને જેમ ઘેટાંપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે તેમ તે તેઓ (એટલે કે દેશજાતિઓ)ને જુદી પાડશે. અને 'ઘેટાંપ્રજા'ને તે પોતાના એક હજાર વર્ષના રાજ્યમાં લેશે.

આ એક હજાર વર્ષના રાજ્ય પહેલાં શેતાનને સાંકળે બાંધીને ઊંડાણમાં બંધનમાં રાખવામાં આવશે, અને એક હજાર વર્ષના રાજ્યકાળ પછી પ્રભુ ઈસુ શેતાનને બંધનમાંથી મુક્ત કરશે, એટલે એ પાછો દુનિયાનાં સર્વ રાજ્યોને ભમાવવા નીકળશે, અને દુનિયાની પ્રજાઓનાં લશ્કરો એકત્રિત કરીને યહૂદીઓની તથા યરુશાલેમની સામે ઘેરો ઘાલશે. પણ ઈશ્વર આકાશમાંથી અગ્નિ મોકલીને તેઓનો નાશ કરશે, અને શેતાનને અગ્નિ તથા ગંધકની ખાઈમાં અનંતકાળ માટે નાખી દેશે. (જુઓ, પ્રક્ટીકરણ ૨૦:૭-૧૦).

એ પછી અનુક્રમમાં ચોથું આવતું પુનરુત્થાન થશે. બાકી રહેલાં મૂએલાં આ એક હજાર વર્ષના રાજ્યકાળ પછી સજીવન થશે. યોહાન ૫:૨૮, ૨૯ માં જે **'દંડનું ઉત્થાન'** આપવામાં આવ્યું છે તે આ જ ઉત્થાન. આ 'દંડના ઉત્થાન' ને **'બીજું મરણ'** કહેલું છે (પ્રક્ટીકરણ ૨૦:૬). કારણ, આ 'દંડના પુનરુત્થાન'માં સજીવન બનેલાં બધાંને નર્કને સ્વાધીન કરવામાં આવશે. **'જીવનનું ઉત્થાન'** એ બીજા અને ત્રીજા તબક્કાનું 'પહેલું પુનરુત્થાન' છે. લૂક ૧૪:૧૪માં જણાવેલું 'ન્યાયીઓનું પુનરુત્થાન' તે આ 'પહેલું પુનરુત્થાન' છે.

## ૩. 'મૂએલાંઓમાંથી પાછા ઊઠવું'
## અથવા
## 'મૂએલાંઓમાંથી બહાર નીકળી આવવું'

અગાઉ આપણે જોઈ ગયા તેમ જૂના કરારના જમાનામાં પણ યહૂદીઓ સામાન્ય પુનરુત્થાનમાં માનતા હતા. પ્રભુ ઈસુના સમયમાં

યહૂદીઓ તેમ જ પ્રભુ ઈસુના શિષ્યો પણ સામાન્ય પુનરુત્થાનમાં માનતા હતા. આ સામાન્ય પુનરુત્થાનનો અર્થ એવો થાય છે કે એક વખતે બધાં જ મૃત્યુ પામેલાં એકસામટાં ઊઠશે.

પણ સૌપ્રથમ પ્રભુ ઈસુએ શીખવ્યું કે, મૃત્યુ પામેલાંઓમાંથી થોડાંક જણ વહેલાં ઊઠીને નીકળી આવશે, અને બાકીનાં રહેલાં મૃતજનો એ પછી અમુક સમય વીત્યે ઊઠશે. પ્રભુ ઈસુએ રૂપાંતરના પહાડ પરથી ઊતરતી વખતે પોતાના શિષ્યો (પિત્તર, યાકૂબ અને યોહાન) ને ખાસ તાકીદ કરીને કહ્યું કે,

"તમે જે જોયું છે તે માણસનો દીકરો **મૂએલાંઓમાંથી પાછો ન ઊઠે** ત્યાં સુધી કોઈને કહેતા ના" (માર્ક ૯:૯).

આ **'મૂએલાંઓમાંથી પાછા ઊઠવું'** એ માટે મૂળ ગ્રીક ભાષામાં ખાસ પ્રકારના શબ્દો વાપર્યા છે, જેનો અર્થ એવો થાય છે કે, મૂએલાંઓમાં (મધ્યે)થી બહાર નીકળી આવવું, એટલે કે બાકી રહેલાં મૃત્યુ પામેલાં લોકો કબરોમાં જ રહે, અને મૂએલાંઓમાંથી થોડાક બહાર નીકળી આવે. આ વાત યહૂદીઓની સામાન્ય પુનરુત્થાનની માન્યતાથી જુદા પ્રકારની વાત હતી. એટલે જ પ્રભુ ઈસુએ રૂપાંતરના પહાડ પરથી ઊતરતી વખતે પોતાના માટે (માર્ક ૯:૯ માં) આ પ્રકારના પુનરુત્થાનની વાત કહી ત્યારે શિષ્યો કંઈ સમજી શક્યા નહિ, એટલે જ માર્ક ૯:૧૦ માં લખ્યું છે કે "અને તેઓ (શિષ્યો) એ તે વાત મનમાં રાખી, ને **મૂએલાંમાંથી પાછા ઊઠવું એ શું હશે,** તે વિષે માંહોમાંહે વિવાદ કરતા હતા." અહીં બધાં જ મૃત્યુ પામેલાં સામટાં એકસાથે ઊઠશે એવી સામાન્ય પુનરુત્થાનની વાત નહોતી. પણ પ્રભુ ઈસુ એમ કહેવા માગતા હતા કે મૃત્યુ પામેલાં લોકોમાંથી પોતે બહાર નીકળી આવશે. એટલે શિષ્યો એ સમજી શક્યા નહિ.

ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાંનું અને વિશ્વાસ દ્વારા ન્યાયી ઠરાવવામાં આવેલા જૂના કરારના સંતોનું જે **'પહેલું પુનરુત્થાન'** આપણે અગાઉ જોઈ ગયા તે પુનરુત્થાન પણ આ જ પ્રકારનું, એટલે કે "મૃત્યુ પામેલાંઓમાંથી થોડાંકનું બહાર નીકળી આવવાનું પુનરુત્થાન" છે. તેઓ,

ખ્રિસ્તના પુનરાગમન સમયે, મૂએલાંઓમાંથી બહાર નીકળી આવશે, પણ બાકી રહેલાં મૂએલાં એક હજાર વર્ષના રાજ્ય સુધી ઊઠશે નહિ. યોહાન ૫:૨૮,૨૯ માં આપેલું 'જીવનનું પુનરુત્થાન' અને લૂક ૧૪:૧૪મા આપેલું 'ન્યાયીઓનું પુનરુત્થાન' આ જ પુનરુત્થાન છે.

એક સ્ત્રીને એક પછી એક સાત પતિ થયા, અને એમાંનો પ્રત્યેક જણ નિ:સંતાન મરી ગયો, એ વાત સંભળાવીને સાદુકીઓએ પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછ્યો કે પુનરુત્થાનમાં એ સ્ત્રી કોની પત્ની ગણાશે? (સાદુકીઓ પુનરુત્થાનમાં માનતા નહોતા.) પ્રભુ ઈસુએ સાદુકીઓને જવાબ આપતાં આ પ્રમાણે કહ્યું :

"ઈસુએ તેઓને કહ્યું કે, આ જગતના છોકરા પરણે છે તથા પરણાવાય છે. પણ જેઓ તે જગત (ગ્રીક : 'એયોન', એટલે જમાના)ને તથા **મૂએલાંમાંથી** પુનરુત્થાન (મૂએલાં મધ્યેથી બહાર નીકળી આવવાનું પુનરુત્થાન) પામવાને યોગ્ય ગણાય છે, તેઓ પરણતાં નથી અને પરણાવતાં નથી; કેમ કે તેઓને ફરીથી મરવાનું નથી; (તેમને બીજું મૃત્યુ નથી,) કારણ કે, તેઓ દેવદૂતોના સરખાં છે; અને પુનરુત્થાનના દીકરા હોવાથી તેઓ દેવના દીકરા છે" (લૂક ૨૦:૩૪-૩૬). આ ફકરામાં પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામેલાંઓમાંથી થોડાં કે બહાર નીકળી આવવાના એટલે કે 'પહેલાં પુનરુત્થાન'ની વાત કરી છે.

ફિલિપી ૩:૧૧ માં પાઉલ પોતાના લક્ષ્યબિંદુ વિષે લખતાં કહે છે કે, "અને હું કોઈપણ રીતે **મૂએલાંઓના પુનરુત્થાનને પહોંચું.**' અહીં પાઉલ યહૂદીઓની માન્યતાવાળા સામાન્ય પુનરુત્થાનનો ઉલ્લેખ નથી કરતો, પણ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે થનારા પુનરુત્થાનની એટલે કે મૂએલાંઓની મધ્યેથી નીકળી આવવાના અથવા ખ્રિસ્તમાં મૂએલાંના પુનરુત્થાનને પામવાની પોતાની ઉત્કંઠા વિષે જણાવે છે.

વળી, હિબ્રૂઓના પત્ર ૧૧:૩૫ માં લેખક જૂના કરારના શહીદો અને સંતો વિષે લખતાં આવા એટલે કે ખાસ ધ્યાન ખેંચે એવા શબ્દો

વાપરે છે : "સ્ત્રીઓને પોતાના મરી ગયેલા સજીવન થઈને પાછા મળ્યા; બીજા કેટલાએક રિબાઈ રિબાઈને મરણ પામ્યા, તેઓએ છૂટકાનો અંગીકાર કર્યો નહિ, કે જેથી **તેઓ વધારે સારું પુનરુત્થાન પામે." આ વધારે સારું પુનરુત્થાન** તે મૃત્યુ પામેલાંઓ મધ્યેથી થોડાંકનું બહાર નીકળી આવવાનું પુનરુત્થાન.

જૂના કરારના જમાનામાં યહૂદીઓને તેમ જ પ્રબોધકોને પણ થનાર 'મંડળી' વિષે અને આ ખાસ પ્રકારના પુનરુત્થાન વિષે જાણ નહોતી. પ્રભુ ઈસુએ જ સૌપ્રથમ એની જાણ કરી.

## ૪. પુનરુત્થાનનાં શરીરો કેવાં હશે?

પુનરુત્થાનમાં પ્રભુના લોકોને મળનારાં શરીરો વિષે લખતાં સંત પાઉલ ૧ કોરિંથી ૧૫ઃ૩૫-૩૮માં આ પ્રમાણે જણાવે છે :

"પણ કોઈ કહેશે કે મૂએલાંને શી રીતે ઉઠાડવામાં આવે છે? અને તેઓ કેવાં શરીર ધારણ કરીને આવે છે? અરે મૂર્ખ, તું પોતે જે વાવે છે તે જો મરે નહિ તો તે સજીવન પણ થાય નહિ; અને તું જે વાવે છે તે જે શરીર થવાનું છે તે વાવતો નથી, પણ કેવળ દાણા વાવે છે, કદાચ ઘઉંના કે બીજા કશાના; પણ દેવ પોતાની ઇચ્છા પ્રમાણે તેને શરીર આપે છે, અને દરેક બીને પોતાનું ખાસ શરીર હોય છે."

આ કલમો ઉપરથી અને બાઇબલની બીજી કલમો ઉપરથી પુનરુત્થાનમાં આપણને મળનાર શરીર વિષે કેટલીક જાણકારી પામી શકીએ છીએ :

**ક. અગાઉના જેવો જ આકાર :** હાલના શરીર અને પુનરુત્થાનના શરીરનો **આકાર એકસરખો જ હશે.** પ્રભુ ઈસુનું પુનરુત્થાનનું શરીર અને મૃત્યુ અગાઉનું શરીર આકારમાં એકસરખું હતું. પુનરુત્થાનના શરીરમાં કાંઈ પાંખો ફૂટી નહિ હોય કે પંખીઓના આકારનું કે એવા બીજા કોઈ આકારનું શરીર નહિ હોય.

**ખ. મહિમાવંતું શરીર : મૃત્યુ પહેલાંનું એનું એ જ શરીર પાછું નહિ ઊઠે.** સંત પાઉલ ૧ કોરિંથી ૧૫:૩૭-૩૮માં કહે છે, "અને તું જે વાવે છે (કબરમાં સુવાડે છે) તે જે શરીર થવાનું છે તે વાવતો નથી."....
"પણ ઈશ્વર પોતાની ઈચ્છા પ્રમાણે તેને શરીર આપે છે, અને દરેક બીને પોતાનું ખાસ શરીર હોય છે." શરીર તો એનું એ જ હશે, પણ મહિમાવંતું બન્યું હશે, અસલ શરીરોની ખોડખાંપણ દૂર કરાઈ હશે; અને મહિમાવંતું બન્યું હશે.

**ગ. આપણે એ પુનરુત્થાનનાં શરીરોમાં એકબીજાને આપોઆપ ઓળખી શકીશું :** એટલે મૃત્યુ પહેલાંના શરીરમાં અને પુનરુત્થાનના શરીરમાં આબેહૂબ સામ્ય હશે. ધનવાન માણસનો આત્મા આબ્રાહમની ગોદમાં બેઠેલા લાજરસને ઓળખી શકે છે.

**ઘ. પુનરુત્થાનનું શરીર એની ખાસિયતોમાં અને ગુણધર્મમાં અગાઉના શરીર કરતાં જુદું હશે :** આપણું પૃથ્વી પરનું શરીર પૃથ્વી ઉપરના વાતાવરણને યોગ્ય એવું, અને પૃથ્વી ઉપરની જરૂરિયાતો માટે યોગ્ય એવું છે. પણ પુનરુત્થાનનું શરીર નવા યરુશાલેમના સ્વર્ગીય વાતાવરણને અને એની જરૂરિયાતોને માફક આવે એવું હશે. જીવન નિભાવવા પૃથ્વી ઉપર ખાવાની અને પીવાની જરૂર રહે છે, અને એને પહોંચી વળે એવું મર્ત્ય શરીર આપણને બક્ષવામાં આવ્યું છે; પણ પુનરુત્થાન પછીના જીવનમાં એવી શારીરિક વ્યવસ્થાની જરૂર નહિ રહે. લોહી બનાવવા માટે ખોરાક લેવો પડે છે, પણ પુનરુત્થાનના શરીરમાં લોહી નહિ હોય, અને એની જરૂર પણ નહિ હોય.

હા, સત્ત્વમાં આગલું અને પુનરુત્થાનનું - એમ બંને શરીરો સરખાં હશે, પણ એનાં ગુણધર્મમાં અને ખાસિયતોમાં જુદાં હશે. કોઈકે આ મુદ્દાને બહુ સરસ રીતે આમ સમજાવ્યો છે : પાણી, હિમકણો, બરફ અને વરાળ - એ બધાં સત્ત્વમાં સરખાં છે. એમને થોડી જ ઓછીવત્તી ગરમી કે ઠંડી દ્વારા જુદાં જુદાં રૂપમાં ફેરવી શકાય છે. પણ એ ચાર રૂપમાંના

પ્રત્યેક રૂપના ગુણધર્મ જુદા જુદા છે. પાણીમાં આપણે ડૂબી જઈએ, જ્યારે બરફ આપણને અધ્ધર રાખે કે ધરી રાખે; હિમકણો ઉપરથી પૃથ્વી તરફ વરસે છે, જ્યારે વરાળ પૃથ્વી ઉપરથી ઉપર ચઢે છે; બરફ કે હિમકણો આપણા શરીરને ઠંડીથી ધ્રૂજાવી દે છે, જ્યારે વરાળ દઝાડી દે છે. એમ જ આપણાં મૃત્યુ પહેલાંનાં અને પુનરુત્થાનનાં શરીરના ગુણધર્મ અલગ અલગ હશે, પણ સત્ત્વમાં સરખા હશે.

સંત પાઉલ ૧ કોરિંથી ૧૫:૩૯-૪૦ માં કહે છે : "સર્વ દેહ એકસરખા નથી; પણ માણસોનો દેહ જુદો, પશુઓનો જુદો, માછલાંનો જુદો, અને પક્ષીઓનો દેહ જુદો છે." આ વાક્યમાં સંત પાઉલે 'દેહ' શબ્દ (ગ્રીક : સાર્ખ; અંગ્રેજી : Flesh - ફ્લેશ) વાપર્યો છે, જ્યારે એની ઉપરના વાક્યમાં 'શરીર' (ગ્રીક : સોમા; અંગ્રેજી : Body - બૉડી) શબ્દ વાપર્યો છે. આમ પ્રભુએ ઉત્પન્ન કરેલાં જુદાં જુદાં પશુઓ, માછલાં, પક્ષીઓ અને માનવી - એ તમામના 'દેહ' તેઓ જે જુદાં જુદાં વાતાવરણમાં રહે છે તેમાં અનુકૂળ બને એ રીતે બનાવાયા છે. માછલાંને જે દેહ છે તે સાથે તેઓ જમીન પર રહી શકતાં નથી, કે અંતરિક્ષમાં ઊડી શકતાં નથી; અથવા પક્ષીઓ પાણીમાં તરી શકતાં નથી. એમ જ પૃથ્વી પર વસવા માટે બનાવેલો માનવી દેહ સ્વર્ગીય ધામમાં વસી શકે નહિ; સ્વર્ગધામમાં વસવા માટે તેને અનુકૂળ દેહ જોઈએ. એને માટે એ માનવીને મહિમાવંતુ શરીર મળશે. એટલે પાઉલ જણાવે છે કે,

> "સ્વર્ગીય શરીરો છે, તથા પૃથ્વી પર (ભૌતિક) નાં શરીરો છે; પણ સ્વર્ગીય (શરીરો)નું ગૌરવ જુદું, અને પૃથ્વી પરનાં (ભૌતિક શરીરો)નું જુદું" (૧ કોરિંથી ૧૫:૪૦).

સંત પાઉલ એ ઉપરથી એમ કહેવા માગે છે કે સ્વર્ગીય ધામમાં વસવા માટે માનવીના ભૌતિક શરીરમાં યોગ્ય ફેરફાર લાવવાની જરૂર છે. એટલે સંત પાઉલ ફરી જણાવે છે કે,

> "મૂએલાંનું પુનરુત્થાન પણ એવું છે. વિનાશમાં તે વવાય છે, અવિનાશમાં ઉઠાડાય છે; અપમાનમાં વવાય છે, ગૌરવમાં ઉઠાડાય

છે; નિર્બળતામાં વવાય છે, પરાક્રમમાં ઉઠાડાય છે; પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠાડાય છે. જો પ્રાણી શરીર છે, તો આત્મિક શરીર પણ છે."..... "જેમ આપણે માટીના (પ્રાણી શરીર)ની પ્રતિમા (આદમ દ્વારા) ધારણ કરી છે, તેમ સ્વર્ગીય (આત્મિક શરીર)ની પ્રતિમા (ખ્રિસ્ત દ્વારા) પણ ધારણ કરીશું" ૧ કોરિંથી ૧૫:૪૨-૪૪, ૪૯.

**ચ. અવિનાશી શરીર :** પ્રભુ ઈસુના પુનરુત્થાનના શરીર જેવું શરીર આપણને પણ આપણા પુનરુત્થાનના સમયે મળશે. એ આત્મિક શરીર વિનાશી નહિ પણ **અવિનાશી** (એટલે કે અમર) શરીર હશે. પૃથ્વી ઉપર બાળક જન્મે છે ત્યારથી જ તેના શરીરમાં વિનાશની પ્રવૃત્તિ શરૂ થઈ જાય છે. એના શરીરના, ચામડીના, મગજના અને અન્ય ભાગોના કોશો ઘસાવા અને ક્ષીણ થવા માંડે છે, - મરવા માંડે છે. પણ પુનરુત્થાનનું શરીર અવિનાશી હશે. એમાં કોશો ઘસાશે નહિ, જર્જરિત બનશે નહિ, ઘડપણ પ્રવેશશે નહિ. એ શરીર અમર હશે.

**છ. ગૌરવવંતું શરીર :** "અપમાનમાં વવાય છે; ગૌરવમાં ઉઠાડાય છે." ફિલિપી ૩:૨૧ માં સંત પાઉલ લખે છે: "તે (પ્રભુ ઈસુ), જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે જ પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીરના જેવું થાય." રોગગ્રસ્ત, થાકથકાવટવાળું, જર્જરિત બનતું જતું, દાંત પડી જાય, આંખે ઝાંખપ વળે, સાંધે સાંધે વાથી ઝલાઈ જવાય એવું નહિ, પણ ગૌરવવંતું શરીર પુનરુત્થાનમાં મળશે.

પ્રભુ ઈસુએ સ્વર્ગમાં માનવી શરીર ઉતારી મૂક્યું નથી, પણ બેથલેહેમની ગભાણમાં પૃથ્વી ઉપર જે માનવી શરીર તે પામ્યા, એ જ શરીર પુનરુત્થાનમાં મહિમાવંતું બન્યું, અને એ જ શરીરમાં તેઓ સ્વર્ગે ચઢ્યા, અને આજ સુધી એ જ શરીરમાં તે છે, અને પુનરાગમનને વખતે એ જ મહિમાવંતા માનવી શરીરમાં તે પાછા આવશે (પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૧.

વળી, સરખાવો. યોહાન ૧:૧૪ અને પ્રકટીકરણ ૨૧:૩). પ્રભુ ઈસુના એ મહિમાંવતા શરીરનું કેવું અદ્દભુત વર્ણન પ્રકટીકરણ ૧:૧૨-૧૬માં આપવામાં આવ્યું છે!:

"જે વાણી મારી સાથે બોલી તેને જોવાને હું પાછો ફર્યો. અને ફર્યો ત્યારે મેં સોનાની સાત દીવી જોઈ. તે દીવીઓની વચમાં મનુષ્યપુત્ર જેવા એકને મેં જોયો, તેણે પગની પાની સુધી પહોંચે એવો ઝભ્ભો પહેરેલો હતો, અને તેની છાતી પર સોનાનો પટો બાંધેલો હતો. તેનું માથું તથા કેશ ધોળા ઊનના જેવાં, બરફની માફક શ્વેત હતાં. અને તેની આંખો અગ્નિની જવાળા જેવી હતી. તેના પગ જાણે ભઠ્ઠીમાં શુદ્ધ થયેલા ચળકતા પિત્તળના જેવા હતા. તેનો સાદ પુષ્કળ પાણીનાં અવાજ જેવો હતો. તેના જમણા હાથમાં સાત તારા હતા; તેના મોંમાંથી બેધારી પાણીદાર તરવાર નીકળતી હતી; તેનો ચહેરો પૂર્ણ તેજથી પ્રકાશતા સૂર્યના જેવો હતો." (પ્રકટીકરણ ૧:૧૨-૧૬).

અહીં પ્રભુ ઈસુનું શરીર ખરેખરું, દેખી શકાય તેવું, અને મહિમાવંતું હતું. અને પ્રત્યેક વિશ્વાસીજનને પુનરુત્થાનમાં પ્રભુ ઈસુના શરીર જેવું શરીર મળશે એવું પાઉલ જણાવે છે : "પણ આપણી નાગરિકતા આકાશમાં છે; ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની, રાહ જોઈએ છીએ. તે, જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે **તે તેના મહિમાવાન શરીરના જેવું થાય**" (ફિલિપી ૩:૨૦). રૂપાંતરના પહાડ ઉપર પ્રભુ ઈસુનું શરીર કેવું ગૌરવવાન બની ગયું હતું! એવું જ મહિમાવાન શરીર આપણને મળનાર છે.

**જ. પરાક્રમી શરીર :** "નિર્બળતામાં વવાય છે, પરાક્રમમાં ઉઠાડાય છે." પુનરુત્થાનનું શરીર પરાક્રમથી ભર્યું ભર્યું હશે. એક જ દૂતે એક સાથે એક લાખ પંચાસી હજારને માર્યા (૨ રાજા ૧૯:૩૫), એવું પરાક્રમી

શરીર. હાલનું માનવી શરીર ઘણું સહન કરી શકતું નથી. આદમને મળેલું શરીર શક્તિથી ભરેલું હશે, પણ પાપને કારણે એ પરાક્રમી શરીર નિર્બળ બન્યું. માણસ પાકટ ઉંમરનો બનતાં એનું શરીર કૃશ બનતું જાય છે, અને અતિ વૃદ્ધાવસ્થામાં તે તદ્દન અશક્ત બની જાય છે. અને માણસને માટે સામાન્ય પ્રવૃત્તિ આચરવી પણ બહુ ત્રાસજનક બની રહે છે. અને આખરે માણસ અસહાય બાળકસમ બને છે.

પણ પુનરુત્થાનમાં મળેલું શરીર કદી થાકશે નહિ, - નિર્ગત બનશે નહિ, અને એની શક્તિ કદી ઓછી થશે નહિ.

**ઝ. સૌંદર્યવાન શરીર :** ઉત્પત્તિકાળે ઈશ્વરે બધી સૃષ્ટિ બનાવી ત્યારે માણસ પણ બનાવ્યું. અને એ બધું બનાવી રહ્યા પછી ઈશ્વરે પોકાર્યું, 'ઉત્તમોત્તમ!' માણસ પણ ઉત્તમોત્તમ બનાવ્યું. અને સૌંદર્યહીન માણસ ઉત્તમોત્તમ ન જ હોય! એટલે કે પ્રભુના હાથે બનાવાયેલાં આદમ અને હવા નિપુણ કલાકાર ઘડી શકે એના કરતાં અધિકાધિક સૌંદર્યવાન શરીરોવાળાં હશે જ હશે. અને પાપને કારણે ભૂંસાયેલું કે લુપ્ત થયેલું સૌંદર્ય પુનરુત્થાન સમયે પાછું મળશે. ચિરકાલની યુવાનીભર્યું અને તંદુરસ્તીથી ઓપતું એ શરીર સૌંદર્યવાન હશે.

**ટ. અગાઉનાં શરીરોની ખોડખાંપણો દૂર કરવામાં આવી હશે એવાં શરીરો :** 'વિશ્વાસીજન'ના મૃત્યુ પહેલાંના શરીરમાં અનેક ખોડખાંપણો ઊભી થઈ હશે, જેમ કે, માણસ આંધળો બન્યો હોય, લંગડો, હાથ વગરનો, બોખો, બહેરો બન્યો હોય, પક્ષાઘાત થયો હોય, ઘડપણનાં વિકૃત બધાં લક્ષણો પ્રવેશ્યાં હોય, - આ બધી જ વિકૃતિઓ અને ખોડખાંપણો પુનરુત્થાનના શરીરમાંથી દૂર કરાઈ હશે. પૃથ્વી પર પાપ પેઠું છે, અને એને લઈને માનવી શરીરમાં ઉપરની વિકૃતિઓ આવી છે. પણ પુનરુત્થાનમાં પાપને દૂર કરાશે, એટલું જ નહિ, પણ પાપનાં પરિણામોને પણ દૂર કરવામાં આવશે. ઉત્પત્તિકાળે ઈશ્વરે માણસને અદ્ભુત કારીગરીવાળા યંત્રસમું ખામી કે વિકૃતિ રહિત શરીર આપ્યું હતું. એટલે

પુનરુત્થાનમાં બધી ખામીઓ દૂર કરાશે, અને વિકૃતિ કે ખામી રહિત શરીર બનશે.

પ્રભુ ઈસુએ ક્રૂસ પર જે ઉદ્ધાર કર્યો તે માત્ર અર્ધોપર્ધો ઉદ્ધાર નહોતો. આપણા આત્માઓને શુદ્ધ, પાપ રહિત કરવામાં આવે છે, એટલું જ નહિ, પણ આપણાં અધમાવસ્થાનાં શરીરોને પણ, પુનરુત્થાન સમયે, ઉદ્ધાર કરીને મહિમાવંતા અને સંપૂર્ણ કરાશે. આમ, પ્રભુ આપણો સંપૂર્ણ ઉદ્ધાર, એટલે કે શરીરો બાકી રહ્યાં હતાં તેમનો પણ ઉદ્ધાર, પુનરુત્થાન સમયે કરશે. (ફિલિપી ૩:૨૦,૨૧).

પ્રભુ ઈસુ પૃથ્વી પર હતા ત્યારેય તેમણે કેટલાક લંગડાને ચાલતા કર્યાં, આંધળાને દેખતા કર્યાં, બહેરામૂંગાને સાંભળતા - બોલતા કર્યાં. અને આજે પણ પ્રભુ ઈસુ દવાઓ, ઓપરેશનો, અને 'વિશ્વાસ' દ્વારા કેટલાકનાં શરીરોને સાજાં કરે છે, તો પુનરુત્થાનમાં તો સહુ વિશ્વાસીઓનાં શરીરોને તે સંપૂર્ણ કરશે એ કેટલું વિશેષ ખાતરીભર્યું છે! નવા આકાશ, નવી પૃથ્વી અને નવા યરુશાલેમ સાથે અપૂર્ણતા સુસંગત નથી.

**સ્થળ અને સમયના બંધન રહિત શરીર :** પૃથ્વી અને પૃથ્વીનાં સર્વ વાનાં, સ્થળ અને સમયના બંધનથી બંધાયેલાં છે. અત્યારે આપણે એક સ્થળે હોઈએ તે જ સમયે બીજા સ્થળે ન જ હોઈ શકીએ, કારણ, આપણે સ્થળ અને સમય (**દિક અને કાળ**)ના બંધનમાં લપેટાયેલાં છીએ. પણ પુનરુત્થાનનું શરીર આ બંને પ્રકારનાં બંધનથી મુક્ત હશે, - પ્રભુ ઈસુનું પુનરુત્થાનનું શરીર હતું તેમ જ.

**ઠ. જાતિ ચાલુ રહેશે :** આ સ્વર્ગીય અને મહિમાવંત શરીરમાં લિંગભેદ એટલે કે (પુરુષ કે સ્ત્રી તરીકેની) જાતિ ચાલુ રહેશે. પ્રજોત્પત્તિની ત્યાં જરૂર નહિ હોય એ ખરું. ત્યાં આપણે બધાં દેવદૂતો જેવાં બનીશું. ઈશ્વરે જ્યારે દેવદૂતોને ઉત્પન્ન કર્યા ત્યારે દેવદૂતોની જે સંખ્યા હતી તેટલી ને તેટલી જ આજે પણ છે, કારણ, મૃત્યુ તેમને સ્પર્શતું નથી, એટલે તેમની સંખ્યા ઘટતી નથી. અને એટલે નવા દૂતો જન્માવવાની જરૂર હોતી નથી.

આમ, સ્વર્ગીય ધામમાં તેઓ પરણતા-પરણાવતા નથી; તેવું જ માનવીઓનું પણ ત્યાં થશે. મૃત્યુ કદી પ્રવેશશે નહિ.

પણ એનો અર્થ એવો નથી થતો કે જાતીય જુદાપણું મટી જશે. માનવી વ્યક્તિનું પુરુષપણું કે સ્ત્રીપણું એ એના વ્યક્તિત્વનો એક ભાગ છે. એટલે વ્યક્તિત્વનું આ પાસું એટલે કે જાતિ નાબૂદ થશે નહિ.

પુરુષની અને સ્ત્રીની ખાસિયતો યા ગુણધર્મો વ્યક્તિત્વનાં પરિણામની ખાસ દિશાઓ રજૂ કરે છે, અને વિવિધતા બક્ષે છે. અને પુનરુત્થાનનાં શરીરોમાં એ ગુણધર્મો ચાલુ રહેશે. હા, સંત પાઉલ ગલાતી ૩:૨૭, ૨૮ માં કહે છે : "કેમ કે તમારાંમાંના જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો. માટે હવે યહૂદી કે હેલેની કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, **પુરુષ કે સ્ત્રી કોઈ નથી**; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો." પણ એનો અર્થ એવો નથી થતો કે ખ્રિસ્તમાં જોડાયા પછી પુરુષ-સ્ત્રીના લિંગભેદ જતા રહે છે. એમ પુનરુત્થાન પછીના જીવનમાં એવું જ હશે.

બીજું કે સ્વર્ગીય જીવનમાં આપણે એકબીજાને આપોઆપ ઓળખી શકીશું. એ પણ માગી લે છે કે જાતિભેદ ત્યાં ચાલુ રહેશે. એ જાતિભેદ વિકાર રહિત, શુદ્ધ સ્વરૂપમાં અને ઈશ્વરને મહિમા આપનારો હશે.

**ડ. જોઈ-ઓળખી શકાય તેવું શરીર :** હાડેસમાં પીડા ભોગવતા ધનવાને લાજરસને આબ્રાહમની ગોદમાં **જોયો** અને **ઓળખ્યો.** પુનરુત્થાનના શરીરમાં શિષ્યોએ પ્રભુ ઈસુને જોયા. પ્રભુ ઈસુએ અનેક વાર અનેક જણને દર્શન આપ્યાં, એટલે કે તેઓએ પ્રભુ ઈસુને જોયા. (જુઓ, લૂક ૨૪:૩૮-૪૦). જેમ પ્રત્યેક વ્યક્તિને અહીં પૃથ્વી ઉપર પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે, અને એનું શરીર એ દ્વારા, અન્યનાં શરીરોથી અલાયેદુ ઓળખાઈ આવે છે, એવું જ અંગત અલાયદું વ્યક્તિત્વ પુનરુત્થાનના શરીરને હશે, અને એ દ્વારા તે ઓળખાઈ આવશે. કેટલાકનું એમ માનવું છે કે વિશ્વાસી માણસનું પૃથ્વી પરનું શરીર હતું તે જ શરીર,

પણ મહિમાવંત રૂપમાં મળશે, એવી માન્યતા બરાબર નથી. અગાઉના શરીરના અણુઓ અન્ય હજારો પ્રાણીઓ કે જીવજંતુઓ કે વનસ્પતિમાં કાળાંતરે ફેરવાઈ ગયા હશે, તે બધાને પાછા એકઠા કરવાનું અશક્ય બને. એટલે દરેક વિશ્વાસી આત્માને ઈશ્વર તદ્દન નવું જ શરીર આપશે, - કદાચ માટીમાંથી બનાવીને કે બીજી કોઈ ચીજમાંથી બનાવીને.

પણ ઉપર જણાવેલી માન્યતા બાઇબલ પ્રમાણે નથી. અને જો પેલું જ મૂળ શરીર (હા, મહિમાવંત રૂપમાં) ના મળે તો એને પુનરુત્થાન કેવી રીતે કહેવાય? આત્મા તો અમર છે, એટલે એનું તો પુનરુત્થાન હોય જ નહિ. અને જો એ જ શરીર ન ઊઠે તો પુનરુત્થાન શાનું? પણ બાઇબલ તો પુનરુત્થાન શબ્દ વાપરે છે. હા, મહિમાવંતા શરીરમાં અગાઉના શરીર કરતાં ફેરફારો હશે તે સ્વર્ગીય વાતાવરણને માફક આવે એવા ફેરફાર હશે. પણ તેથી વ્યક્તિતા (identity) જતી નહિ રહે; આપોઆપ ઓળખાઈ આવશે. બાઇબલનું એ વિષેનું શિક્ષણ સ્પષ્ટ, અને સીધેસીધું છે કે એ જ આત્માને મૂળ એનું હતું એ જ શરીર મહિમાવંત રૂપમાં મળશે. પ્રભુ ઈસુને પુનરુત્થાનમાં એમનું પોતાનું જ શરીર મળ્યું હતું. અને પ્રભુ ઈસુ મૂએલામાંથી ઊઠનારાંનું 'પ્રથમફળ' થયેલા છે, એટલે મૂએલાંમાંથી ઊઠનારાં 'વિશ્વાસીઓને' પણ, પ્રભુ ઈસુની માફક, મૂળ શરીર (મહિમાવંત રૂપમાં) મળશે.

**ઢ. સ્પર્શી શકાય તેવું શરીર :** પ્રભુ ઈસુના પુનરુત્થાનના શરીરને શિષ્યો અડક્યા. પ્રભુ ઈસુએ જ તેમને કહ્યું, "તમે કેમ ગભરાઓ છો? અને તમારા મનમાં તર્કવિતર્ક કેમ થાય છે? મારા હાથ તથા પગ જુઓ કે, એ હું પોતે છું. **મને હાથ અડકાડીને જુઓ**" (લૂક ૨૪:૩૮-૪૦). વળી માથ્થી ૨૮:૯ માં આપ્યું છે કે, "અને તેઓએ આવીને તેના પગ પકડ્યા, તે તેનું ભજન કર્યું." વળી, પ્રભુ ઈસુ થોમાને કહે છે : "તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો; અને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ" (યોહાન ૨૦:૨૭).

**ત. આભાસરૂપ નહિ; ખરેખરું. એ ખરેખરું શરીર હશે :** એ શરીર સાચા અને વાસ્તવિક અર્થમાં શરીર હશે. એ માત્ર આભાસરૂપ કે પડછાયારૂપ શરીર નહિ હોય. એને જોઈ શકાશે, અડકી શકાશે, અને પકડી શકાશે. પ્રભુ ઈસુનું પુનરુત્થાનનું શરીર એવું જ હતું. (સરખાવો ૧ યોહાન ૧:૧. ૫:૧૩). અહીં એક ખુલાસો કરી દઉં. પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી રોટલી અને માછલી ખાધાં પણ પુનરુત્થાનના શરીરને પોષણની જરૂર નથી. તેમણે ખાધું, કારણ તે શિષ્યોને બતાવવા માગતા હતા કે એમનું શરીર ખરેખરું શરીર હતું.

**થ. એ આત્મિક શરીર હશે :** "પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠાડાય છે." "જેમ આપણે માટીના (આદમ પેઠે પ્રાણી શરીર)ની પ્રતિમા ધારણ કરી છે, તેમ સ્વર્ગીય (પ્રભુ ઈસુ જેમ આત્મિક શરીર)ની પ્રતિમા પણ ધારણ કરીશું." (૧ કોરિંથી ૧૫:૪૩,૪૯). હાલનું આપણું શરીર આપણા 'પ્રાણ' દ્વારા સંચલિત બને છે. આપણા શરીરનું સંચાલન આપણા 'પ્રાણ' દ્વારા થાય છે.

બાઈબલમાં આ **પ્રાણને જીવ** પણ કહેવામાં આવ્યો છે. શરીર, પ્રાણ, અને આત્મા એ ત્રણે માનવી વ્યક્તિની ત્રૈકતા (ત્રૈકપણું) દર્શાવે છે. (૧ થેસ્સા. ૫:૨૩. હિબ્રૂ ૪:૧૨).

આ **પ્રાણ** તે આપણાં સર્વ હેત યા ચાહનાઓ, આપણા સર્વ સ્નેહરાગ, આપણી ઈચ્છાઓ, આપણા ઈન્દ્રિય જ્ઞાનભાન, અને આપણી લાગણીઓનું કેન્દ્ર છે. આ પ્રાણ અદ્રશ્ય છે. આ આપણું આંતરિક મનુષ્યત્વ પાપથી ખરડાયેલું છે, એટલે આપણું શરીર પણ આપણા મનની ભૂંડી વાસનાઓ અને આકાંક્ષાઓ પૂરી કરવા માટેનું સાધન બની રહે છે.

પણ પુનરુત્થાનમાં આપણને જે મહિમાવંત શરીર મળશે તે શરીર આપણા ઉદ્ધાર પામેલા અને પાપરહિત આત્માના કન્ટ્રોલમાં (આત્માના અધિકાર નીચે) રહેશે. આપણો પવિત્ર બનેલો આત્મા આ શરીર ઉપર સંપૂર્ણ આધિપત્ય ભોગવશે. આપણા મૃત્યુ સમયે જૂનું માણસપણું અથવા આપણો જૂનો સ્વભાવ આપણે સંપૂર્ણપણે ઉતારી મૂક્યો હશે. અને આપણું

પુનરુત્થાનનું શરીર આપણા નવા જીવન યા આત્મિક સ્વભાવના આધિપત્ય નીચે આવશે.

આ મહિમાવંતું શરીર આપણા ઉદ્ધાર પામેલા આત્માની સાથે સો ટકા એટલે કે સંપૂર્ણ એકરાગ હશે; આત્માની સંપૂર્ણ ઇચ્છાઓ સાથે આ શરીર સંપૂર્ણ સુમેળમાં હશે, અને કોઈ વિખવાદ કે વિસંવાદ નહિ હોય.

ઈશ્વરનો આત્મા આ પૃથ્વી પરનાં આપણાં શરીરને પોતાના મંદિર તરીકે વાપરે છે, ત્યારે પુનરુત્થાન પછીના મહિમાવંતા શરીરનો સંપૂર્ણ કબજો એ ઈશ્વરના આત્માને મળશે ત્યારે એ કેવી અજાયબ રીતે વપરાશે! નવા સ્વર્ગીય વાતાવરણને માટે એ કેવું બંધબેસતું હશે!

આપણને પુનરુત્થાન સમયે ખ્રિસ્તના પુનરુત્થાન સરીખું શરીર મળશે એ ખરું, પણ એમાં આટલો તફાવત હશે : પ્રભુ ઈસુનું શરીર કબરમાં મૂકાયું ખરું, પણ તે કોહવાણ જોવા પામ્યું નહિ. "તું તારા પવિત્રને કોહવાણ પણ જોવા દેશે નહિ" (ગી.શા. ૧૬:૧૦, પ્રે.કૃ.૨:૨૭,૩૧). એમ તેમનું શરીર કોહવાણ પામ્યું નહિ. વળી જે શરીર કબરમાં સુવાડ્યું હતું તે જ શરીર પાછું ઊઠ્યું; પણ મહિમાવંતું સ્વરૂપ ધારણ કરીને ઊઠ્યું. એ શરીર એનું એ જ ઊઠ્યું હતું, માટે જ એમાં ખીલાના વેહ અને કૂખમાં ભાલાનો વીંધ હતા, તોપણ એ મહિમાવંતા શરીરમાં પલટાઈ ગયું હતું. એટલે જ બંધ બારણામાં થઈને પણ આરપાર જઈ શકતું, અને ઇચ્છામાં આવે ત્યારે દ્રશ્ય અને અદ્રશ્ય બની શકતું હતું.

**द. રક્ત વગરનું શરીર :** પ્રભુ ઈસુના પુનરુત્થાનના શરીરમાં માંસ અને હાડકાં હતાં, પણ એમાં લોહી નહોતું. એમનું લોહી ક્રૂસ પર બલિદાન તરીકે રેડાઈ ચૂકાયું હતું. પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી પેલી ઓરડીમાં ભયભીત શિષ્યોને એકાએક દર્શન આપ્યું ત્યારે ગભરાતા શિષ્યોને પ્રભુ ઈસુએ આમ કહ્યું : "તમે કેમ ગભરાઓ છો? અને તમારા મનમાં તર્કવિતર્ક કેમ થાય છે? મારા હાથ તથા પગ જુઓ કે હું પોતે છું; મને હાથ અડકાડીને જુઓ; કેમ કે જેમ તમે જુઓ છો કે **મને માંસ તથા**

**હાડકાં છે તેમ આત્મા (શરીરરહિત આત્મા)ને હોતાં નથી.**" (લૂક ૨૪:૩૮-૪૦).

વળી, સંત પાઉલ ૧ કોરિંથી ૧૫:૫૦ માં સ્પષ્ટ કરે છે કે, "હવે, ભાઈઓ, હું એ કહું છું કે, **માંસ તથા રક્ત** દેવના રાજ્યનો વારસો પામી શકતાં નથી; તેમ જ વિનાશીપણું અવિનાશીપણાનો વારસો પામનાર નથી." ભૌતિક શરીરમાં લોહી હોય છે. આપણે જે ખોરાક-પાણી લઈએ છીએ તે લોહીમાં પલટાય છે, અને એ લોહી દ્વારા જ શરીરના જુદા જુદા ભાગોને ટકાવવા પોષક દ્રવ્યો પહોંચતા કરવામાં આવે છે. પણ પુનરુત્થાનમાં આપણને જે મહિમાવંતું અને **અમર** શરીર મળશે એ કદી જર્જરિત બનશે જ નહિ, અને એના કોશો કદી જર્જરિત બનશે નહિ. એટલે એ મહિમાવંતા અને અમર શરીરમાં લોહીની જરૂર રહેશે નહિ. અને સ્થૂળ યા ભૌતિક શરીરમાં જે માંસ ક્ષીણ થતું અને એના કોશો જર્જરિત બનતા અને નાશ પામતા હોય છે, અને જેને લોહી દ્વારા સતત પોષણ પૂરું પાડવું પડે છે, એવું માંસ પુનરુત્થાનના શરીરમાં નહિ હોય. એટલે પાઉલ અહીં કહે છે કે (એવું) માંસ તથા રક્ત ઈશ્વરના રાજ્યનો વારસો પામી શકતાં નથી.

પણ હાડકાં તથા માંસ શરીરને ખાસ ઘાટ, આકાર અને સ્વરૂપ આપે છે, અને એ બંને દ્વારા એનો 'ઘાટ' દેખાય છે. એમ પુનરુત્થાનના શરીરમાં, જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તને હતાં તેમ, માંસ તથા હાડકાં હશે. ફરક એટલો જ કે એ મહિમાવંતા શરીરનું માંસ અમર હશે, એને પોષણની જરૂર રહેશે નહિ, એ જર્જરિત બનશે નહિ, એમાં રોગ કે થાક પ્રવેશશે નહિ. માનવીના પ્રાણી શરીરમાં લોહી જ કોહવાણ અને સડો લાવે છે, એટલે મૃત શરીરને ઘણા લાંબા સમય સુધી રાખવા માટે જે પ્રક્રિયાઓ કરવામાં આવે છે તેમાં એ શરીરનું લોહી દૂર કરવામાં આવે છે અને આંતરડાં (ખોરાક પચાવનાર અંગો) કાઢી નાખવામાં આવે છે. આમ, મહિમાવંતા શરીરમાં લોહી અને ભૌતિક માંસ નહિ હોય. પણ સ્વર્ગીય ધામ 'નવા યરુશાલેમ'માં સાનુકૂળ બને તેવું શરીર, તેવાં માંસ અને હાડકાં હશે.

પ્રભુ ઈસુના પુનરાગમન સમયે પ્રભુના જે લોકો જીવતા હશે તેઓ તો મહિમાવંતા શરીરમાં રૂપાંતર પામશે. સંત પાઉલે એ વિષે કેટલું સ્પષ્ટ કહ્યું છે! "જુઓ, હું તમને એક રહસ્ય કહું છું : આપણે સર્વ ઊંઘીશું નહિ, (એટલે કે પ્રભુના પુનરાગમન સમયે બધાં મૃત્યુની ઊંઘમાં ઊંઘી ગયેલાં નહિ હોય, પણ કેટલાંક જીવતાં હશે), પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ, **એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણું સર્વનું રૂપાંતર થઈ જશેઃ** કેમ કે રણશિંગડું વાગશે, અને મૂએલાં અવિનાશી (થઈને) ઊઠશે, અને આપણું રૂપાંતર થઈ જશે" (૧ કોરિંથી ૧૫:૫૧, ૫૨). વળી, સંત પાઉલ ફિલિપીઓને પત્ર ૩:૨૧ માં એ જ વાત કહે છે : "તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીર (પ્રાણી શરીર)નું એવું **રૂપાંતર કરશે** કે તે તે (ખ્રિસ્ત)ના **મહિમાવાન શરીરના જેવું થાય.**"

કદરૂપો કીડો કોશેટામાં સુષુપ્તાવસ્થામાં પડ્યો ખરો, પણ થોડા જ દિવસમાં કોશેટામાંથી પેલો જ કદરૂપો કીડો બહાર નીકળતો નથી, પણ રંગરંગિત કમનીય પતંગિયું બહાર આવે છે! ક્યાં પેલો કદરૂપો કીડો અને ક્યાં આ મહિમાવંતું પતંગિયું! એમ, કબરરૂપી કોશેટામાં ચીમળાઈ ગયેલું, રોગગ્રસ્ત અને ઘરડું બનેલું શરીર આપણે સુવાડીએ છીએ, પણ પુનરુત્થાનની ધન્ય પ્રભાતે મહિમાવંતા શરીરમાં એ ઊઠશે!

અથવા બીજું રૂપક લઈએ : કોઈ મોટા બગીચામાં એના અલગ અલગ ક્યારાઓમાં જાતજાતનાં અને ભાતભાતનાં બી વાવ્યાં હોય છે, - ગલગોટાનાં, ગુલદાવરીનાં, ઝીનિયાનાં, બારમાસીનાં, હોલીહોક્સનાં, કરેણનાં, અને અનેક બીજાં બી. આ બધાં બીમાં કંઈ સૌંદર્ય હોતું નથી, અને કેટલાંક તો ચીમળાઈ ગયેલાં અને કદરૂપાં દેખાય છે. આ બધા ક્યારાઓમાં, બી વાવ્યાં છે ત્યાં, વાંસની સળીઓ રોપી હોય છે, અને એ પ્રત્યેક સળી ઉપર ત્યાં ક્યાં ક્યાં બી વાવ્યાં છે તે કાગળની કાપલીમાં લખેલું હોય છે.

એમ જ કબરસ્તાનોમાં અલગ અલગ કબરોમાં આપણાં વહાલાંઓનાં શરીર સુવાડ્યાં હોય છે, અને કબર ઉપર પથ્થર કે ક્રોસ

ચોડીને એ ઉપર મૃત સ્વજનનું નામ, જન્મતારીખ, મૃત્યુતારીખ, ઈત્યાદિ લખ્યાં-કોતર્યાં હોય છે.

હવે ધારો કે થોડા દિવસ પછી બગીચાનો માળી પેલા ક્યારાઓ પાસે જઈને તપાસ કરે, અને જો પેલાં જ ચીમળાઈ ગયેલાં બીજ પાછાં નીકળ્યાં હોય તો? તો માળી કેવો ગુસ્સે અને નિરાશ થાય! એમ જ પુનરુત્થાનની પ્રભાતે પેલાં જ આજારી, જર્જરિત અને ઘરડાં શરીરો બહાર આવે તો! ના, ના, સંત પાઉલ કહે છે : "દરેક બીને પોતાનું ખાસ શરીર હોય છે" (૧ કોરિંથી ૧૫:૩૮). અને થોડા જ દિવસોમાં પેલા બગીચાના ક્યારાઓમાં રંગબેરંગી ફૂલોથી લચી રહેલા લીલાછમ છોડવા જોવા મળે છે. અને ફૂલોથી આખો બગીચો કેવો રંગબેરંગી, શોભાયમાન અને મહિમાવંતો લાગે છે! એમ જ પુનરુત્થાનની ધન્ય પ્રભાતે જ્યારે ધન્ય સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને લેવાને માટે ગગનમાં ઊતરશે ત્યારે આપણાં અગાઉ ગયેલાં વહાલાંઓનાં શરીર કેવાં મહિમાવંતાં ઊઠ્યાં હશે!

અને ખાણમાં વર્ષોથી સૂતો કાળો કોલસો કેવો ઝગઝગાટ હીરાના રૂપમાં આખરે પલટાઈ જાય છે! એવું જ આપણાં મૃત શરીરોનું બનશે. આ તો ભૌતિક પૃથ્વીના દાખલા લીધા. પણ મૃત્યુંજય બનીને ઊઠનારાં શરીરોનો મહિમા કેવો અનેરો અને અનોખો હશે! કોણ એની કલ્પના કરી શકે?

## ૫. ઉદ્ધારના ત્રણ તબક્કા અને મહિમાવંતું શરીર :

ક્રૂસ ઉપર પ્રભુ ઈસુએ જે બલિદાન આપ્યું અને આપણો ઉદ્ધાર સિદ્ધ કર્યો તેના ત્રણ તબક્કા અથવા ત્રણ કાળ છે :

**क. પહેલો તબક્કો અથવા ભૂતકાળ :** ક્રૂસ ઉપર તેમણે આપણાં પાપની શિક્ષા ખમી, અને નર્કની શિક્ષામાંથી આપણને મુક્ત કર્યા. એ બલિદાનનો સ્વીકાર કરવાથી આપણે, ઈશ્વરની નજરમાં 'પાપી' મટી જઈને, વિશ્વાસ દ્વારા, 'ન્યાયી' બની જઈએ છીએ. એ આપણું **ન્યાયીકરણ** થયું. એની નિશાની 'ક્રૂસ' છે.

**ખ. બીજો તબક્કો અથવા વર્તમાનકાળ :** ન્યાયી ઠેરવાયા પછીના જીવનમાં પવિત્ર આત્મા આપણને ખ્રિસ્તનું સામર્થ્ય રોજબરોજ આપે છે, અને એમ પાપના બળ ઉપર આપણને દરરોજ વિજયી બનાવે છે. એ છે આપણા વર્તમાન જીવનની દરરોજની વાત. શેતાનના અને પાપના સામ્રાજ્ય ઉપરનો આપણો રોજનો વિજય. એની નિશાની 'પ્રભુભોજનની મેજ' છે. પ્રભુ ઈસુને આપણે દરરોજ લઈએ છીએ.

**ગ. ત્રીજો તબક્કો અથવા ભવિષ્યકાળ :** પ્રભુના પુનરાગમન સમયે તે આપણા અધમાવસ્થાનાં શરીરનું એવું રૂપાંતર કરશે કે એ શરીર તે (પ્રભુ ઈસુ)ના મહિમાવાન શરીરના જેવું થાય (ફિલિપી ૩:૨૧). ઉદ્ધારનો આ ત્રીજો તબક્કો નજદીકના ભવિષ્યમાં પ્રભુના પુનરાગમન સમયે થશે. એની નિશાની 'મુગટ' છે, જે ભવિષ્યમાં મળનાર છે.

## ૬. પુનરુત્થાનમાં આપણે એકબીજાંને ઓળખી શકીશું?

ઘણાંબધાને આ પ્રશ્ન બહુ સતાવે છે : "શું પુનરુત્થાનમાં આપણે એકબીજાંને ઓળખી શકીશું?"

૧. કેટલાક અભ્યાસકો એનો 'ના' માં જવાબ આપે છે. તેઓ કહે છે કે આપણે પુનરુત્થાન પછીના જીવનમાં એકબીજાંને ઓળખી શકીશું નહિ. કારણ, ઘણાં આપણાં આપ્તજનો અને વહાલાંઓ નર્કે ગયાં હશે તેમને આપણે સ્વર્ગમાં નહિ જોઈએ, એટલે આપણને એ દુઃખ ખૂબ સાલશે, અને એને કારણે સ્વર્ગનો આનંદ સંપૂર્ણ નહિ, પણ અપૂર્ણ બની જશે. એમ ન બને માટે જ આપણે એકબીજાંને ઓળખી શકીશું નહિ.

૨. એવો જ બીજો જવાબ પણ છે. સ્વર્ગમાં એટલા બધા લોકો - કરોડોના કરોડો લોકો આવ્યા હશે, અને એટલા બધા લોકોમાંથી આપણે આપણાં આપ્તજનોને કેવી રીતે શોધી કાઢીને ઓળખી શકીશું? તેઓનું કહેવું છે કે આપણે એકબીજાંને ઓળખી શકીશું નહિ.

દાખલા તરીકે, આપણે મુંબઈ કે ન્યૂયોર્ક કે લંડન જેવા અજાણ્યા શહેરમાં જઈને આપણા ભાઈ કે અન્ય સંબંધીને શોધવા મથીએ, - અને

આપણી પાસે એમના વિષેનો કોઈ પત્તો ન હોય, તેમનું ઘર, ચાલી, વિસ્તાર કે કશું જ ન જાણતા હોઈએ તો મહિનાઓ સુધી એ શહેરમાં ફર્યા કરીએ અને શોધ્યા કરીએ તોપણ આપણા સંબંધીનો પત્તો જ ન મળે. એમ નવા યરુશાલેમની અગણિત વસતીમાં આપણે આપણાં વહાલાંઓને શોધી શકીશું નહિ, મળી શકીશું નહિ, અને ઓળખી પણ શકીશું નહિ.

૩. ઉપર આપેલા બંને મત બાઇબલશિક્ષણથી વિરુદ્ધ અને નિષ્ઠુર મતો છે. બાઇબલ તો સ્પષ્ટ શીખવે છે કે આપણે એકબીજાને ઓળખી શકીશું, - અને તત્કાળ ઓળખી શકીશું. કારણ, આપણે આગળ જોઈ ગયા તેમ 'દિક્' (સ્થળ) અને 'કાળ' (સમય)નાં બંધનો ત્યાં નહિ હોય. ત્યાં શોધવા નીકળવું નહિ પડે. જેનો વિચાર કરીશું તે આપ્તજન આપણી સામે જ ખડું હશે.

ઈ.સ. ૧૯૫૪માં હું તથા એક બીજા બુઝુર્ગ મિત્ર અમે અમેરિકાથી **'ક્વીન ઈલિઝાબેથ'** સ્ટીમર દ્વારા લંડન આવી રહ્યા હતા. ન્યૂયોર્કના મારા એક મિત્રકુટુંબે લંડનના તેમના એક મિત્ર ઉપર લખ્યું હતું કે તે મિત્ર અમને બે જણને લેવા લંડનના ટીલબરી રેલવે સ્ટેશને આવે. આ લંડનવાળો મિત્ર ટેક્ષી ડ્રાઈવર હતો. એ ભાઈએ અમને કે અમારા ફોટાને અગાઉ કદી જોયા નહોતા, અમારા મનમાં હતું કે ટીલબરી રેલવે સ્ટેશને ઊતરીશું ત્યારે આવેલા ટેક્ષી ડ્રાઈવરોને પૂછીને અમને લેવા આવનાર ટેક્ષી ડ્રાઈવર મિત્રને ઓળખી કાઢીશું. પણ અમારી સ્ટીમરમાં બેસીને સાઉથામ્પ્ટન બંદરે ઊતર્યા પછી અમે ત્યાંથી રેલવેમાં બેસીને મોડી રાતે ટીલબરી સ્ટેશને ઊતર્યા, ત્યારે સેંકડો ટેક્ષીવાળા એક જ પ્રકારના યુનિફોર્મમાં સજ્જ ત્યાં હાજર હતા. પ્રશ્ન થયો કે આટલા બધામાંથી કોને પૂછવું? એટલે ઈશ્વરની સહાય માટે અમે પ્રાર્થના કરી. એ પછી એક ટેક્ષીવાળાને પૂછતાં જ અમે જાણી લીધું કે તે ભાઈ જ અમને લેવા આવ્યા હતા. આથી અમને અરસપરસ ભારે આનંદ થયો.

જો પૃથ્વી ઉપર, જ્યાં 'સમય' અને 'સ્થળ'નાં બંધન છે, ત્યાં જો ઈશ્વર આવું થવા દે, કે જેથી અમે જેને ઇચ્છતા હતા તે જ વ્યક્તિ સામી

જ આવી ઊભી! તો જ્યાં 'સમય' અને 'સ્થળ' નાં બંધન નથી, ત્યાં આવું એકાએક અને આપોઆપ ઈશ્વર નહિ થવા દે? હા, ત્યાં નવા યરુશાલેમમાં આપણાં વહાલાંઓને તત્ક્ષણ ઓળખી શકીશું અને મળી શકીશું.

અમદાવાદમાં રાયખડ મંડળીનો હું પાળક હતો તે અરસામાં મારી મંડળીની એક જુવાન બહેનનો એકનો એક દીકરો ('બાબો') ઘણો બીમાર થઈ ગયો. માના રાતદિવસના ઉજાગરા અને લાંઘણોભરી સેવાઃશુશ્રૂષા છતાં આખરે 'બાબો' મરી ગયો. માનું રુદન હૈયાફાટ હતું, પણ પ્રભુનાં વચનો સમજાવીને તેને દિલાસો આપ્યો. અને એ બહેન પ્રભુમાં ખૂબ દિલાસાવાન બની. એનું અંતર આ નવા પ્રકાશથી ભરાઈ ગયું. પણ એ પછી ચોથા દિવસે બપોરને સમયે પાળકગૃહમાં હું અભ્યાસ કરતો બેઠો હતો, અને એકાએક મારા દરવાજાની ઘંટડી ('ડોર-બેલ') વાગી. મેં બારણું ખોલ્યું - નાખોલ્યું, એટલામાં જ પેલી જ જુવાન બહેન ભારે વિલાપ સહિત અંદર ધસી આવી, અને ખુરસીમાં ફસડાઈ પડી. મેં કહ્યું, "બહેન, તમે તો તમારો 'બાબો' પુનરુત્થાનમાં પાછો ઊઠશે એની ખાતરી પામી ચૂક્યાં હતાં, અને પ્રભુમાં પુષ્કળ દિલાસો પામ્યાં હતાં! - તો પાછું શું થયું?"

એ બહેને રડતાં રડતાં કહ્યું, "સાહેબ, મારો 'બાબો' પુનરુત્થાનમાં ઊઠશે જ, એ તો હું માનું જ છું; પણ એક પ્રશ્ન હવે મને ડંખી રહ્યો છે કે, એ પુનરુત્થાનમાં ઊઠેલા મારા 'બાબા' ને હું ઓળખી શકીશ કે કેમ? સાહેબ, મને એનો ખુલાસો આપો. કારણ, મારું હૈયું બહુ ઝૂરી રહ્યું છે." મેં પૂછ્યું, "પૃથ્વી પર તમારા 'બાબા' ને ઓળખી શકતાં હતાં?" બહેને કહ્યું, "શું પૂછો છો, સાહેબ! હજાર બાળકોને સુવાડ્યાં હોય તોય ચટ લઈને મારા 'બાબા' ને ઓળખી કાઢું." મેં કહ્યું, "એમ જ તમે ત્યાં તમારા 'બાબા' ને ઓળખી શકવાનાં. તમે વિચાર કરશો, ને તરત તમારો બાબો તમારી સન્મુખ આવી ઊભો રહેવાનો." એ બહેન પ્રફુલ્લિત હૃદયે પાછાં ગયાં.

હા, આપણી સભાનતા, સંગત, પ્રેમ, યાદ, અંગત ઓળખ યા અંગત વ્યક્તિતા એ બધી બાબતો અરસપરસની ઓળખાણમાં સમાયેલાં છે. એટલે વ્યક્તિત્વ સાથે સંકળાયેલી આ બધી જ બાબતો આવતા

જીવનમાં આપણા જ વ્યક્તિત્વ સાથે વણાયેલાં રહેશે જ. અને પૃથ્વી ઉપર જેમ આપણે એકબીજાંને ઓળખીએ છીએ, એમ જ ત્યાં પણ આપોઆપ ઓળખી શકીશું.

જે માતાએ રાતના ઉજાગરા કરી કરીને પોતાના આજાર બાળકની ચાકરી કરી, પણ આખરે તે મરી ગયું, એ માતા આ બાળકને સ્વર્ગમાં ઓળખી નહિ શકે એવું કહેવું એ કેવો ભયંકર અને ક્રૂર વિચાર છે! બાઈબલ એથી ઊલટું શીખવે છે કે આપણે એકબીજાંને ઓળખી શકીશું, સતત એકબીજાંની સંગત માણી શકીશું, અને સદાસર્વકાળ માટે સાથે રહીશું. વિયોગ, મૃત્યુ, અને રુદન ફરી કદી નહિ આવે.

પૃથ્વી ઉપર ખ્રિસ્તને નામે પ્રાર્થનામાં વારંવાર સાથે એકઠાં મળ્યાં હોઈશું, ખ્રિસ્તની ખાતર સાથે સાથે મહેનત કરી હશે અને ખ્રિસ્તની ખાતર સહન કર્યું હશે - આ બધાં આપણે એકબીજાને ત્યાં સ્વર્ગમાં ઓળખી નહિ શકીએ એવું બની શકે જ નહિ. પેલા ગીતકર્તાએ કેટલી શ્રદ્ધાથી ગાયું કે -

"ધર્મી માતા, પિતાજી ને વિશ્વાસી મહેતાજી,
તેઓ પણ હાજર થાય!
કેવો હશે આનંદ, આનંદ, આનંદ, આનંદ."

વળી આપણા જ ગુજરાતી કવિએ પણ ગાયું -

"વહાલાં માતપિતા ને બાળકો રે,
સૌને જોઈશું તે સુખધામ."

જો આપણે આપણાં વહાલાંઓને ઓળખી શકવાના નથી, તો સ્વર્ગનો સઘળો આનંદ શા કામનો? હિંદુ માન્યતા પ્રમાણે આપણાં વહાલાંઓ કોઈ બીજો જન્મ - કીડી, મકોડી, કૂતરાં, બિલાડાં તરીકે જન્મ લે તોયે શું? આપણું વહાલું સ્વર્ગમાં કોઈ **અજાણી** વ્યક્તિ બની રહે તે, અને એ ઝાડપાન, પશુપંખી બની જાય, બધું મારે મન અને તેનેય મન સરખું જ ને!

એકબીજાંની પિછાણ વગરનું સ્વર્ગ જેલ જેવું બની જાય. આપણું ઘર આપણને કેમ વહાલું લાગે છે? - કારણ કે, ત્યાં વહાલાંઓ વસે છે, આપણે એકબીજાં પર પ્રેમ કરીએ છીએ, - એકબીજાંને માટે ઘસાઈ જવા, હા, મરી ફીટવા તૈયાર છીએ, એવાં વહાલાં ત્યાં વસે છે. એમ જ સ્વર્ગ વહાલું વહાલું એટલા જ કારણને લઈને આપણને લાગશે કેમ કે આપણાં વહાલાંઓ અને આપણે એકબીજાંની સાથે સાથે રહેતાં હોઈશું અને એકબીજાંની અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની પરમ સંગતમાં સાથે સાથે રહીશું. પરસ્પરની ઓળખાણ વગર આ શક્ય ન બને. હા, એકબીજાંને ઓળખવાનો પ્રકાર યા ઢબ **કદાચ** કોઈ જુદા પ્રકારનાં હોઈ શકે, પણ ઓળખી તો શકીશું જ, એ નિર્વિવાદ વાત છે. હમણાં કદાચ આપણે એકબીજાંને **સંપૂર્ણપણે** ઓળખી શકતાં નથી, પણ પુનરુત્થાન પછીના જીવનમાં તો, સંત પાઉલ કહે છે તેમ એકબીજાંને પૂર્ણ રીતે ઓળખી શકીશું. "હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ હું પોતે જણાયેલો છું તેમ (પૂર્ણ રીતે) જાણીશ" (૧ કોરિંથી ૧૩:૧૨).

"ઈશ્વર પ્રેમ છે," અને એ પ્રેમી ઈશ્વરે જ આપણામાં એકબીજાં માટે પ્રેમ મૂક્યો છે. કબર આ અવિનાશી પ્રેમનો અંત નહિ લાવી દે; કબર પ્રેમને દાટી દેનાર નથી. કબર એ પ્રેમનો અંત નથી. એ પ્રેમ તો કબરની પેલી બાજુએ ચાલુ રહેવાનો. એટલે જ એકબીજાંને પુનરુત્થાનની પેલી પાર મળવાનું, ઓળખવાનું અને ચાહવાનું ચાલુ જ રહેવાનું. પરમપિતા પરમેશ્વરના ઘરમાં આપણે પ્રેમ કરતાં કરતાં પ્રેમમય જીવનમાં અનંત આનંદમાં રહીશું.

ભિખારી લાજરસ અને ધનવાન માણસની વાત (લૂક ૧૬:૧૯-૩૧)માં ધનવાન માણસ લાજરસને જુએ છે, ઓળખે છે (કલમ ૨૩). તે સંભારે છે (કલમ ૨૫,૨૮). યાદદાસ્ત ચાલુ જ છે; સ્મૃતિ લોપ થઈ નહિ હોય.

રૂપાંતરના પહાડ ઉપર (માથ્થી ૧૭:૧-૮), ઈ. પૂર્વે ૧૩૫૦માં થઈ ગયેલો મૂસા, અને ઈ.પૂર્વે ૮૭૦માં થઈ ગયેલો એલિયા ઊતરી

આવ્યા હતા. અને પિતર, યાકૂબ અને યોહાને તો તેમને કદી જોયેલા નહિ, છતાં અંતઃસ્ફૂર્તિ દ્વારા તેઓને ઓળખી શક્યા. એટલે તો પિત્તર બોલી ઊઠયો, "જો તારી મરજી હોય તો હું અહીં ત્રણ માંડવા બાંધું : એક તારે સારુ, ને **એક મૂસાને** સારુ, ને **એક એલિયાને** સારુ." તો આપણે પણ પુનરુત્થાન પછીના જીવનમાં ફક્ત આપણાં પિછાણવાળાંને જ નહિ, પણ જૂના અને નવા કરારના સંતોને, અને આપણી અગાઉ ગયેલા સંતો અને સેવકોને આપોઆપ અંતઃસ્ફુરણા મારફતે ઓળખી શકીશું, મળીશું, ભેટીશું અને આનંદ કરીશું ને સદાકાળ સાથે સાથે રહીશું.

## ૭. પૃથ્વી પરના આપણા અરસપરસના સંબંધો ત્યાં ચાલુ રહેશે?

ઘણાંના મનમાં આ પ્રશ્ન હોય છે. શું પુનરુત્થાન પછીના જીવનમાં આપણા એકબીજાં સાથેના સંબંધો ચાલુ રહેશે? દાખલા તરીકે, પતિપત્ની તરીકેના સંબંધ ત્યાં ચાલુ રહેશે? યહૂદીઓનો એક પંથ **'સાદુકીઓ'** તરીકે ઓળખાતો હતો. તેઓ પુનરુત્થાનમાં માનતા નહોતા. એટલે તેઓએ સાત ભાઈઓ સાથે વારાફરતી પરણેલી સ્ત્રી વિષેની વાત કાઢીને પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછ્યો હતો કે, "પુનરુત્થાનમાં તેઓમાંના કોની વહુ થશે?" (માર્ક ૧૨:૧૮-૨૭).

સાદુકીઓનો આ પ્રશ્ન અજુકતો હતો, એ પ્રભુ ઈસુએ તેમને આપેલા જવાબ દ્વારા બતાવી આપ્યું કે, "મૂએલાંમાંથી ઊઠનારાં પરણતાં પરણાવતાં નથી; પણ આકાશમાંના દૂતોના જેવાં હોય છે" (કલમ ૨૫). પહેલાં તો આ કલમ આપણે સમજી લઈએ. દૂતોને પ્રજોત્પત્તિની જરૂર નથી. સૃજનકાળે ઈશ્વરે તેમને અસંખ્ય સંખ્યામાં બનાવ્યા છે, અને દૂતોને મૃત્યુ ન હોવાથી એ સંખ્યામાં ઘટાડો થતો નથી. એટલે પ્રજોત્પત્તિ દ્વારા નવા દૂતો જન્માવવાની કદી જરૂર હોતી નથી. એ જ પ્રમાણે પુનરુત્થાન પછીના જીવનમાં પ્રવેશેલાં માણસો ફરી કદી મરવાનાં નથી, એટલે મનુષ્ય-વસતીમાં ઘટાડો થવાનો નહિ. એટલે પ્રજોત્પત્તિની જરૂર રહેશે નહિ. એટલે આપણાં મહિમાવંત શરીરોમાં જેમ લોહી નહિ હોય તેમ **પ્રજનન** અંગોની પણ જરૂર ન હોવાથી તેમ એ અંગો પણ નહિ હોય.

પણ એનો અર્થ નથી કે પતિપત્ની, વગેરે સંબંધો તદ્દન ભૂંસાઈ ગયા હશે. ના, એ બધા સંબંધો આપણા વ્યક્તિત્વના ભાગ બની રહેલા હોઈને આપણી સાથે રહેશે. દૈહિક વાસનાઓ અને વિકારો આપણામાંથી નાબૂદ કરાયાં હશે, અને પાશવી સ્વભાવ પણ દૂર કરાયો હશે. પૃથ્વી પરના આપણા પ્રેમમાં જે કંઈ વિકૃતિ અને ભૌતિક ભાવના હશે તે દૂર કરી દેવાયેલાં હશે. તદ્દન વિશુદ્ધ અને પરિપૂર્ણ પ્રેમથી આપણે અરસપરસ ચાહતાં હોઈશું. પ્રેમ શાશ્વત છે, સાર્વકાલિક છે, અને પૃથ્વી પરના આપણા પ્રેમના પાત્ર પર વિશુદ્ધ અને સંપૂર્ણ બનેલા પ્રેમથી પ્રેમ કરીશું, - સર્વ અશુદ્ધતા અને અપૂર્ણતા દૂર થઈ ગઈ હશે.

પુનરુત્થાનના જીવનમાં આપણે, મિલિટરીમાં સૈનિકો માત્ર તેમને આપેલા નંબરથી ઓળખાય છે, એવું શુષ્ક, રસવિહોણું, સંબંધ રહિત જીવન નહિ જીવીએ, પણ ભરપૂર જીવન અને નિકટના સંબંધોમાં જીવીશું. "એ કારણથી બાપ, જેના નામ પરથી **આકાશમાંના તથા પૃથ્વી પરના દરેક કુટુંબને** નામ આપવામાં આવે છે..." (એફેસી ૩:૧૪,૧૫). આ વાક્યમાં કેવા ગર્ભિત સૂચનો છે! ના, આકાશી જીવન શુષ્ક, સૂચિત, ઠંડુંગાર, સામાજિક સંબંધો રહિત, અને નિરાકાર આત્માઓવાળું નહિ હોય, પણ પૂર્ણ વિકસિત પ્રેમથી સદાયે વિલસિત એવા ઘેરા આનંદભર્યું, સંબંધોથી ભરપૂર જીવન હશે. મારો પ્રભુ "તારાઓની ગણતરી કરે છે; **અને તે સર્વને નામ આપે છે.**" (ગીતશાસ્ત્ર ૧૪૭:૪), એટલે શુષ્ક તારાઓને પણ અંગત નામ આપે છે, તો પછી આપણને પણ પુનરુત્થાનના જીવનમાં અંગત સંબંધોભર્યું જીવન આપશે જ.

ચાર્લ્સ કિંગ્સ્લે પૃથ્વી પર પ્રભુમય જીવન જીવી ગયો. તેની અને તેની પત્ની વચ્ચે ખૂબ ગાઢ પ્રેમ હતો. એ બંનેની ભેગી કબર ઉપર આ પ્રમાણેના લેટિન શબ્દો કોતરેલા છે : **'અમાવિમસ, અમામસ, અમાબિમસ,'** એટલે કે "(એકબીજા પર) અમે પ્રેમ રાખ્યો હતો, પ્રેમ રાખીએ છીએ, અને પ્રેમ રાખીશું." પૃથ્વી પર તો પરસ્પર પ્રેમ રાખ્યો હતો, પણ શરીરો જ્યારે કબરમાં સૂતાં છે, ત્યારે અમારા આત્માઓ

પરસ્પર હાલ પણ ચાહે છે, અને ધન્ય પુનરુત્થાનમાં સશરીર ઊઠીશું ત્યારે પણ અમે પરસ્પર વિશુદ્ધ પ્રેમથી ચાહ્યાં જ કરીશું.

"અને હવે વિશ્વાસ, આશા તથા પ્રેમ એ ત્રણે ટકી રહે છે; પણ તેઓમાં પ્રેમ શ્રેષ્ઠ છે" (૧ કોરિંથી ૧૩:૧૩). હા, પુનરુત્થાનની ધન્ય પ્રભાતે આપણે જાગીશું ત્યારે અમુક અર્થમાં **'વિશ્વાસ'** આપણી અલવિદા લેશે, કારણ, "વિશ્વાસ તો અણદીઠ વસ્તુઓની ખાતરી છે," અને અગાઉ જે અણદીઠ હતી તે બધી વસ્તુઓને પુનરુત્થાનમાં નજરોનજર જોઈશું, એટલે 'વિશ્વાસ'ની હવે જરૂર નહિ રહે. એમ જ **'આશા'** પણ અમુક અર્થમાં આપણી અલવિદા લેશે, કારણ, પૃથ્વી પરના જીવનમાં જેની આપણે 'આશા' રાખી હતી તે બધી આપણે પુનરુત્થાનના જીવનમાં પામી ચૂક્યાં હોઈશું, જીવન સંપૂર્ણ બન્યું હશે; એટલે 'આશા' ની હવે જરૂર નહિ રહે. પણ 'પ્રેમ' કોઈ કાળે પણ આપણી અલવિદા નહિ લે. પુનરુત્થાનના જીવનમાં પણ વિશુદ્ધ પ્રેમથી પ્રભુને, આપણાં વહાલાંઓને, અને પ્રભુના સર્વ લોકોને આપણે પ્રેમ કરતાં જ જઈશું, .... પ્રેમ કરતાં જ રહીશું, અને પ્રેમમાં જ અનંતકાળ માટે જીવ્યા કરીશું.

## ૮. પુનરુત્થાન પછીના જીવનમાં આપણા વ્યક્તિત્વની વૃદ્ધિ થયા કરવાની કે આપણે એકાએક સંપૂર્ણ બની જવાના?

પૃથ્વી પર માણસનું વ્યક્તિત્વ સતત વૃદ્ધિ પામતું જાય છે. એનું શરીર વૃદ્ધિ પામે છે; મગજ વૃદ્ધિ પામે છે - એટલે કે માનસિક વિકાસ થાય છે અને નવો જન્મ થયા પછી એનો આત્મા પણ વૃદ્ધિ પામતો જાય છે. પણ પુનરુત્થાન પછીના જીવનનું શું? એ પછી એ એકાએક સંપૂર્ણ બની જાય છે, અને પછી કોઈ વૃદ્ધિ હોતી નથી? - કે પછી પણ વિકાસને સ્થાન છે?

ઈશ્વરમાં કદી વૃદ્ધિ હોતી નથી; ઈશ્વર અવિકારી છે. તેને સદાય વર્તમાનકાળ છે. એને કદી ભૂતકાળ હોતો નથી, તેમ જ ભવિષ્યકાળ હોતો નથી, કારણ, જન્મથી જ ઈશ્વરે બક્ષેલી વૃત્તિઓ અને વલણોથી તેઓ દોરવાતાં રહે છે, અને તે જ પ્રમાણે વર્તન કરતાં જાય છે.

પણ માણસ તો સતત વૃદ્ધિ પામતો જ રહે છે : શરીરની વૃદ્ધિ, માનસિક વિકાસ, બૌદ્ધિક વિકાસ, અને નવો જન્મ પામ્યા પછી આત્મિક વિકાસ પણ થતો જાય છે. નવો જન્મ નહિ પામેલી વ્યક્તિના આત્માનો વિકાસ હોતો નથી, કારણ, જ્યાં સુધી તે ખ્રિસ્તમાં નવો જન્મ ન પામે ત્યાં સુધી આત્મા મૃતપ્રાય સ્થિતિમાં રહે છે. "તમે પાપમાં મૂએલાં છો." નવા જન્મ વખતે ખ્રિસ્તનો આત્મા તેનામાં પ્રવેશે છે, અને એ પછી એની વૃદ્ધિ થાય છે.

મૃત્યુકાળ અને પુનરુત્થાનની વચ્ચેનો ગાળો વિશ્રાંતિનો છે. બાઈબલ કહે છે, "હવે પછી જે મરનારાંઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે,... હા, કે તેઓ પોતાની મહેનતથી વિશ્રાંતિ લે કેમ કે તેઓનાં કામ તેઓની સાથે આવે છે" (પ્રકટીકરણ ૧૪:૧૩). (વળી, જુઓ અયૂબ ૩:૧૭. પ્રકટીકરણ ૬:૯-૧૧). હા, તેઓ સભાન છે, અને લાગણીઓ પણ ધરાવે છે, છતાં એ વિશ્રાંતિનો સમય છે. આપણે વિશ્વાસ દ્વારા ન્યાયી ઠરાવવામાં આવેલા એવા આત્માઓની આ ફકરામાં વાત કરી. તેઓ દુ:ખ, વેદના, થકાવટ, ચિંતા, અને દેહનાં સર્વ કષ્ટોમાંથી વિશ્રાંતિ ભોગવશે. શેતાન અને તેના અપદૂતો તેમ જ સર્વ પ્રકારની ભૂંડાઈ સામેના યુદ્ધમાંથી પણ વિશ્રાંતિ પામશે. મુક્તિફોજના ભાઈઓ જ્યારે તેમના કોઈ અમલદાર મૃત્યુ પામે છે, ત્યારે તેને માટે શબ્દો વાપરે છે કે, "તેણે પોતાની તલવાર મ્યાન કરી." પણ કેટલાક કહે છે તેમ મૃત્યુ પછી આત્મા ઊંઘમાં નથી હોતો. ત્યાં તો ઘણી મીઠી સંગત, સભાનતા, અને આનંદ હશે.

પણ પુનરુત્થાન પછી આપણી વૃદ્ધિ થયા જ કરશે. એ સ્વર્ગીય જીવનમાં આપણે અપૂર્ણ છીએ માટે વૃદ્ધિની જરૂર રહેશે એમ નહિ; પણ સંપૂર્ણતામાં રહીને આપણે વૃદ્ધિ કર્યા જ કરીશું. સંપૂર્ણતા તરફ વૃદ્ધિ પામ્યા કરીશું એમ નહિ, પણ સંપૂર્ણ બનીને અને સંપૂર્ણતામાં રહીને આપણે વધતાં જઈશું. આ વિષે ઘણું લખી શકાય, પણ આપણા મુખ્ય વિષયની બહારની આ વાત હોવાથી એ વિષે વધુ ઊંડા ઊતરીશું નહિ.

## V  પ્રભુ ઈસુનું આગમન ક્યારે થશે?

પ્રભુ ઈસુ ક્યારે આવશે એ કોઈ ચોક્કસ કહી શકે નહિ. એની તારીખ કોઈ આપી શકે નહિ. પણ પ્રભુ ઈસુએ માથ્થી ૨૪:૩૨-૩૪માં એ વિષે ઈશારો કર્યો છે. શિષ્યોએ પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછ્યો હતો કે, "એ બધું ક્યારે થશે? અને તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે? તે અમને કહે (માથ્થી ૨૪:૩). પ્રભુ ઈસુએ એનો જવાબ લંબાણથી આપ્યો, અને પછી કહ્યું કે, "હવે **અંજીરી પરથી** એનું દ્રષ્ટાંત શીખો. જ્યારે તેની ડાળી કુમળી થઈ હોય છે, ને પાંદડાં ફૂટવા માંડે છે, ત્યારે તમે જાણો છો કે ઉનાળો પાસે આવ્યો છે. એમ જ જ્યારે તમે પણ **તે બધાં થતાં જુઓ, ત્યારે** તમારે જાણવું કે તે (માણસનો દીકરો, એટલે કે પ્રભુ ઈસુ) પાસે એટલે કે બારણા આગળ જ છે" (માથ્થી ૨૪:૩૨-૩૩).

ઈઝરાયલ અથવા યહૂદી પ્રજાને ત્રણ ઝાડની ઉપમા બાઈબલમાં આપવામાં આવી છે : દ્રાક્ષાવેલો, જૈતૂન અને અંજીરનું વૃક્ષ. ઉનાળો આવવાનો સમય નજદીક આવે છે તે સમયે અંજીરીને પાંદડાં આવે છે, ઝાડ ઘટાઘોર થાય છે, અને એની ડાળીઓ કુમળી થાય છે. આ બધાં લક્ષણ ઉનાળો આવવાની નિશાની છે. બાઈબલમાં ન્યાયના દિવસને ઉનાળાની ઉપમા આપવામાં આવી છે. અંજીરીરૂપ યહૂદી પ્રજા જે બે હજાર વર્ષથી દેશ વગરની, મંદિર વગરની, દુનિયાના ૧૦૪ દેશોમાં રઝળતી ફરી તે હવે પાલેસ્તાઈનમાં પાછી ફરી છે, અને તા.૧૪-૫-૧૯૪૮ને રોજ ઈઝરાયલ રાજ્યની સ્થાપના પણ થઈ ચૂકી છે. એમ એ હવે ઘટાઘોર અને તાજી બની છે. આમ, લાક્ષણિક અર્થમાં પ્રભુ ઈસુનું પુનરાગમન છેક પાસે છે, તે છેક બારણા આગળ જ છે.

ઉપરની વાત તો પ્રભુ ઈસુએ ઉપમા તરીકે વાપરી. કારણ, એમણે તો કહ્યું કે, **'આ બધાં થતાં જુઓ ત્યારે,'** એટલે કે "તારા આવવાની તથા જગત (યુગ)ની અંતની શી નિશાની થશે?" એવા શિષ્યોના પ્રશ્નના જવાબમાં પ્રભુ ઈસુએ જે બધા થનારા બનાવો વિષે જણાવ્યું "**તે બધાં થતાં**

**જુઓ ત્યારે**" તમારે જાણવું કે પ્રભુ ઈસુનું આગમન છેક પાસે છે. **'બારણા આગળ'** એટલે તદ્દન નજદીક! અને **'તે બધા'** અત્યારે ચારે બાજુ બની રહ્યાં છે.

વળી, લૂક ૨૧:૨૯-૩૧ માં પ્રભુ ઈસુ ફરીથી એ જ વાત કહે છે, પણ એમાં અંજીરી ઉપરાંત "**બીજાં ઝાડ**"નો પણ ઉલ્લેખ કર્યો છે, - એટલે કે ઇઝરાયલ ઉપરાંત **બીજા દેશો કે બીજી પ્રજાઓને** પણ પાંદડાં ફૂટવા માંડ્યાં છે, અને એમની ડાળીઓ કુમળી થઈ છે. દુનિયાના કેટલા બધા દેશો હવે ખૂબ ખૂબ જાગ્રત બન્યા છે! આફ્રિકા ખંડ આજથી ૪૦-૫૦ વર્ષ ઉપર 'અંધારિયો ખંડ' કહેવાતો હતો, પણ હાલ છેલ્લાં ચાલીસેક વર્ષમાં એના મોટા ભાગે બધા જ દેશો ખૂબ જાગ્રત બન્યા છે, પરદેશી સત્તાઓને ફગાવી દીધી છે, નવાં નામો ધારણ કર્યાં છે, અને દેશોની કાયાપલટ કરી દીધી છે. એ પણ પ્રભુના પુનરાગમનની નિશાની છે.

વળી, પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે અને મંડળી ગગનમાં ચઢી જાય એ પૂર્વે બનનારા બધા જ બનાવો અંગેનું એકેય ભવિષ્યવચન પૂરું થયા સિવાય બાકી નથી. મતલબ કે હવે કોઈપણ ઘડીએ પ્રભુનું ગગનમાં ઉતરણ થાય.

એ વિષે પ્રભુ ઈસુએ જણાવ્યું છે કે મારું આવવું ચોરની પેઠે થશે, "માટે જાગતા રહો, કેમ કે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. પણ એ જાણો કે ચોર કયે પહોરે આવશે એ જો ઘરધણી જાણતો હોત, તો તે જાગતો રહેત,... એ માટે, તમે પણ તૈયાર રહો; કેમ કે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે" (માથ્થી ૨૪:૪૨-૪૪).

હવે, એક વાત અહીં સ્પષ્ટ કરી લઈએ. નવા કરારમાં પ્રભુના આગમનને બે પ્રકારે દર્શાવ્યું છે : (૧) ચોરની પેઠે ઓચિંતું તથા છૂપું; અને (૨) વીજળીની પેઠે જગજાહેર રીતે, - "જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે"

(માથ્થી ૨૪:૨૭). તો આ ઉપરથી વિરોધાભાસી લાગતાં બે વિધાનોનો સુમેળ કેવી રીતે મેળવી શકાય? જોઈએ :

પ્રભુનું પુનરાગમન બે પગથિયાંમાં થશે : (૧) **ગગનગમન** (rapture) : પોતાની કન્યારૂપી મંડળીને લેવા પ્રભુ ઈસુ સ્વર્ગભુવનથી ગગનમાં ઊતરશે એ પહેલું પગથિયું. આ સમયે તે ચોરની પેઠે છૂપો આવશે. જેઓ ખ્રિસ્તનાં તેઓ સિવાય આ આગમનની કોઈને ખબર નહિ પડે. એ સમયે 'ખ્રિસ્તમાં મૂએલા' સજીવન થઈને ઊઠશે, અને તે સમયે ખ્રિસ્તના જ લોકો જીવતા હશે તેઓ મહિમાવંત શરીરો ધારણ કરશે. અને બંને જૂથ સાથે મળીને ગગનમાં ઊંચકાઈ જશે. આ પહેલા પગથિયાને માટે 'ગગનગમન' (rapture) નામ વાપર્યું છે.

ચોર ઘરમાંથી કીમતી ધન લઈ જવા આવે છે. એમ જ પ્રભુ ઈસુ જગતરૂપી ઘરમાંથી 'મંડળીરૂપી ધન' લેવા આવનાર છે. "વળી આકાશનું રાજ્ય સારાં મોતી શોધનાર કોઈએક વેપારીના જેવું છે; તેને એક અતિ મૂલ્યવાન મોતીની શોધ લાગી, ત્યાર પછી જઈને તેણે પોતાનું સર્વસ્વ વેચી નાખીને તે વેચાતું લીધું" (માત્થી ૧૩:૪૫,૪૬). આ **'અતિ મૂલ્યવાન મોતી'** તે મંડળી છે. એને માટે ખ્રિસ્તે પોતાનું સર્વસ્વ, હા, પોતાનો પ્રાણ પણ આપ્યો.★ ખ્રિસ્તમાં "આપણે તે (ખ્રિસ્ત)નો વારસો નિમાયા" (એફેસી

---

★ કેટલાક લોકો આ દ્રષ્ટાંતનો ખોટો અર્થ કરે છે. તેઓ કહે છે કે, ખ્રિસ્ત મૂલ્યવાન મોતી છે, અને ખ્રિસ્તનો સ્વીકાર કરનાર જન આ ખ્રિસ્તરૂપી મૂલ્યવાન મોતીને પોતાનું સર્વસ્વ વેચીને ખરીદી લે છે. પણ આ માન્યતા સદંતર ખોટી છે. પેલા ગીતમાં આપ્યું છે કે, -

"મને મળ્યું અણમોલ મોતી,<br>
આનંદે ગાય છે મારું મન,"-

એ પણ સિદ્ધાંત વિરુદ્ધનું છે. માનવી કેવી રીતે ખ્રિસ્તને ખરીદી શકે? એણે તો કૃપા દ્વારા મફત સ્વીકાર કરવાનો છે. માનવી પાસે પોતાનું કંઈ જ નથી; જે છે તે ખ્રિસ્તે તેને આપ્યું છે. વળી, ખ્રિસ્તી માણસ પોતે જ ખ્રિસ્તના રક્તથી ખરીદાઈ ગયેલો છે.

૧:૧૧). વળી, "એ (આત્મા (પવિત્ર આત્મા) **દેવના) પોતાના દ્રવ્ય (રૂપી લોક)ના** ઉદ્ધારના સંબંધમાં તેના મહિમાને અર્થે આપણા વારસાનું બાનું છે" (એફેસી ૧:૧૪).

એમ ચોરની પેઠે છૂપી રીતે આવીને પ્રભુ ઈસુ પોતાના દ્રવ્યરૂપી લોકને પોતાની સાથે ઉપર લઈ જશે. જગતના બાકીના લોકોને એની તત્ક્ષણ જાણ પણ નહિ પડે.

(૨) **પ્રાગટ્ય** (revelation) : એ પછી પ્રભુ ઈસુ સ્વર્ગમાં પોતાના લોકોની સાથે સાત વર્ષ રહેશે. એ સાત વર્ષને અંતે તે પોતાના લોકોની સાથે પૃથ્વી ઉપર ઊતરશે. એ બીજું પગથિયું, અને એ પગથિયાનું નામ **પ્રાગટ્ય.** પ્રભુ ઈસુએ પોતે એ વિષે એટલે કે સ્વર્ગમાંથી આ પૃથ્વી ઉપર પોતાના ઉતરણ વિષે આ પ્રમાણે લખ્યું છે :

> "ત્યારે જો કોઈ તમને એમ કહે કે, જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના; કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યું છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ, તે ઓરડાઓમાં છે, તો ન માનતા. **કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે.** જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે."
>
> "અને તે દહાડાઓની વિપત્તિ પછી, સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. **અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે"** (માથ્થી ૨૪:૨૩-૩૦).

આ **'પ્રાગટ્ય'** અથવા બીજું પગથિયું વીજળીના ચમકાર જેવું થશે. આપણે રાતને સમયે ઘરમાં બારણાં બંધ કરીને સૂઈ ગયા હોઈએ, અને માથે મોઢે ઓઢી લીધું હોય, છતાંયે બહાર વીજળી ચમકે તો આપણને ખબર પડી જ જાય છે. એમ પ્રભુ ઈસુ આ પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે તરત જ આખી દુનિયાનાં તમામ માણસોને ખબર પડી જશે.

આ **પ્રાગટ્ય** વિષે ઝખાર્યા આ પ્રમાણે લખે છે :

"જો, યહોવાનો એક એવો દિવસ આવે છે કે જ્યારે તારી લૂંટ તારી મધ્યે વહેંચવામાં આવશે. કેમ કે હું સર્વ પ્રજાઓને યરુશાલેમની સામે યુદ્ધ કરવાને એકઠી કરીશ; અને તે નગર સર કરવામાં આવશે, ઘરો લૂંટવામાં આવશે, ને સ્ત્રીઓની આબરૂ લેવામાં આવશે; અડધું નગર ગુલામગીરીમાં જશે,પણ બાકીના લોકોને નગરમાંથી કાપી નાખવામાં આવશે નહિ. **ત્યાર પછી યહોવા, જેમ પોતે યુદ્ધને દિવસે લડ્યો હતો તેમ, તે પ્રજાઓની સામે જઈને લડશે.**"

**"તે દિવસે તેના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે,** ને જૈતુન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે; અડધો પર્વત ઉત્તર તરફ ને અડધો દક્ષિણ તરફ ખસી જશે" (ઝખાર્યા ૧૪:૧-૪).

આમ, પ્રભુના પુનરાગમનનાં આ બે પગથિયાં (૧) **ગગનગમન** (rapture), અને (૨) **પ્રાગટ્ય** (revelation) છે. એ બંને પગથિયાં, અને એ પ્રત્યેક વખતે બનનાર પ્રસંગો અલગ અલગ બરાબર સમજી લેવા જોઈએ, નહિ તો ગોટાળો થવા સંભવ છે.

## B ન્યાયકાળો

### I ન્યાયકાળની શી જરૂર ?

ન્યાયી ઈશ્વરની ન્યાયી હકૂમત માગી લે છે કે ઈશ્વર તરફથી પ્રત્યેક વ્યક્તિને એનાં કામોનો ન્યાય એટલે કે બદલો મળવો જ જોઈએ, - આ જીવનમાં અથવા મૃત્યુ બાદ પુનરુત્થાનમાં. એક માણસ આખી જિંદગીભર નીતિમય જીવન ગાળે, અને બીજો માણસ અનીતિ, કાળાં બજાર, પ્રપંચો અને કાળાંધોળાંમાં જ જીવન ગાળે, અને મૃત્યુ પછીના જીવનમાં બંને એકસરખી રીતે સુખ યા દુઃખ ભોગવે, એ વિચાર ન્યાયી ઈશ્વરના ચારિત્ર્યની વિરુદ્ધનો લાગે છે. આપણા હૃદયમાં ઊંડાણે ઊંડાણે એવી લાગણી થયા કરે છે કે ઈશ્વર બધું સરભર કરવાના.

જો ન્યાયકાળ નથી તો નીતિ અને અનીતિનો કોઈ અર્થ નીકળતો નથી. જીવનભરની આદર્શમય ચાલ - કપરી મુસીબતો અને સ્વનકાર કરીને જીવેલું આદર્શમય જીવન, અને એની સામે રંગરાગ અને અંધાધૂંધીનું જીવન - એ ન્યાયકાળ માગી લે છે. જાનના જોખમે અને સર્વનાશના જોખમે પણ આ જીવનમાં ઈશ્વરને વળગી રહેનાર માણસ, અને આખી જિંદગી ઈશ્વરની પરવા પણ ન કરનાર માણસ - એ બંનેના અંત એકસરખા હોઈ શકે જ નહિ, એમ માણસના અભ્યંતરમાં રહેલી ન્યાયની ભાવના જોર જોરથી પોકારે છે.

એટલે જ પુનરુત્થાન અને ન્યાયકાળની જરૂર જણાય છે. અને ન્યાયી ઈશ્વર એક વખતે બધું સરભર કરશે જ એમ માનવીના અભ્યંતરમાં વસેલો આત્મા માગે છે.

ન્યાયકાળની શી જરૂર ? ન્યાયકાળ થશે એવું બાઈબલ સ્પષ્ટ શીખવે છે. ન્યાયકાળ જરૂરી છે કે નહિ એ બાબત માનવી તર્કવિતર્કની વાત નથી. માનવીના તર્કવિતર્કોથી બાઈબલનાં ઈશ્વરપ્રેરિત વચનોમાં કોઈ ફેર પડવાનો નથી. ઈશ્વરે પોતે પવિત્ર આત્મા દ્વારા પોતાના સંદેશવાહકો મારફતે બાઈબલમાં ન્યાયકાળો વિષે સ્પષ્ટ લખાવ્યું છે. ન્યાયી ઈશ્વર, અને એની ન્યાયી હકૂમત ન્યાયકાળ માગી લે છે. અને આપણે ઉપર જોઈ ગયા તેમ, માનવી વિવેકબુદ્ધિ પણ ન્યાયકાળ માગી લે છે.

બીજી એક વાત : ઈશ્વર પોતે માનવીઓનાં પાપ માટે પૃથ્વી પર દેહધારી બનીને આવ્યા, અને ક્રૂસ પર તેમને બદલે પાપની શિક્ષા ખમી, અને માનવમુક્તિ માટે મુક્તિમૂલ્ય ચૂકવ્યું. માનવરચિત ધર્મો અને તત્ત્વજ્ઞાનોને બાદ કરતાં સારીય દુનિયા (ગમે તે ધર્મ હો, દેશ હો, કે કાળ હો) એક વાત ઝંખે છે કે માણસની મુક્તિને માટે ઈશ્વર જ રસ્તો કાઢશે. ભારતની પણ એ જ ઝંખના છે; એટલે જ ભારતીય શાસ્ત્રમાં એ ઝંખનાને શબ્દોનું મૂર્તરૂપ આપ્યું છે : "**ॐप्रजापतिर्देवेभ्य आत्मनो यज्ञं कृत्वा प्रायश्चितं करोति** !" એટલે કે ઈશ્વર જ પોતાની જાતનું બલિદાન દઈ (માનવીનાં) પાપનું પ્રાયશ્ચિત કરશે. એમ જ પ્રભુ ઈસુ માનવદેહ ધારણ

કરીને આ પૃથ્વી પર આવ્યા, અને માનવ માટે ક્રૂસ પર પોતાની જાતનું બલિદાન દઈને મુક્તિમૂલ્ય ચૂકવ્યું.

માણસે પોતાનાં કર્મનાં ફળ ભોગવવાનાં હતાં તે ઈશ્વરે ભોગવ્યાં. હવે જે કોઈ પ્રભુ ઈસુએ બક્ષેલી માફી સ્વીકારે તે ન્યાયના પિંજરામાંથી મુક્ત બને છે. કારણ, તેની શિક્ષા પ્રભુ ઈસુએ વેઠી લીધી છે. પણ જો કોઈ માણસ (જેમ ઘણાબધા કરે છે તેમ) પ્રભુ ઈસુએ બક્ષેલી માફીનો સ્વીકાર ન કરે તો શું? તો માફીનો લાભ તેને મળી શકે નહિ, અને તેની શિક્ષા તેમ જ તેનો ન્યાયકાળ તેને માથે જ રહે છે.

આમ, સમસ્ત માનવજાત બે જૂથમાં વહેંચાઈ જાય છે : (૧) પ્રભુ ઈસુએ બક્ષેલી માફીનો સ્વીકાર કરનારાં, અને (૨) એ માફીનો તુચ્છકાર કરનારાં. આ વિષયને આપણે પાછળથી વિસ્તારપૂર્વક જોઈશું.

## II કેટલા ન્યાયકાળ?

સામાન્ય રીતે ખ્રિસ્તી 'મંડળી'માં એવી માન્યતા છે કે સુવાર્તાપ્રચાર દ્વારા આખી પૃથ્વી એટલે કે બધાં જ માણસો પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરશે, અને આખરે આખી દુનિયા ખ્રિસ્તી બની જશે. એ પછી પ્રભુ ઈસુ પૃથ્વી પર આવીને એક હજાર વર્ષ રાજ્ય કરશે. અને એ હજાર વર્ષનું રાજ્ય પૂરું થાય તે પછી રણશિંગડું વાગશે, બધાં જ મૃત્યુ પામેલાં પુનઃ સજીવન થશે, અને એ બધાંનો ન્યાય થશે. ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરનારાં અને પ્રભુના લોકો અનંતકાળ માટે પ્રભુ ઈસુની સાથે સ્વર્ગમાં વાસો કરશે, અને બાકીના 'પાપીઓ' ને નરકમાં નાખી દેવામાં આવશે.

પણ ઉપરની માન્યતા બાઈબલના શિક્ષણ પ્રમાણે નથી. બાઈબલમાં બધા મળીને છ ન્યાયકાળ આપવામાં આવ્યા છે. એ છ ન્યાયકાળો આ પ્રમાણે છે :

(૧) **કાલવરીએ :** વિશ્વાસ કરનારાંઓનાં પાપ સંબંધીનો ન્યાય; (૨) **ગગનમાં :** વિશ્વાસ કરનારાંઓની સેવાઓ ('કામો')નો ન્યાય; (૩) **પૃથ્વી પર :** યહૂદીઓનો ન્યાય. 'યાકૂબના સંકટના સમયો', (૪) **પૃથ્વી ઉપર યહોશાફાટની ખીણમાં :** સર્વ જીવંત દેશજાતિઓનો

ન્યાય; (૫) **દૂતોનો ન્યાય;** (૬) **સ્વર્ગમાં :** બાકીનાં જે બધાં પાપી મૃતજનો ઊઠશે તેઓનો. આપણે આ બધા ન્યાયકાળો એક પછી એક જોઈએ :

## ૧. **પહેલો ન્યાયકાળ** (ભૂતકાળ : ક્રૂસ પર) -

**ક. વિશ્વાસીનો ન્યાય - પાપી તરીકે :** ઈ.સ. ૩૨ માં કાલવરીના ક્રૂસ ઉપર આજથી લગભગ બે બજાર વર્ષ પહેલાં આ ન્યાયકાળ થઈ ચૂક્યો છે. આ ન્યાયકાળ ઈસુ ખ્રિસ્ત ઉપર ધર્મવિશ્વાસ રાખનારાંનાં પાપ સંબંધીનો ચુકાદો છે. પ્રભુ ઈસુ આપણે બદલે મરી ગયા, અને પ્રભુ ઈસુના આ મુક્તિકાર્ય ઉપર આપણે ધર્મવિશ્વાસ રાખનારાં ન્યાયી ગણાયાં. આ ન્યાયકાળ **ભૂતકાળ** તરફ આપણી નજર ફેરવે છે. બાઈબલનાં વચનો આ હકીકત વિષે સ્પષ્ટ જણાવે છે.

**યશાયા ૫૩:૫-૬.** "પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.... અને **યહોવાએ તેના પર આપણ સર્વનાં પાપ (નો ભાર) મૂક્યો છે."**

**ખ. ખરા ખ્રિસ્તીનો ન્યાય ફરી કદી નહિ થાય :** હવે જો મારાં પાપનો ભાર પ્રભુ ઈસુના શિર પર મૂકાઈ ગયો છે તો એનો સાદો અને સીધો અર્થ તો એ જ થયો કે હવે એ ભાર મારા શિર પર નથી. એક સાથે મારા માથા પર તેમ જ પ્રભુ ઈસુના માથા પર ન હોઈ શકે. અને બાઈબલવચન જૂઠાં છે કે માત્ર શોભાનાં છે એમ પણ કહી ન શકાય. એટલે આજથી આશરે બે હજાર વર્ષ ઉપર પ્રભુ ઈસુએ ક્રૂસ ઉપર મારાં પાપ પોતાને શિરે લઈને મારાં પાપની સજા ભોગવી. એટલે હવે હું શિક્ષાથી મુક્ત કરાયો.

મારો ન્યાય ક્રૂસ પર થઈ ગયો. પ્રભુ ઈસુમાં ક્રૂસ પર મારો ન્યાય થઈ ગયો. મારે બદલે પ્રભુ ઈસુ "ગુનેગાર બન્યા, અને શિક્ષા પણ ખમી લીધી. એટલે મારે માથે ન્યાયકાળ હવે રહેતો નથી."

એક ઘરડાં માજી રસ્તે જતાં હતાં. માથે મોટું પોટલું હતું, અને

પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં. થાકેલાં પણ ખૂબ લાગતાં હતાં. એવામાં એક ગાડાવાળાભાઈ ગાડું ચલાવતા એ જ રસ્તેથી જતા હતા. વૃદ્ધ માજીને જોઈ ગાડાવાળાને દયા આવી. એટલે એણે કહ્યું, "આવોને, માજી, મારા ગાડામાં બેસી જાઓ." આભાર માનતાં માનતાં વૃદ્ધ માજી ગાડામાં બેસી તો ગયાં, પણ પોટલું માથા પર જ રાખ્યું. એટલે ગાડાવાળાએ કહ્યું, "માજી, પોટલું ગાડામાં મૂકી દો ને! શા માટે નાહક માથા ઉપર રાખો છો? માજી બોલ્યાં, "ના ભાઈલા, મારો ભાર ગાડામાં મૂક્યો તેટલું ઓછું છે, તે પાછું પોટલાનું વજન પણ ગાડામાં મૂકું?"

હાસ્યાસ્પદ લાગતી આ વાત પ્રમાણે ઘણા બધા ખ્રિસ્તીઓ વર્તતા હોય છે. તેઓએ પોતાની સોંપણી પ્રભુ ઈસુ ખ્રિસ્તને કરી હોય છે. અને તેઓ માને પણ છે કે મારાં પાપને બદલે પ્રભુ ઈસુ મર્યા, અને "યહોવાએ તેમના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો છે." છતાં તેઓ એમ પણ માનતા હોય છે કે, "મારાં પાપોને લીધે મારે ન્યાયકાળમાં ખડા રહેવું પડશે." ના, પ્રભુ ઈસુની માફી સ્વીકારી લેનારને ફરી કોઈ વાર ન્યાયકાળમાં કે ઈશ્વરી અદાલતમાં ઊભા રહેવું પડશે નહિ.

જગતનાં **કાયદાશાસ્ત્રોમાં** એક કાયદો છે, જે અમેરિકામાં 'લૉ ઑફ ડબલ જેપર્ડી' (Law of double jeopardy) તરીકે, અને ઇંગ્લાંડમાં 'ઓત્રે ફોઈસ એકવીત' (Autre fois acquit) તરીકે ઓળખાય છે. ભારતનું કાયદાશાસ્ત્ર આપણને અંગ્રેજો પાસેથી વારસામાં મળેલું હોવાથી ભારતમાં પણ એ જ કાયદો છે. આ કાયદો એમ કહે છે કે, કોઈપણ વ્યક્તિનો કોઈ એક ગુના માટે કોર્ટમાં ન્યાય થઈ ચૂક્યો હોય, અને તે દોષિત ઠરીને કે નિર્દોષ છૂટ્યો હોય, તો ફરીથી એ જ ગુનાને માટે તેને કોર્ટમાં પાછો લાવી ન શકાય. હા, ઉપલી કોર્ટમાં ચુકાદા સામે અપીલ કરી શકાય. પણ એ જ કોર્ટમાં એ જ ગુનાને માટે તેને પાછો લાવી ન શકાય.

ભારતની અને પરદેશોની કાયદાકચેરીઓમાં એવા અનેક દાખલા બન્યા છે. એક માણસે ખૂન કર્યું હતું. શક પરથી તેને પકડવામાં આવ્યો.

ઇંગ્લાંડની કોર્ટમાં તેનો મુકદ્દમો ચાલ્યો, અને તે નિર્દોષ છૂટી ગયો. ઉપલી કોર્ટમાં અપીલની મુદ્દત વીતી ગયા બાદ, આજ માણસે એક પુસ્તક પ્રગટ કરનારની સાથે મળીને, પોતે ગુનેગાર છે એમ જાહેર કરતું અને ખૂનની વિગતો અને મુકદ્દમાની વિગતોવાળું પુસ્તક પ્રગટ કર્યું. આ પુસ્તકની ખૂબ કમાણી થઈ, જે આ બંને જણે વહેંચી લીધી. આ ગુનેગારે શા માટે ગુનો પુસ્તક દ્વારા જાહેરમાં કબૂલ કર્યો? કેમ કોર્ટે તેને ગુનેગાર તરીકે પકડીને અદાલતમાં ઊભો કરી ન દીધો? પેલા કાયદાને લીધે જ તેને અદાલતમાં ફરી લાવી ન શકાય એ વાત આ ગુનેગાર જાણતો હતો. એટલે એણે પુસ્તક દ્વારા જાહેરમાં ગુનાની કબૂલાત કરીને ભારે કમાણી કરી લીધી.

જો જગતની કાયદાકચેરીઓ અને કાયદાશાસ્ત્રો આવો નિયમ રાખે છે, તો આત્મિક દુનિયા વિષે એ કેટલું સાચું છે! પ્રભુ ઈસુએ જેને માફી આપી છે, અને જેણે એ માફી સ્વીકારી લીધી છે, તેને ફરીથી કોઈ કાળે ઈશ્વરના ન્યાયાસન પાસે ન્યાયદંડ માટે લાવવામાં આવશે જ નહિ. કારણ, કાલવરીના ક્રૂસ પર ઈસુમાં એનો ન્યાય **કાયમને માટે** થઈ ચૂક્યો છે.

> એટલે જ રોમન ૮:૧-૪માં આ પ્રમાણે આપવામાં આવ્યું છે : "**એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી.** કેમ કે ખ્રિસ્ત ઈસુમાં જીવનના આત્માનો જે નિયમ છે તેણે મને પાપના તથા મરણના નિયમથી મુક્ત કર્યો છે. કેમ કે દેહને લીધે નિયમ નિર્બળ હતો, તેથી જે (કામ) તેને અશક્ય હતું તે દેવે (કર્યું, એટલે) **પોતાના દીકરાને પાપી દેહની સમાનતામાં, અને પાપાર્થાર્પણને માટે મોકલીને તેના દેહમાં પાપને દંડાજ્ઞા ફરમાવી;** જેથી આપણામાં, એટલે દેહ પ્રમાણે નહિ પણ આત્મા પ્રમાણે ચાલનારાંમાં, નિયમની માગણી પૂર્ણ થાય."

આ અધ્યાયની પહેલી જ કલમ સ્પષ્ટ જણાવે છે, "જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા (શિક્ષા) નથી." જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે, એટલે જેઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે, પાપની માફી સ્વીકારી લીધી

છે, નવો જન્મ પામ્યાં છે, તેઓ હવે શિક્ષાપાત્ર નથી; તેઓ હવે ન્યાયકરણમાં કદી લવાશે નહિ.

**યોહાન ૫:૨૪** માં પણ એવું જ લખ્યું છે :

> "હું તમને ખચીત ખચીત કહું છું કે, જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; **તે અપરાધી નહિ ઠરશે; પણ તે મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે."** (**अ** 'will not come to judgment'.)

વળી, ક્લોસી ૨:૧૪ પણ એ જ વાત જુદી રીતે કહે છે :

> "અને વિધિઓનું ખત જે આપણી વિરુદ્ધ હતું, અને આપણને પ્રતિકૂળ હતું, તેને ભૂંસી નાખીને, .... વચમાંથી કાઢી નાખ્યું."

જેમ કોઈ શ્રોફ પાસેથી આપણે નાણાં લીધાં હોય અને તેનું ખાતું (ખત) પાડી લીધેલું હોય, હવે કોઈ દયાળુ આદમી એ દેવું આપણા વતી ભરી દે, એટલે પેલો શ્રોફ આપણા દેવાનું ખાતું (ખત) જે આપણી વિરુદ્ધનું અને આપણને (અનુકૂળ નહિ, પણ) પ્રતિકૂળ છે તે ફાડી નાખે; એમ જ ખ્રિસ્તે ક્રૂસ ઉપર એમના ખીલા દ્વારા આપણી વિરુદ્ધના ખતને વચમાંથી ફાડી નાખ્યું, - રદ બાતલ કર્યું. એટલે હવે, જેમ પેલા શ્રોફનું ભૂતકાળનું દેવું આપણી પાસેથી કોઈ ફરી વસૂલ કરાવી શકે નહિ, તેમ જ ખ્રિસ્તે આપણા વતી સજા સહન કરીને ખત ફાડી નાખ્યું છે, અને હવે ફરી કોઈ આપણી પાસે ભૂતકાળની એ સજા વસૂલ કરાવી શકે જ નહિ. આપણે મુક્ત છીએ, આપણને હવે દંડાજ્ઞા નથી. આપણો ન્યાય ફરી થશે નહિ.

ધનવાન અને ભિખારી લાજરસની વાત ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે મૃત્યુ એ 'છેડો' યા 'અંત' નથી. પણ અનંતકાળની હયાતીની શરૂઆત છે. અને એ અદ્રશ્ય દુનિયામાં રહેનારાં સજીવ છે, સભાન છે, તેમ જ આપણી બધી માનસિક શક્તિઓ સચેત હશે, - જેમ કે યાદદાસ્ત (ધનવાન યાદ કરે છે), લાગણીઓ (તે અગ્નિમાં વેદના અનુભવે છે; તે પોતાના પાંચ ભાઈઓને યાદ કરી ખિન્નતા અનુભવે છે).

"અમારી તથા તમારી વચમાં એક મોટી ખાઈ આવેલી છે" (લૂક ૧૬:૨૬). એ આખી કલમ દ્વારા પ્રભુ ઈસુ બતાવે છે કે ન્યાયી આત્માઓ અને દુષ્ટાત્માઓ સ્થળાંતર કરી શકતા નથી. એટલે 'પર્ગેટરી' યા 'સુધરવાની દુનિયા' ની માન્યતાને નકારી કાઢવામાં આવે છે. મૃત્યુ પછી પક્ષપલટો થઈ શકતો નથી. અને મૃત્યુ પછી ઉદ્ધાર પામવાના મતોને બાઈબલ નકારી કાઢે છે.

જે મૃત્યુ પામેલા પ્રભુના લોકો 'પારાદૈસ' અથવા 'આબ્રાહમ પિતાની ગોદ' તરીકે ઓળખાતા હાડેસ (હિબ્રૂ : શેઓલ)માં હતા, તેમનું મુક્તિમૂલ્ય પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર ચૂકવ્યું તે અગાઉ તેઓ મૃત્યુના હવાલામાં કે 'કસ્ટડી' કે ચોકીપહેરામાં હતા. પ્રભુ ઈસુ ઊંડાણમાં ઊતર્યા અને તેમને ઉપર પ્રભુની પાસે લઈ ગયા. એ વિષે સંત પાઉલે કેવું સ્પષ્ટ લખ્યું છે! :

> "એ માટે તે કહે છે કે, 'ઊંચાણમાં ચઢીને તે બંદીવાનોને લઈ ગયો, અને તેણે માણસોને દાન આપ્યાં.' તે ચઢ્યો, એટલે શું? પ્રથમ તે પૃથ્વીના નીચેના ભાગોમાં ઊતર્યો, એમ નહિ? જે ઊતર્યો તે એ છે કે જે સર્વને ભરપૂર કરવાને સર્વ આકાશો પર ઊંચે ચઢ્યો" (એફેસી ૪:૮-૧૦).

આ સંતો ત્યારથી માંડીને સ્વર્ગમાં પ્રભુ ઈસુની સન્મુખમાં રહે છે. એટલે જ ખ્રિસ્તી માણસની આંખ મૃત્યુમાં બંધ થાય છે, કે તરત જ સ્વર્ગમાં તેની આંખ પ્રભુ ઈસુની સામે ખૂલે છે.

## ૨. વિશ્વાસીનો ન્યાય (પુત્ર તરીકે) :

ખ્રિસ્ત ઉપર શ્રદ્ધા રાખનાર વિશ્વાસી જન તરીકે એનો ત્રિમુખી ન્યાય થાય છે : (**क**) 'પાપી' તરીકે બે હજાર વર્ષ ઉપર કાલવરીના ક્રૂસે એનો ન્યાય થઈ ગયો, એ વિષે આપણે હમણાં જ જોયું. હવે (**ख**) વિશ્વાસીનો **પુત્ર તરીકેનો ન્યાય** અહીં જોવાનાં છીએ. અને એ પછી (**ग**) **સેવક તરીકે** વિશ્વાસીની સેવાઓના ન્યાય વિષે જોઈશું.

પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યા પછી, એટલે કે નવો જન્મ પામ્યા પછી પાપ તો થઈ બેસવાનાં, કારણ, જૂનો 'પાપી' અથવા 'દૈહિક' સ્વભાવ આપણામાંથી દૂર કરાયો નથી. નવા જન્મ સમયે આપણને **આત્મિક સ્વભાવ** આપવામાં આવે છે, અને સાથે સાથે **જૂનો 'પાપી'અથવા 'દૈહિક સ્વભાવ'** આપણામાં ચાલુ રહે છે, - એક કોટડીમાં બે ભાડૂત હોય તેમ. આ બંને સ્વભાવ પરસ્પર વિરોધી છે, અને એકબીજાની સાથે લડે છે. "કેમ કે દેહ આત્માની વિરુદ્ધ ઈચ્છા કરે છે, અને આત્મા દેહની વિરુદ્ધ; કેમ કે તેઓ પરસ્પર વિરુદ્ધ છે; અને તેથી જે તમે ચાહો તે તમે કરતા નથી." (ગલાતી ૫:૧૭). આ જૂનો પાપી અથવા દૈહિક સ્વભાવ મૃત્યુ સમયે જ દૂર કરાશે. ત્યાં સુધી પ્રત્યેક ખ્રિસ્તી વ્યક્તિમાં આત્મિક યુદ્ધ (આ બે સ્વભાવ વચ્ચે) ચાલ્યા જ કરવાનું. (રોમન ૧૫-૨૪).

આ 'જૂનું માણસપણું' અથવા 'દૈહિક સ્વભાવ' એ આદમગત મળેલો પાપમય વારસો છે. પાઉલ એને રોમન ૭:૧૫-૨૪ માં 'પાપ' કહે છે. 'પાપ' અને 'પાપો'માં ફરક છે. 'પાપ' એ દૈહિક સ્વભાવ છે, અને 'પાપો' એનાં ફળસમાન છે. ખાટા આંબાનો 'સ્વભાવ'યા પ્રકૃતિ ખાટો રસ છે, એટલે એ આંબાને લાગનાર ફળો (કેરીઓ) પણ ખાટી જ હોય. એને મીઠા આંબાની કલમ ચઢાવવામાં આવે, તો એ કલમ કરાયેલી ડાળીઓ પર મીઠી કેરી થશે, પણ અન્ય ડાળી જેમાં નવી કલમ કરાયેલી નથી તે ડાળીઓ ઉપર ખાટી કેરીઓ જ લાગવાની.

એમ ખ્રિસ્તમાં આવવાથી આપણામાં બે સ્વભાવ (જૂનો દૈહિક સ્વભાવ અને નવો આત્મિક સ્વભાવ) વસે છે, અને પેલો પાપી સ્વભાવ તે 'પાપ' છે, અને એનાં ફળ તરીકે આપણાં પાપી કૃત્યો, પાપી વાણી અને પાપી વિચારો જે બાહ્ય રીતે પ્રગટ થાય છે એ 'પાપો' છે.

### क. દરરોજ પાપકબૂલાત :

એટલે નવો જન્મ પામ્યા પછી પણ, અંદર રહેલા 'દૈહિક સ્વભાવ'ને લઈને પાપો થવાનાં જ. એ પાપોની માફી માટે વિશ્વાસી માણસે દરરોજ **પાપકબૂલાત** કરવી જોઈએ. એટલે સંત યોહાન આ પ્રમાણે

વિશ્વાસી માણસોને સૂચવે છે : "જો **આપણે આપણાં** પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા **આપણને** સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧:૯). અહી જગતી માણસની વાત નથી, કારણ, આ પત્ર મંડળીને એટલે કે ખ્રિસ્તમાં નવો જન્મ પામેલા લોકોને લખાયેલો છે. તેઓને પાપની માફી મળી ચૂકી છે. પણ ખ્રિસ્તમાં આવ્યા પછી જે પાપો થાય તેની વાત સંત યોહાન અહીં કરે છે. ખ્રિસ્તની આગળ આ પાપો માટે **'પાપકબૂલાત'** કરવાથી એની માફી મળે છે, અને અંદર વસતા 'દૈહિક સ્વભાવ' ઉપર વિજય મેળવીએ છીએ.

આ મુદ્દો સ્પષ્ટ કરવા પ્રભુ ઈસુ અને પિતર વચ્ચેનો વાર્તાલાપ આપણે જોવો પડશે. પ્રભુ ઈસુ શિષ્યોના પગ ધોતા હતા ત્યારે પિત્તરે પોતાના પગ ધોવા દેવાની ના પાડી.

> પિતર કહે છે : "પ્રભુ, શું તું મારા પગ ધૂએ છે? ઈસુએ ઉત્તર આપ્યો કે, હું જે કરું છું તે તું હમણાં જાણતો નથી; પણ હવે પછી તું સમજશે. પિતર તેને કહે છે કે, હું તને કદી મારા પગ ધોવા દઈશ નહિ. ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, જો હું તને ન ધોઉં, તો મારી સાથે તારો કંઈ લાગભાગ નથી. સિમોન પિતર તેને કહે છે કે, પ્રભુ, એકલા મારા પગ જ નહિ, પણ મારા હાથ તથા માથું પણ ધો. ઈસુ તેને કહે છે કે, જે નાહેલો છે, તેના પગ સિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી, તે પૂરો શુદ્ધ છે" (યોહાન ૧૩:૬-૧૦).

અહીં આ કલમોમાં પિતર પગહાથ ધોવાની અને શારીરિક સ્નાનની વાત કરે છે, જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તરહિત જીવનની અને ખ્રિસ્તમય જીવનની વાત કરે છે. પ્રભુ ઈસુ પિતરને આ એક બાબત સમજાવે છે કે ખ્રિસ્તના રક્તમાં જે કોઈ એક વખત નાહેલો છે તેને ફરી ફરી નાહવાની જરૂર રહેતી નથી. "જે નાહેલો છે, તેના પગ સિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી, તે પૂરો શુદ્ધ છે." એટલે ખ્રિસ્તરહિત જીવનમાંથી ખ્રિસ્તની પાસે આવતાં ફક્ત એક જ વાર ખ્રિસ્તના રક્તમાં નાહવાની જરૂર હોય છે. એ પછી તે કાયમ માટે ખ્રિસ્તનો જ રહે છે.

યહૂદીઓ બજાર - હાટ કે બહારથી આવે એટલે નાહી લેતા. એ પછી જમવાનું ટાણું થાય એટલે હાથપગ ધોઈ નાખતા. નાહ્યા પછી ઘરમાં આ-તે કામગીરી કરતાં હાથપગ કંઈક અંશે મેલા થયા હોય તે માટે જમવા અગાઉ હાથપગ ધોઈ લેતા (પગ ધોવાની જરૂર એટલા માટે કે તેઓ આડા પડીને સૂતા સૂતા જમતા હતા.) એમ, ખ્રિસ્તરહિત જીવનમાંથી ખ્રિસ્તની પાસે આવતાં એક જ વાર ખ્રિસ્તના લોહીમાં નાહવાનું - શુદ્ધ થવાનું - હોય છે. એટલે એ કાયમ માટે ખ્રિસ્તનો બને છે. પણ એ નવા જન્મ પછી દરરોજ ખ્રિસ્તી ચાલ ચાલતાં પાપ થઈ જાય (એટલે કે પગ મેલા થાય) એ માટે પગ ધોવાની જરૂર રહે છે, એટલે કે 'પાપકબૂલાત'ની જરૂર રહે છે. પ્રભુ ઈસુના શબ્દોના ભાવાર્થ સમજીએ તો એમનો આવો અર્થ થાય : 'નાહવું' એટલે 'ખ્રિસ્તના બનવું', અને 'પગ ધોવા' એટલે 'પાપકબૂલાત કરવી'.

જૂનો દૈહિક સ્વભાવ ચાલુ રહેલો હોવાથી પાપ થવાનાં. પણ એને માટે પ્રભુ ઈસુએ રસ્તો બતાવ્યો છે, - 'પાપકબૂલાત'નો. સંત યોહાન પણ એ વિષે લખે છેઃ "જો કોઈ પાપ કરે તો બાપની પાસે **આપણો** મધ્યસ્થ છે" (૧યોહાન ૨:૧). અહીં ખ્રિસ્તી માણસ વિષે લખવામાં આવ્યું છે. પાપને કારણે વિશ્વાસી માણસ અને ખ્રિસ્તની વચ્ચેની સંગતમાં અંતરાય અથવા પડદો આવી જાય છે. પણ પાપકબૂલાત દ્વારા એ અંતરાય યા પડદો દૂર થઈ જાય છે.

**ख. વણકબૂલેલાં પાપ અને શિક્ષા :**

જ્યારે વિશ્વાસી માણસ પાપ કરે છે પણ પછી પાપકબૂલાત નથી કરતો ત્યારે પવિત્ર આત્મા એને પાપકબૂલાત કરવા ચેતવે છે. છતાંયે જો તે પાપની કબૂલાત ન કરે તો પ્રભુ ઈસુ તેને શિક્ષા કરે છે. જેમ પિતા પોતાના પુત્રના ભલાને માટે, તેની વિશોભિત વર્તણૂકને કારણે, તેને સોટી મારે છે જેથી તે પાછો સીધા માર્ગ પર આવે, તેમ પાપ તરફ વળેલા વિશ્વાસી માણસને પ્રભુ 'સોટી' મારે છે. સંત પાઉલ એ વિષે લખતાં આ પ્રમાણે

લખે છે : "જો **આપણે** પોતાની પરીક્ષા કરીએ, તો **આપણો** ન્યાય કરવામાં નહિ આવે, પણ જો **આપણો** ન્યાય કરવામાં આવે છે ત્યારે પ્રભુથી શિક્ષા પામીએ છીએ, જેથી જગતની સાથે (છેલ્લા ન્યાયકાળ સમયે - પાપીઓના ન્યાયકાળમાં) **આપણને** શિક્ષા ન થાય" (૧ કોરિંથી ૧૧:૩૧,૩૨).

હિબ્રૂ ૧૨:૫-૧૧ માં એ જ વિષે લખ્યું છે :

"વળી પુત્રોની પેઠે સમજાવીને જે બોધ તમને કરવામાં આવે છે, તે તમે ભૂલી ગયાં, એટલે, મારા પુત્ર, પ્રભુની શિક્ષાને તું તુચ્છ ન ગણ, અને તે તને ઠપકો આપે ત્યારે તું નાસીપાસ ન થા; કેમ કે જેના પર પ્રભુ પ્રેમ રાખે છે, તેને તે શિક્ષા કરે છે, અને જે પુત્રનો તે અંગીકાર કરે છે, તે દરેકને તે કોરડા મારે છે."

જો ખ્રિસ્તનો માણસ થયેલાં પાપની કબૂલાત કરતો નથી, અને પ્રભુ ઈસુ પાસે માફી માગતો નથી, તો તે ખ્રિસ્તથી શિક્ષા પામે છે. એ શિક્ષા યા 'સોટી' અનેક પ્રકારની હોઈ શકે : માંદગી, નાણાંભીડ, નોકરી તૂટવી, વિપરીત સંજોગો ઊભા થવા, વગેરે, વગેરે પ્રકારની સોટી હોઈ શકે.

ઈશ્વરની સોટી વાગ્યા કરે છતાં જો ખ્રિસ્તી જન પાપથી ન ફરે, અને પાપકબૂલાત ન કરે, તો પ્રભુ એને મૃત્યુ દ્વારા તેડાવી પણ લે. વિધર્મીઓમાં પણ ન ચાલતું હોય એવું પાપ કોરિંથની મંડળીમાં ચાલતું હતું એ વિષે શું કરવું તે સંબંધી પાઉલ એ મંડળીને આ પ્રમાણે લખે છે :

"ખરેખર મારા સાંભળવામાં આવ્યું છે કે તમારામાં વ્યભિચાર છે, અને તે વળી એવો વ્યભિચાર કે જે વિધર્મીઓમાં પણ ચાલતો નથી, એટલે કે કોઈએ પોતાની સાવકી માને રાખી છે. એમ છતાં એ બાબતમાં શોક કર્યાને બદલે તમે તો મગરૂર થયા છો! જેણે એ કામ કર્યું તેને **તમારે તમારામાંથી દૂર કરવો જોઈતો હતો.** કેમ કે હું તો શરીરે ગેરહાજર છતાં આત્માએ હાજર હોવાથી, જાણે હું પોતે હાજર હોઉં તેમ એ કામ કરનારનો ન્યાય કરી ચૂક્યો

છું, કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સામર્થ્ય સહિત, **તમે મારા આત્મા સાથે** એકઠા મળીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે, તમારે એવા માણસને **દેહના નાશને સારુ શેતાનને સોંપવો,** કે જેથી પ્રભુ ઈસુના દિવસમાં (તેનો) આત્મા તારણ પામે" (૧ કોરિંથી ૫:૧-૫).

આવું ખતરનાક પાપ કરનાર માણસ વિધર્મી નથી, પણ ખ્રિસ્તની મંડળીનો માણસ છે, કારણ, આ પત્ર વિધર્મીઓને નહિ પણ ખ્રિસ્તની મંડળીને સંબોધીને લખવામાં આવ્યો છે. "**તેને તમારે તમારામાંથી દૂર કરવો જોઈતો હતો,**" એટલે કે, તેને મંડળી બહાર મૂકવો જોઈતો હતો. "તમારે એવા માણસને **દેહના નાશને સારુ શેતાનને સોંપવો**", એટલે કે એના પાપના કારણે શિક્ષા તરીકે શેતાન તેના શરીરે વ્યાધિ લાવે કે તેનું મરણ નિપજાવે તે માટે તેને શેતાનના હવાલામાં સોંપવો.

પ્રભુએ પરવાનગી આપી એટલે શેતાને અયૂબના શરીરમાં ભયંકર વ્યાધિ લાગુ કર્યો. જો પ્રભુએ અયૂબના જીવને બચાવવાનું ના કહ્યું હોત તો શેતાન તેનો જીવ પણ લેત, અને તેનું મૃત્યુ નિપજાવત. (અયૂબ ૧:૧૨. ૨:૫,૬). શેતાનને પ્રભુ તરફથી એ પરવાનગી મળેલી છે કે તે સંતોની તાવણી કે તપાસણી કરે. અને એ માટે શારીરિક પીડા પણ તે આપે, અને પરવાનગી હોય તો મોત પણ નિપજાવે. પાપીઓને તો તે શારીરિક વેદના કે રોગ આપે જ છે, અને મૃત્યુમાં પણ ઘસડી લઈ જાય છે.

પાઉલને પણ શેતાન તરફથી 'દેહમાં કાંટો' આપવામાં આવ્યો હતો. પાઉલ સંબંધી લખતાં કહે છે : "વળી, પ્રકટીકરણોની અત્યંત મહત્તાને લીધે હું અતિશય વડાઈ ન કરું, માટે મને **શિક્ષા આપવા સારુ** શેતાનના દૂત તરીકે મને દેહમાં કાંટો આપવામાં આવ્યો, કે જેથી હું અતિશય વડાઈ ન કરું. તે મારી પાસેથી દૂર જાય એ બાબત વિષે મેં ત્રણ વાર પ્રભુની પ્રાર્થના કરી. અને તેણે (પ્રભુએ) મને કહ્યું છે કે, તારે વાસ્તે મારી કૃપા બસ છે; કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે." (૨ કોરિંથી ૧૨:૭-૯).

વળી, સંત પિતર વિષે પણ જોઈ લઈએ. પ્રભુ ઈસુ સિમોનને કહે છે : "સિમોન, સિમોન, ધ્યાન રાખજે. શેતાને તમને બધાને ઘઉંની જેમ ઝાટકવાને રજા મેળવેલી છે. પણ તારે માટે મેં પ્રાર્થના ગુજારેલી છે કે તારી શ્રદ્ધા ખૂટે નહિ" (લૂક ૨૨:૩૧,૩૨ 'શુભસંદેશ' તરજુમો).

"ભાઈઓ ઉપર દોષ મૂકનાર શેતાન" (પ્રકટીકરણ ૧૨:૧૦), અને 'તમારો વૈરી શેતાન' (૧ પિતર ૫:૮) પાપને કારણે પાપ કરનાર ખ્રિસ્તી જનને શિક્ષા કરવાના હેતુથી, તે ખ્રિસ્તી જનને તેના હવાલામાં સોંપવામાં આવે એવી માગણી કરે છે. જ્યારે પ્રભુ શેતાનને એની ઇચ્છા પ્રમાણે કરવાને એને પરવાનગી આપે છે ત્યારે એ માણસને "શેતાનના હવાલામાં સોંપ્યો એમ ગણાય છે." (સરખાવો ગીતશાસ્ત્ર ૧૦૯:૬).

**ગ. એવા ખ્રિસ્તીને 'શેતાનને સોંપવો' (એટલે શું?)**

**શરીરના નાશને માટે :**

પણ આ હવાલો કાયમને માટે આપવામાં આવ્યો હોતો નથી, પણ ટૂંક મુદતને માટે શેતાન તેના શરીરમાં ઉપદ્રવ મૂકે અને જરૂર પડે તો તેનું મૃત્યુ પણ નિપજાવે; જેથી 'દેહની વાસના' તેનામાંથી દૂર કરવામાં આવે, પણ એ ખ્રિસ્તી જનનો આત્મા પ્રભુની ગોદમાં જાય, અને 'પહેલા પુનરુત્થાન'માં તે ખ્રિસ્તના લોકોની સાથે મહિમાવંત શરીરે ઊઠે. "**શરીરના નાશને માટે** શેતાનને સોંપવો" એવું બાઇબલમાં લખ્યું નથી, કારણ, શેતાને આ ખ્રિસ્તીના શરીરને મૃત્યુમાં મૂક્યું, પણ પુનરુત્થાનની પ્રભાતે એ જ શરીર મહિમાવંતું સ્વરૂપ ધારણ કરીને ઊઠશે, અને એના'સદાના સાથી' આત્મા સાથે જોડાઈને ઉદ્ધારના અનંતકાલિક આનંદનું ભાગીદાર બનશે. "જેથી પ્રભુ ઈસુના દિવસમાં તેનો આત્મા તારણ પામે," (૧ કોરિંથી ૫:૫) એ વાક્યનો એ જ અર્થ થાય છે. (સરખાવો રોમન ૮:૨૩. ફિલિપી ૩:૨૧).

વળી, અહીં 'શરીર' માટે મૂળ ગ્રીકમાં વપરાયેલો શબ્દ **'સોમા'** (શરીર) નહિ, પણ **સાર્ખ** (દેહ) છે (૧ કોરિંથી ૫:૫). આ "દેહ" (સાર્ખ)

શબ્દ તે, અને ગલાતીઓના પત્રમાં ૫:૧૧-૨૪ માં આપેલો 'આત્મા'ના વિરોધી યા પ્રતિસ્પર્ધી તરીકે વપરાયો "દેહ" શબ્દ એ બંને એક જ છે.

વળી, સંત પાઉલ અહીં કહે છે તે **'દેહના નાશને સારુ,'** અને રોમન ૮:૧૩ માં કહે છે તે "જો તમે દેહ પ્રમાણે જીવો તો તમે મરશો જ; પણ જો તમે આત્મા વડે **શરીરનાં કામોને મારી નાખો** તો તમે જીવશો," એ એક જ વાત છે; ફરક એટલો જ કે આ પાછલી બાબત આપણે પોતે કરીએ છીએ, જ્યારે આગલી બાબત ઈશ્વર તરફથી કરાયેલી શિક્ષા દ્વારા અમલી બને છે.

આ વિષય આપણે છણીએ છીએ ત્યારે સાથે સાથે બાઈબલની એક સમજવી અઘરી એવી એક કલમને પણ સમજી લઈએ : ૧ યોહાન ૫:૧૬-૧૭ માં લખ્યું છે, "મરણકારક નથી એવું પાપ જો કોઈ પોતાના ભાઈને કરતો જુએ તો તેણે માગવું, એટલે મરણકારક નથી એવું પાપ કરનારાઓને માટે (ઈશ્વર) તેને જીવન આપશે. મરણકારક એવું પણ પાપ છે; તે વિષે હું કહેતો નથી કે વિનંતી કરવી. સર્વ અન્યાય પાપ છે; અને મરણકારક નથી એવું પણ પાપ છે." અહીં **'પાપ કરતો જુએ'** એ શબ્દોનો અર્થ એ નથી કે અમુક પાપી કૃત્ય આચરતો તત્ક્ષણ તે તેને જુએ, પણ કોઈ ભાઈ સતત આ અમુક પાપમાં ચાલ્યા જ કરતો હોય એવું બીજો કોઈ ભાઈ જુએ - એમ થાય છે. પાપકબૂલાત કર્યા વગર, અને માફી મેળવ્યા વગર એના એ જ પાપમાં જીવવું તે સંબંધી અહીં લખ્યું છે.

એવા ખ્રિસ્તી માણસ માટે કોઈ ખ્રિસ્તી ભાઈ પ્રભુ આગળ તેને માટે મધ્યસ્થીની પ્રાર્થના કરે (અને સાથે સાથે એને પ્રેમભરી રીતે ઠપકો પણ આપતો રહે), તો ઈશ્વર તે (પાપ કરનાર)ને જીવન બક્ષશે. આ પાપ કરનાર ખ્રિસ્તી ભાઈ જાણે કે ઈશ્વર તરફથી શિક્ષા તરીકે જિંદગી જીવવાનો પોતાનો હક્ક ખોઈ બેસવાની તૈયારીમાં હતો તેવામાં બીજા ખ્રિસ્તી ભાઈની મધ્યસ્થીની પ્રાર્થના દ્વારા પ્રભુ જાણે કે તેને નવી જિંદગી આપે છે. (અહીં નરકમાં જવાની, અને મધ્યસ્થીની પ્રાર્થના દ્વારા

નરકમાંથી ઊગરી જવાની કોઈ વાત છે જ નહિ. અહીં તો ફક્ત જિંદગી જીવવાના હક્કને ખોઈ નાખવાની વાત છે.) આ મરણકારક નથી એવા પાપ માટેની મધ્યસ્થીની વાત થઈ.

### ઘ. 'મરણકારક પાપ' એટલે શું? :

**'મરણકારક એવું પણ પાપ છે'** એના માટે બાઈબલમાં વિનંતી કરવી અઘરી છે. એમ કહી શકાય કે ખ્રિસ્તી માણસ પાપ કર્યા જ કરે, અને પાપકબૂલાત કરે જ નહિ, તે એટલે સુધી કે તેની હાલત ધર્મભ્રષ્ટ જેવી બની રહે, અને તેના આત્મામાંથી "વિશ્વાસ, આશા અને પ્રેમ" **જાણે** હોલવાઈ જતાં હોય તેવી તેની હાલત બની જાય, એટલે કે નવા જીવનની જ્યોત તેના આત્મામાંથી **જાણે** બુઝાઈ જવા જેવી લાગે, ત્યારે એ મરણકારક પાપ ગણાય. ઈશ્વરની શિક્ષા કે 'થપડાક' તરીકે તેનું શારીરિક મૃત્યુ થાય છે, ઈશ્વર અચાનક તેને તેડાવી લે છે.

જ્યાં સુધી એમ ન લાગે કે ન દેખાય કે તે 'મૃત્યુકારક પાપ'માં છે, ત્યાં સુધી એને માટે મધ્યસ્થીની પ્રાર્થના કરી શકાય, પણ એ ભાઈ વિષે એમ લાગે કે તેણે જાણીબુજીને કૃપાનો અનાદર કર્યો છે, અને પોતાનામાંથી જીવનને ધકેલી કાઢ્યું છે, ત્યારે એનાં હકમાં કોણ કેવી રીતે મધ્યસ્થી દ્વારા જીવન મેળવી શકે? ઈશ્વરની કૃપા પ્રમાણે, એનો આત્મા નાશમાં ન જાય એ માટે શારીરિક મૃત્યુ દ્વારા પ્રભુ તેને પોતાની પાસે વહેલો તેડાવી લે છે.

આ ઉપરાંત, ૧ કોરિંથી ૧૧:૨૯-૩૦ 'પ્રભુની મેજ' વિષે લખતાં સંત પાઉલ એવી જ બાબત જણાવે છે : "કેમ કે પ્રભુના શરીરનો ભેદ જાણ્યા વગર જે ખાય છે તથા પીએ છે તે ખાધાથી તથા પીધાથી પોતાને **શિક્ષાપાત્ર** ઠરાવે છે. એ જ કારણથી તમારામાં ઘણા દુર્બળ અને રોગી છે (પ્રભુની શિક્ષા તરીકે શારીરિક માંદગીઓ અને અશક્તિ) અને ઘણાએક ઊંઘે છે (શારીરિક મૃત્યુ પામે છે). પણ જો આપણે પોતાની પરીક્ષા કરીએ (પાપકબૂલાત કરીએ), તો આપણો ન્યાય કરવામાં નહિ આવે. પણ આપણો ન્યાય કરવામાં આવે છે (કારણ કે આપણે પોતે પાપકબૂલાત કરતા નથી,

તેથી ઈશ્વર ન્યાય કરીને સોટી મારે છે) ત્યારે પ્રભુથી શિક્ષા પામીએ છીએ, જેથી જગતની સાથે આપણને શિક્ષા ન થાય."

### ૩. બીજો ન્યાયકાળ -

આપણે આગળ જોઈ ગયા તેમ પહેલો ન્યાયકાળ આજથી લગભગ બે હજાર વર્ષ ઉપર કાલવરીના ક્રૂસે થઈ ગયો. વિશ્વાસીઓનાં પાપોની શિક્ષા પ્રભુ ઈસુએ વેઠી.

### સેવક અને સાક્ષી તરીકેની સેવાઓની ચકાસણી :

હવે આ બીજો ન્યાયકાળ તે ખરેખર તો ન્યાયકાળ નથી, પણ વિશ્વાસી જનોએ પ્રભુ ઈસુને ખાતર કરેલી સેવાઓની ચકાસણી છે. ખ્રિસ્તની મંડળી પૃથ્વી ઉપરથી ગગનમાં લઈ લેવાઈ હશે અને પ્રભુ ઈસુ સ્વર્ગમાંથી ગગનમાં આવ્યા હશે ત્યાં ખ્રિસ્તના ન્યાયાસન આગળ ગગનમાં આ ચકાસણી થશે. પ્રભુના લોકોનાં કામો અને સેવાઓની "અગ્નિપરીક્ષા" થશે. એ વિષે બાઈબલમાં આ પ્રમાણે આપ્યું છે :

> "દેવની મારા પર થયેલી કૃપા પ્રમાણે કુશળ મિસ્ત્રી તરીકે મેં પાયો નાખ્યો છે; અને તેના પર બીજો બાંધે છે. પણ પોતે તેના પર કેવી રીતે બાંધે છે તે વિશે દરેકે સાવધ રહેવું. કેમ કે નંખાયેલો પાયો તે ઈસુ ખ્રિસ્ત છે, તે સિવાય બીજો પાયો કોઈ નાખી શકતું નથી. પણ જો આ પાયા પર કોઈ **સોનું, રૂપું, મૂલ્યવાન પાષાણ, કાષ્ટ, ઘાસ કે ખૂંપરા બાંધે, તો દરેકનું કામ (કેવું છે તે) પ્રગટ કરવામાં આવશે,** કેમ કે તે દિવસ તેને ઉઘાડું પાડશે, **કેમ કે અગ્નિથી તે પ્રગટ કરવામાં આવશે; અને દરેકનું કામ કેવું છે એ અગ્નિ જ પારખશે.** કોઈએ તે (પાયા) પર જે બાંધકામ કર્યું હશે, તે જો ટકશે **તો તેને બદલો મળશે. જો કોઈનું કામ બળી જશે, તો તેને નુકસાન થશે; પણ તે જાતે જાણે કે અગ્નિમાંથી બચેલા જેવો થશે**" (૧ કોરિંથી ૩:૧૦-૧૫).

આ ન્યાય એકને સ્વર્ગે લેવા અને બીજાને નરકે નાખવા માટેનો નથી. આ બધા જ લોકો તો નવો જન્મ પામેલા, બદલાણ પામેલા છે;

અને પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તેઓ પ્રભુની સાથે રહેવા ગગનમાં તણાઈ ગયા હશે. તેઓમાંનો પ્રત્યેક જણ સ્વર્ગને માટે સ્વીકારાયેલો છે, અને ગગનમાં ખ્રિસ્તની પાસે આવી ચૂકેલો છે.

આ તો તેઓ પૃથ્વી ઉપર હતા ત્યારે ખ્રિસ્તની મંડળી બાંધવા માટે તેમણે કેવી કેવી સેવાઓ કરી, મંડળી બાંધવામાં કેવી કેવી સામગ્રી વાપરી તેની પરીક્ષા યા પારખ થશે. જેઓએ ઉત્તમ પ્રકારની, એટલે કે સોના, રૂપા અને કીમતી પાષાણ (હીરા, માણેક, રત્નો) જેવી સેવા કરી હશે, તે સેવાઓ માન્ય રખાશે, અને અગ્નિપરીક્ષામાં ટકી રહેશે. અને એવી સેવાઓ અર્પનારને **'ઇનામ'** મળશે, અને ધન્ય સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેમને કહેશે, "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણા ઉપર ઠરાવીશ; તું તારા પ્રભુના આનંદમાં પેસ" (માથ્થી ૨૫:૨૩).

પણ જેમણે જેમણે ઊતરતા પ્રકારની કે હલકા પ્રકારની સેવાઓ કરી હશે, (એટલે કે 'કાષ્ટ, ઘાસ કે ખૂંપરા જેવી') તેમની સેવાઓની અગ્નિકસોટી થતાં એ સેવાઓ બળી જશે, ખાખ થઈ જશે. એમને કોઈ શાબાશી નહિ મળે, કે કોઈ ઇનામ યા બદલો નહિ મળે. તેઓ પોતે તો સ્વર્ગધામમાં આવેલા છે, અને એ તેમનું સ્થાન ચાલુ જ રહેશે. કલમ ૧૫ એ વિષે આમ કહે છે : "જો કોઈનું કામ બળી જશે, તો તેને નુકસાન થશે (એટલે કે ઇનામ, બદલો, શાબાશી નહિ મળે), પણ તે જાતે જાણે કે અગ્નિમાંથી બચેલા જેવો થશે."

જેમ કોઈ રમતવીરો જુદી જુદી હરીફાઈઓમાં ઊતર્યા હોય, દા.ત. એક કિલોમીટરની દોડ, ઊંચો કૂદકો, લાંબો કૂદકો, ભાલાફેંક, ઇત્યાદિ, તેમાંથી વિભાગવાર પહેલા, બીજા, અને ત્રીજા નંબરનું અને આશ્વાસન ઇનામ પણ મળે, પરંતુ બાકીના બધા રમતવીરોને ઇનામ તો ના મળે, પણ તેઓ મોં ફાડીને માત્ર જોઈ રહે. એમ ગગનમાં ખ્રિસ્તના ન્યાયાસન આગળ ઉત્તમ સેવાઓ માટે ઇનામો મળશે, જ્યારે બાકીના બધાને કંઈ ઇનામ નહિ મળે, એમ તેઓને 'નુકસાન થશે,' પણ તેઓ સ્વર્ગના વાસી મટી જવાના નથી.

આ 'સેવાઓ' માત્ર મંડળીમાં 'પાસ્ટોરેટ સમિતિ'માં કામ કર્યું હોય, કે મહિલામંડળમાં, યુવકમંડળોમાં, કે ક્વાયરમાં, કે સન્ડેસ્કૂલમાં કરેલી સેવાઓ જ નહિ, પણ 'ખ્રિસ્તના સાક્ષીઓ' તરીકે જગતની ખાનગી કે સરકારી ઓફિસોમાં, શાળાઓમાં, મિલોમાં, રેલવેમાં, કારખાનાંઓમાં, કે અન્ય કોઈપણ સ્થળે આપેલી કામગીરી એ બધી ખ્રિસ્તને ખાતર કરેલી સેવાઓ છે. ત્યાં પ્રભુએ પોતે તમને એ સેવાઓ દ્વારા ખ્રિસ્તનો પ્રકાશ ફેલાવવા મૂક્યા છે. ખ્રિસ્તનો પ્રકાશ બીજાંઓમાં ફેલાવી તમે આસપાસના તમારા અખ્રિસ્તી કે નામધારી ખ્રિસ્તીઓને ખ્રિસ્તની પાસે લાવો છો, અને એમ ખ્રિસ્તની મંડળી બાંધવામાં અગત્યની સેવાઓ આપો છો. એવી બધી જ સેવાઓની ચકાસણી યા અગ્નિપરીક્ષા ખ્રિસ્તના ન્યાયાસન આગળ ગગનમાં થશે.

### क. બીજો કોરિંથી ૫:૫-૧૦ માં "ભૂંડું" એટલે શું?:

સંત પાઉલ એ વિષે આ પ્રમાણે લખે છે : " એ માટે શરીરરૂપી ઘરમાં હોઈએ કે બહાર હોઈએ, પણ તે (ખ્રિસ્ત) ને પસંદ પડીએ એવી ઉમેદ અમે રાખીએ છીએ. કેમ કે દરેકે શરીરમાં રહીને જે જે **ભલું** કે **ભૂંડું** કર્યું હશે તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયાસન આગળ **પ્રગટ** થવું પડશે" (૨ કોરિંથી ૫:૫-૧૦). આ કલમોમાં પણ એની એ જ વાત જરા જુદી રીતે આપી છે. અહીં પણ સ્વર્ગ યા નર્કમાં મોકલવાની વાત નથી, પણ **'આપણને'** એટલે કે ખ્રિસ્તના લોકોને ઇનામ આપવાની વાત છે.

એમાં "**ભૂંડું**" શબ્દ આપ્યો છે, તેમાં નૈતિક ભૂંડાઈની વાત છે જ નહિ. નૈતિક ભૂંડાઈ (ચોરી કરવી, જૂઠું બોલવું, ઈર્ષા-અદેખાઈ રાખવી, વેરઝેર રાખવાં, સ્વાર્થ સેવવો, ખૂન કરવું, વ્યભિચાર કરવો) એવી નૈતિક ભૂંડાઈ વિષે એ શબ્દમાં ઉલ્લેખ નથી. નવા કરારની મૂળ ગ્રીક ભાષામાં નૈતિક ભૂંડાઈ માટે 'પોનરસ' શબ્દ વાપરેલો છે. પણ આ કલમમાં વાપરેલો **'ભૂંડું'** શબ્દ ગ્રીકમાં **'કાકોસ'** છે. અને એનો અર્થ થાય છે, 'ધોરણ કરતાં ઊતરતું કામ.' કોઈ વિદ્યાર્થી પરીક્ષા આપીને આવે, ને

પૂછો કે કેવું કામ થયું? - તો તે જવાબ આપે કે "બહુ ખરાબ કામ થયું." એમાં કોઈ નૈતિક ભૂંડું તો નથી થયું, પણ સારા ગુણે પાસ થવા માટેના ધોરણ કરતાં ઊતરતી કક્ષાનું કામ થયું એવો અર્થ છે. એમ જ આપણી આ કલમમાં 'ભૂંડું' એટલે ખ્રિસ્તની આગળ સેવા માન્ય થવાના ધોરણ કરતાં ઊતરતી કક્ષાનું કામ થયું હોય તો તેને ઇનામ, બદલો, યા શાબાશી નહિ મળે.

**ख. 'પ્રગટ થવું પડશે' એટલે શું?**

આ બીજો કોરિંથી ૫:૫-૧૦ માં આ પણ શબ્દો છે : "... તે પ્રમાણે ફળ પામવાને ખ્રિસ્તના ન્યાયાસન આગળ **પ્રગટ** થવું પડશે." ખ્રિસ્તના ન્યાયાસન આગળ ઊભા રહેવું પડશે કે ખડા થવું પડશે, એવું નથી કહ્યું, પણ **'પ્રગટ થવું પડશે,'** એમ લખ્યું છે, એનો અર્થ એવો થાય છે કે જેમ 'એક્સ-રે' મશીન આગળ આપણે ઊભા રહીએ એટલે આપણા અંદરના અવયવોમાં અને હાડકાંની અંદર પણ શું છે તેની જાણ થાય,- ખુલ્લા થઈ જવાય, તેમ ખ્રિસ્તના ન્યાયસન આગળ ઊભા રહીશું ત્યારે આપણે તદ્દન ખુલ્લા દેખાઈશું. પેલી આપણે કરેલી સેવાઓ પાછળ આપણા ખાનગી હેતુઓ કે ઈરાદા શા હતા તે બધું જાહેર થશે. આપણા હેતુઓની, ભાવના!ની, દાનતની, અને ઈરાદાઓની પણ અગ્નિપરીક્ષા થશે. આ બધું ફક્ત પ્રભુ ઈસુના લોકો જેઓ ગગનમાં ઊંચકાઈ લેવાયા છે તેઓના જ હક્કમાં બનશે. બીજા કોરિંથીના પાંચમા અધ્યાયમાં 'આપણે' અને એ સંદર્ભના શબ્દો ૨૬ વખત વપરાયા છે, અને એ ફક્ત ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનાર વિશ્વાસી લોકો માટે જ વપરાયા છે.

અમેરિકા તરફની એક મુસાફરીમાં એક વિમાનઘરે અમ મુસાફરોને એક જગાએ થોભ્યા પછી બીજે જવાનું હતું, ત્યારે અમને એક લાંબા જેવા ઓરડામાં થઈને પસાર થવાનું કહેવામાં આવ્યું. અને અમને જણાવવામાં આવ્યું કે આ ઓરડામાં થઈને જતાં અમારાં ગજાં, બ્રીફકેસો, શરીરો, વગેરેની ચકાસણી થશે. અમે તો પસાર થઈ ગયા, પણ કોઈએ અમારું કશું તપાસ્યું નહિ. મેં હળવી મજાકથી ઓફિસરને એ

વિષે પૂછ્યું, ત્યારે તેણે જણાવ્યું કે ઓરડા ઉપરની કાચની બારીઓની ઉપરની બાજુએ 'રડાર' પ્રકારનાં યંત્રો છે જે દ્વારા અમારું સઘળું, અને અમારાં શરીરોની અંદર ચામડી નીચે કંઈ સંતાડ્યું હોય તે સર્વ ક્યારનુંયે તપાસાઈ ગયું છે. એવું જ ખ્રિસ્તના ન્યાયાસન આગળ આપણા ઈરાદાઓ, ભાવનાઓ કે હેતુઓ ખુલ્લાં પ્રગટ થશે, અને એ અગ્નિપરીક્ષા પ્રમાણેની ચકાસણી મુજબ શાબાશી યા બદલો મળશે. ઉત્તમમાં ઉત્તમ પ્રકારની સેવા પણ જો સ્વાર્થી કે ઊલટા પ્રકારના હેતુઓથી કરી હશે, તો અગ્નિમાં એ સેવા બળી જશે, અને આપણને એનો બદલો મળશે નહિ. આ સેવાઓ ઈશ્વરના મહિમાર્થે હતી કે પોતાનાં માન-મહિમા માટે હતી, ઈશ્વરેચ્છા પ્રમાણેની હતી કે, મનુષ્યેચ્છા પ્રમાણેની હતી, એ બધું ત્યાં ખુલ્લું થશે.

એવી જ મતલબની વાત સંત પાઉલ ૧ કોરિંથી ૪:૫ માં પણ કહે છે : "એ માટે તમે સમયની અગાઉ, એટલે કે પ્રભુ આવે ત્યાં સુધી, કંઈ નિર્ણય ન કરો; કેમ કે **તે અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે,** અને **હૃદયોની ધારણાઓને પણ પ્રગટ કરશે.** અને તે વેળા દરેકનાં વખાણ દેવ તરફથી થશે."

**તમારી સેવા પ્રભુમાં નિરર્થક નથી.** બીજી એક વાત પણ અહીં નોંધવી જરૂરી છે કે પ્રભુના નામને લીધે, તેમના મહિમાને માટે કરેલી નાનામાં નાની સેવા નિરર્થક યા ફોગટ જવાની નથી. યોગ્ય સમયે પ્રભુ એનું ફળ લાવશે જ. આ વાત ઉપર ભાર મૂકવા માટે સંત પાઉલ આ પ્રમાણે કહે છે : "એ માટે, મારા પ્રિય ભાઈઓ, તમે સ્થિર તથા દ્રઢ થાઓ, અને **પ્રભુના કામમાં સદા મચ્યા રહો, કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી,** એ તમે જાણો છો" (૧ કોરિંથી ૧૫:૫૮).

ઈંગ્લાંડની એક સન્ડેસ્કૂલમાં એક શિક્ષિકાબહેન પ્રાર્થનાસહિત અને બહુ તૈયારીસહ સન્ડેસ્કૂલના વર્ગમાં શીખવતી હતી. પણ વર્ગનો એક 'લાંઠ' વિદ્યાર્થી અનેક જાતનાં ટીખળો, અડપલાં અને ચેનચાળા દ્વારા વર્ગનું ધ્યાન બીજી બીજી દિશાઓ તરફ ખેંચી લેતો હતો, અને આ શિક્ષિકાબહેન બહુ દુ:ખી થઈ જતી અને ત્રાસ અનુભવતી. લાંબા સમય

પછી પેલો વિદ્યાર્થી સારું ભણીગણીને કોઈ દૂરના દેશમાં કામધંધાર્થે ગયો. ત્યાં વર્ષો વિતાવ્યા બાદ તે હવે પોતાની સ્ટેશન-વેગનમાં પોતાને વતન પાછો ફર્યો. ગામમાં પેસતાં પહેલાં આવેલા કબરસ્તાન આગળ તેણે પોતાનું સ્ટેશન-વેગન થોભાવ્યું. તેને બહુ ઇંતેજારી થઈ હતી કે વર્ષો પહેલાં પોતે ગામ છોડ્યું ત્યારથી અત્યાર સુધીમાં ગામમાં કયા કયા ફેરફાર થયા, કોણ કોણ મરી પરવાર્યું, વગેરે; એટલે વાહનમાંથી ઊતરી કબરસ્તાનમાં તે બધી કબરો જોવા અને તે પરનાં લખાણ વાંચવામાં મશગૂલ બની ગયો.

ઘણાંબધાંનાં નામો અને ચહેરા તેની આંખ આગળ પ્રગટ થયાં. એક કબર ઉપર કોઈ એક બહેનનું નામ હતું, અને ઘણાં વર્ષો ઉપર તે મૃત્યુ પામી હતી. એની ઓળખ યા યાદ આ માણસના સ્મરણપટ પર આવતી નહોતી. લાંબો વિચાર કર્યા પછી તેને સ્મરણ થયું કે બાળપણની પેલી સન્ડેસ્કૂલમાં ઘણી તૈયારી અને ઘણી પ્રાર્થનાઓ સાથે તૈયારીપૂર્વક આવતી આ તો પેલી મારી સન્ડેસ્કૂલ શિક્ષિકાબહેન છે! પછી પોતાને સ્મરણ થયું કે પોતે કેવો તેને હેરાન કરતો હતો અને કેવી એની સર્વ મહેનત વિફળ કરતો હતો! પછી ધીમે ધીમે એ બહેને શીખવેલી વાતો યાદ આવી. અને આ માણસ ત્યાં ઊભો ઊભો રડી પડ્યો, પવિત્ર આત્માએ તેના હૃદયમાં કામ કર્યું. આ માણસે પેલી બહેનની કબર ઉપર નમીને રુદન અને પશ્ચાતાપ સહિત પોતાનાં પાપની માફી માગી, અને જીવનની સોંપણી પ્રભુ ઈસુને કરી. એ પછીનાં વર્ષો તેણે પ્રભુની સેવામાં ગાળ્યાં. ના, પેલી શિક્ષિકાબહેનની પ્રાર્થના સાથેની તૈયારીઓ અને સેવાઓ આખરે નિરર્થક બની નહોતી. "અને પ્રભુના કામમાં સદા મચ્યા રહો, કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી."

**ગ. સર્વ કંઈ પ્રભુ ઈસુ માટે કરો :**

**તમારાં સર્વ કામ અને સર્વ સેવાઓ પ્રભુને ખાતર કરો.** ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રભુના નામે કરેલી બધી સેવાઓનો બદલો મળનાર

છે. એટલે જ તમારી સેવાઓ પ્રભુને ખાતર કરો. એવું શીખવતી અનેક કલમો બાઈબલમાં છે. આપણે જોઈએ :

> "માણસોની ચાકરી નહિ, પણ **જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો**" (એફેસી ૬:૭).
>
> "વચનથી કે કાર્યથી જે કંઈ તમે કરો, તે સર્વ **પ્રભુ ઈસુને નામે કરો,** અને તે દ્વારા દેવબાપની આભારસ્તુતિ કરો" (ક્લોસી ૩:૧૭).
>
> "માણસોને સારુ નહિ, **પણ જાણે પ્રભુને સારુ છે, એમ સમજીને જે કંઈ તમે કરો, તે સઘળું ખરા દિલથી કરો....** તમે તો પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવા કરો છો" (ક્લોસી ૩:૨૩,૨૪).

અમેરિકામાં એક નાનો 'બ્લેક' (નીગ્રો) છોકરો હતો, અને તે બૂટ પોલિશ કરીને રોજી મેળવતો હતો. એક દિવસ કોઈ જાપાની બૌદ્ધધર્મી ડૉક્ટર વધુ વૈદકીય વિજ્ઞાનના શિક્ષણાર્થે અમેરિકામાં આવ્યા હતા. છોકરો તો એકતાન બનીને પોલિશ લગાવતો, બ્રશ મારતો અને ફલાલીન ઘસ્યા કરતો; અને ફરી પાછી એની એ જ ક્રિયા : પોલિશ, બ્રશ, અને ઘસ, ઘસ, ઘસ! પેલા જાપાની ડૉક્ટર વિસ્મય પામીને જોયા કરતા હતા કે ૨૫ સેન્ટ જેટલી નાની રકમને માટે છોકરો કેટલી બધી મહેનત કરે છે! આખરે ડૉક્ટરથી ન રહેવાયું એટલે પૂછ્યું, "બેટા, હું તો તને ફક્ત ૨૫ સેન્ટ જેવી મામૂલી રકમ આપવાનો છું, અને તું તો કેટલી બધી મહેનત કરે છે?" છોકરો ઊંચું જોઈને બોલ્યો, "મિસ્ટર, તમારે માટે હું જોડા ચમકાવતો નથી; હું તો પ્રભુ ઈસુને માટે જોડા ચમકાવું છું!" આ શબ્દોની પેલા ડૉક્ટર પર એવી ઊંડી અસર પડી કે, જાપાન પાછા ગયા પછી તેમણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો, અને બાપ્તિસ્મા લીધું. એક જોડા ચમકાવવાની સેવા જો પ્રભુ ઈસુને માટે કરી શકાય છે, તો કારખાનાંમાં, ઓફિસોમાં, શાળાઓમાં, મિલોમાં કે રેલવેમાં - જ્યાં કંઈ તમે સેવા કરો છો તે **પ્રભુ ઈસુને માટે** કેમ ના થઈ શકે!

યાદ રાખીએ કે એ સ્થળોમાં પ્રભુએ પોતે તમને, એમની સનાતન યોજના દ્વારા નીમ્યા છે. "પ્રભુ ઈસુને માટે જોડા ચમકાવું છું" એવી નાની

સાક્ષીએ પરદેશના એક નિષ્ણાત ડૉક્ટરને ખ્રિસ્તની પાસે આણ્યો, તો તમારી સાક્ષી શું શું કરી શકશે એ તો વિચારો!

**ઘ. સેવાનો બદલો :**

સેવાનો બદલો પ્રભુ આપશે : પ્રભુ ઈસુના મહિમાને માટે અને તેમની મંડળી વૃદ્ધિ પામે એ હેતુથી આપણે કરેલી સર્વ સેવાઓનો પ્રભુ ઈસુ બદલો અચૂક આપશે જ આપશે. આપણી હૃદયપૂર્વક કરેલી નાનામાં નાની સેવા પણ તેમની નોંધણીની બહાર નથી. અને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રભુ એનો બદલો આપશે જ આપશે. પ્રભુ ઈસુ આપણા છે એ તો મોટામાં મોટો બદલો છે જ. પણ એ ઉપરાંત પ્રભુ અન્ય બદલો પણ આપશે. આપણે કદી કલ્પ્યું ન હોય તેવો બદલો આપશે.

ક્રિમિયાના યુદ્ધમાં ઘણા બ્રિટિશ સૈનિકોએ પુષ્કળ બહાદુરી બતાવી હતી. તેઓને ઇનામ-માનચાંદ- આપવા દિવસ નક્કી કરવામાં આવ્યો હતો. ઠરાવેલે દિવસે રાણી વિક્ટોરિયા સમારંભના મુખ્યાસને બેઠાં, અને જેમણે જેમણે બહાદુરી બતાવી હતી તેમને તેમને વડાપ્રધાન ચાંદ પહેરાવતા હતા. છેલ્લે એક ઝોળી લાવવામાં આવી. એમાં ઘવાયેલો એક સૈનિક હતો. તેના બંને હાથપગ કપાઈ ગયેલા હતા, અને શરીર પર અનેક ઘાનાં ચિહ્ન હતાં. રાણી વિક્ટોરિયાએ કહ્યું કે, "હું પોતે જ તેને ચાંદ પહેરાવીશ." એ ઊઠ્યાં અને ઘવાયેલા સૈનિકની ઝોળી પર નમ્યાં. પણ તે બોલી ન શક્યાં. માત્ર 'શાબાશ' એટલું જ બોલી શક્યાં. રાણીની આંખમાંથી આંસુ આ સૈનિકના કપાળ પર પડ્યાં. એ પછી આ સૈનિક વાત કરતાં કહેતો કે "આપણી રાણીનાં ઊનાં ઊનાં આંસુ મારા કપાળ પર પડ્યાં છે. મારે જો હજાર જીવન હોય તો આપણા દેશના રક્ષણ કાજે જ એ બધાં જીવન ખપાવું." પ્રભુ ઈસુના ન્યાયાસન આગળ તેમના 'શાબાશી'ના શબ્દો આપણને કેવા આનંદદાયક લાગશે!

રશિયામાં ઘણા લાંબા સમય પહેલાં આયવાન નામનો ઝાર ગાદી ઉપર હતો. તે અવારનવાર વેશપલટો કરીને રૈયતનાં સુખદુઃખ જાણવા નીકળી પડતો. બરફ વરસતી એક સાંજે તે ગરીબનો વેશ ધરીને નીકળ્યો.

ઘણાં ઘરોએ આશ્રય માટે ખટખટાવ્યું. પણ આ ગરીબને માટે કોઈએ ઘર ખોલ્યું નહિ. આખરે એક ગરીબ ખેડૂતના ગરીબાઈભર્યા ઘરે જઈને ખટખટાવ્યું. ગરીબ ખેડૂત એકદમ બહાર નીકળ્યો, અને બોલી પડ્યો, "અરે ભાઈ, આવી બરફવર્ષામાં તમે બહાર ઠંડીમાં ઠરીને ઠીકરું થઈ જશો. એકદમ ઘરમાં અંદર આવતા રહો." પછી ખેડૂતે પોતાના માટે રાખેલો સૂપનો પ્યાલો ઝારને આપી દીધો. ઘરમાં બીજું તો કંઈ ખાવાનું હતું નહિ. સૂવાની વેળાએ ખેડૂતે કહ્યું, "મારી પત્નીને તાજેતરમાં પુત્ર જન્મ્યો છે. પાસેના ઓરડામાં તે પથારીમાં સૂતી છે. આ મારી પથારીમાં તમે સૂઈ રહેજો. હું પોતે મારે માટે કંઈક વ્યવસ્થા કરી લઈશ."

વહેલી સવારમાં ઝાર ઊઠીને પોતાના મહેલે ચાલ્યો ગયો. બેચાર દિવસ પછી પેલા ગરીબ ખેડૂતના ઘેર ઝાર રાજાની બગી આવીને ઊભી રહી. અંદરથી ઓફિસરે ઊતરીને ખેડૂતને જણાવ્યું કે "ઝાર તમને બોલાવે છે." આ ખેડૂત તો ગભરાઈ ગયો કે મારો શો ગુનો હશે કે રાજા પોતે મને બોલાવે છે? બીતો બીતો તે બગીમાં બેસીને દરબારમાં ગયો. ઝારે જણાવ્યું કે "બેચાર દિવસ ઉપર એક રાત્રે તમારે ત્યાં આવેલો ગરીબ માણસ તે હું જાતે જ હતો. તમે ખૂબ દયા લાવીને તમારા ઘરમાં મને આશ્રય આપ્યો; તમે તમારો સૂપનો એકનો એક પ્યાલો મને આપ્યો; તમારી પથારી મને સૂવા માટે આપી, અને તમે અડચણ વેઠી. તમારો મોટો આભાર માનું છું. તમારી કાળજી અને માનવપ્રેમની કદર કરું છું. તમારા તાજા જ જન્મેલા પુત્રનું નામ મારા નામ ઉપરથી હવે 'આયવાન' થશે. એના લાલનપાલનનું અને ઊંચામાં ઊંચી ડિગ્રી સુધીના તેના શિક્ષણનું ખર્ચ હું આપીશ. એ પછી હું એને મારા દરબારમાં નોકરી આપીશ. વળી, તારી પત્નીને સારા ખોરાક અને માવજત માટે આ સોનામહોરોની કોથળી આપું છું. અને જ્યારે જ્યારે ખપ પડે ત્યારે ત્યારે મને જરૂરથી જણાવજો."

એક નાનાશા ઉપકારના બદલામાં ઝારે આટલું બધું ગરીબ ખેડૂતને આપ્યું, તો પ્રભુ ઈસુને નામે કરેલી સેવાઓનો કેવો અજાયબ જેવો બદલો મારો પ્રભુ આપણને આપશે! એ ઇનામો કેવાં અજાયબ જેવાં હશે!

## ૪. ત્રીજો ન્યાયકાળ -

### યહૂદી પ્રજાનો ન્યાયકાળ, અથવા 'યાકૂબના સંકટનો સમય'

**ક. યહૂદીઓનો ન્યાયકાળ** પણ ભવિષ્યમાં થનાર છે. જીવતી પ્રજા તરીકે એ ન્યાય થશે. પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા માટે સ્વર્ગથી ગગનમાં ઊતરશે અને મંડળી ગગનમાં ઊંચકાઈ જશે તે સમયે પૃથ્વી ઉપર યહૂદીઓનો ન્યાયકાળ થશે. ગગનમાં મંડળીની સેવાઓની ચકાસણી યા અગ્નિપરીક્ષા ખ્રિસ્તના ન્યાયાસન આગળ થશે, એ સમયે યહૂદી પ્રજાનો ન્યાય અથવા તાવણી પૃથ્વી ઉપર થશે. આ બનાવ યરુશાલેમમાં અને આસપાસના પ્રદેશમાં બનશે. યહૂદીઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો નકાર કર્યો એને લીધે આ તાવણી યા મહાવિપત્તિ તેમની ઉપર આવી પડશે. તેઓ મરી ગયેલી પ્રજા નહિ, પણ જીવંત પ્રજા હશે. યહૂદી લોકોને આપવામાં આવેલાં આશીર્વાદનાં વચનો તે પૃથ્વી ઉપર એક જીવંત પ્રજા તરીકે જ થશે. અને આ ન્યાયકાળ અથવા તાવણીનું પરિણામ એ આવશે કે આખી યહૂદી પ્રજા પશ્ચાતાપ કરીને પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે.

યહૂદી પ્રજાએ પ્રભુનો નકાર કર્યો એટલે આખી પૃથ્વી ઉપર તેઓને વિખેરી નાખવામાં આવ્યા. પુનર્નિયમના પુસ્તકમાં, યહૂદી પ્રજા જો પ્રભુનો ડર નહિ રાખે અને પ્રભુની આજ્ઞાઓ નહિ પાળે તો, તેમની ઉપર આવી પડનાર શાપોની યાદી આપવામાં આવી છે તેમાં કેટલાક શાપની યાદી આ પ્રમાણે છે :

> "અને યહોવા તને પૃથ્વીના એક છેડાથી તે પૃથ્વીના બીજા છેડા સુધી સર્વ લોકો (યહૂદીઓ)ને વિખેરી નાખશે;.... અને એ દેશજાતિઓમાં તને કંઈ ચેન નહિ પડે, ને તારા પગના તળિયાને કંઈ આરામ નહિ મળે; પણ યહોવા ત્યાં તને કંપિત હૃદય તથા ધૂંધળી આંખો તથા ઝૂરતું મન આપશે. અને તારો જીવ દહેશતમાં જ રહેશે; અને તું રાતદહાડો ગભરાટમાં રહેશે, અને તારા જીવનો

તને કંઈ ભરોસો નહિ રહે. તારા મનમાં જે બીક લાગશે તેને લીધે, ને તારી આંખોથી જે દેખાવ તું જોશે તેને લીધે, સવારમાં તું કહેશે, કે ઈશ્વર કરે ને (ક્યારે) સાંજ પડે! અને સાંજે તું કહેશે કે, ઈશ્વર કરે ને (ક્યારે) સવાર થાય!" (પુનર્નિયમ ૨૮:૬૪-૬૭).

**ख. 'યાકૂબના સંકટનો સમય'** એ શાપવચન પ્રમાણે યહૂદી પ્રજા છેલ્લાં લગભગ બે હજાર વર્ષથી પૃથ્વીની પીઠ ઉપર ૧૦૪ જેટલા દેશોમાં વિખેરાઈ ગઈ હતી. કોઈ પ્રજા તેમને શાંતિપૂર્વક રહેવા દેતી નહોતી. આ બે હજાર વર્ષોમાં તેમણે ભયંકર યાતનાઓ સહન કરી છે. પણ પ્રભુનાં વચન પ્રમાણે પાછલા દિવસોમાં પ્રભુ તેમને પાછા પેલેસ્તાઈનમાં એકઠા કરશે. 'વિદેશીઓના સમયો' (લૂક ૨૧:૨૪) પૂરા થવા આવશે તે સમયે પ્રભુ યહૂદી પ્રજાને પાલેસ્તાઈનના મુલકમાં પાછા લાવશે. પણ એ સમયે પણ તેઓ પ્રભુ ઈસુને સ્વીકારતા નહિ હોય; તેઓ બદલાણ પામેલા નહિ હોય. આ સમયે **'યાકૂબના સંકટનો સમય'** અથવા તેમની કસોટીનો સમય તેમના ઉપર આવી પડશે. આ સમય દરમિયાન ખ્રિસ્તની મંડળી ગગનમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે હશે. પ્રભુ ઈસુ એની મંડળી અને સંતો સાથે સાત વર્ષ પછી પૃથ્વી ઉપર ઊતરશે. પણ એ સાત વર્ષનો પાછલો અર્ધો ભાગ, એટલે કે પાછલાં સાડાત્રણ વર્ષ દરમિયાન યહૂદી પ્રજાની તાવણીનો કે ન્યાયકાળનો સમય થશે. આ સંબંધી બાઇબલમાં નીચે પ્રમાણેના ભવિષ્યકથનો છે :

"પ્રભુ યહોવા કહે છે કે, મારા જીવના સમ, નિશ્ચે પરાક્રમી હાથ વડે તથા ભુજ લંબાવીને તથા કોપ રેડીને હું તમારે શિર રાજા થઈશ. હું પરાક્રમી હાથ વડે તથા ભુજ લંબાવીને તથા કોપ રેડીને **તમને વિદેશીઓમાંથી કાઢી લાવીશ;** ને જે દેશોમાં તમે વિખેરાઈ ગયા છો તેઓમાંથી હું તમને ભેગા કરીશ. અને હું તમને **વિદેશીઓના અરણ્યમાં લાવીને** ત્યાં તમારી સાથે મોઢામોઢ વાદ કરીશ.... હું તમને લાકડી તળે ચલાવીશ, ને હું તમને કરારના બંધનમાં લાવીશ; અને હું તમારામાંથી દંગાખોરોને,

તથા મારી વિરુદ્ધ અપરાધ કરનારાઓને જુદા કાઢીશ; જે દેશમાં તેઓ રહે છે તેમાંથી તો હું તેઓને બહાર કાઢી લાવીશ, પણ તે ઈઝરાયલના દેશમાં પ્રવેશ કરવા પામશે નહિ; ત્યારે તમે જાણશો કે હું યહોવા છું" (હઝકીએલ ૨૦:૩૩-૩૮).

આ યહૂદી પ્રજાને પ્રભુ ઈઝરાયલના પ્રદેશમાં લાવીને "**પીગાળી નાખનાર વાસણમાં નાખીને પીગાળી નાખશે.**" સમસ્ત ઈઝરાયલ પ્રજાને આ મહાવિપત્તિમાં પીગાળી નાખશે અને ગાળીને શુદ્ધ સોનાની પેઠે પોતાના શુદ્ધ અવશેષરૂપ પ્રજાને કાયમ માટે સ્થાપશે. એ વિષે આવું વચન હઝકીએલે અને યિર્મેયાએ લખ્યું છે :

"વળી યહોવાનું વચન મારી પાસે આવ્યું કે, હે મનુષ્યપુત્ર, ઈઝરાયલનું કુળ મને કથીરરૂપ થઈ પડ્યું છે. તેઓ સર્વ ભઠ્ઠીમાંનું પિત્તળ, કલાઈ, લોઢું તથા સીસું છે. તેઓ રૂપાનો ભેગ છે. માટે પ્રભુ યહોવા કહે છે કે, તમે સર્વ કથીરરૂપ થયા છો, તે કારણને લીધે જુઓ, હું તમને યરુશાલેમમાં ભેગા કરીશ. જેમ લોકો રૂપાને, પિત્તળને, લોઢાને, સીસાને તથા કલાઈને ભઠ્ઠીમાં ભેગાં કરીને તેમના પર અગ્નિ સળગાવીને તેમને ગાળે છે, એમ હું મારા રોષમાં તથા ક્રોધમાં તમને ભેગા કરીને તથા ત્યાં રાખીને તમને પિગાળીશ. હા, હું તમને ભેગા કરીશ, ને મારો કોપરૂપી અગ્નિ તમારા પર ફૂંકીશ, ને તેમાં તમે પીગળી જશો. જેમ રૂપું ભઠ્ઠીમાં પીગળી જાય છે, તેમ તમને તેમાં પિગાળવામાં આવશે. ત્યારે તમે જાણશો કે મેં યહોવાએ મારો ક્રોધ તમારા પર રેડ્યો છે." (હઝકીએલ ૨૨:૧૭-૨૨).

"જે વચનો યહોવા ઈઝરાયલ તથા યહૂદિયા વિષે બોલ્યો તે આ : યહોવા કહે છે કે, (તમે કહો છો કે,) અમે કંપારી આવે એવો સાદ સાંભળ્યો છે, તે તો શાંતિનો નહિ, પણ ભયનો (સાદ) છે. હવે તમે પૂછી જુઓ કે, શું પુરુષને પ્રસવવેદના થાય? પ્રસૂતાની પેઠે દરેક પુરુષને પોતાના હાથથી કમર દાબતો મેં દીઠો છે, એનું

કારણ શું હશે? વળી સર્વનાં મુખ ફિક્કાં કેમ પડી ગયાં છે? **હાય હાય! તે દિવસ એવો ભારે છે કે તેના જેવો બીજો કોઈ નથી. તે તો યાકૂબના સંકટનો વખત છે**" (યિર્મેયા ૩૦:૪-૭).

"તે સમયે મહાન સરદાર મીખાએલ, જે તારા લોકોના પક્ષમાં ઊભો રહે છે, તે ખડો થશે; અને **એવા સંકટનો સમય આવશે કે (પહેલવહેલી) પ્રજા ઉત્પન્ન થઈ ત્યારથી એ સમય સુધીમાં એવો કદી આવ્યો નહોતો;** તે સમયે તારા લોકોમાંના જેઓ (નાં નામ) પુસ્તકમાં નોંધાયેલાં માલૂમ પડશે તે દરેકનો બચાવ થશે" (દાનિયેલ ૧૨:૧).

"જો યહોવાનો એક એવો દિવસ આવે છે કે જ્યારે તારી લૂંટ તારી મધ્યે વહેંચવામાં આવશે. કેમ કે હું **સર્વ પ્રજાઓને, યરુશાલેમની સામે યુદ્ધ કરવાને એકઠી કરીશ;** અને તે નગર સર કરવામાં આવશે, ઘરો લૂંટવામાં આવશે, ને સ્ત્રીઓની આબરૂ લેવામાં આવશે. અડધું નગર ગુલામીગીરીમાં જશે, પણ બાકીના લોકોને નગરમાંથી કાપી નાખવામાં આવશે નહિ. ત્યાર પછી યહોવા, જેમ પોતે યુદ્ધને દિવસે લડ્યો હતો તેમ, તે પ્રજાઓની સામે જઈને લડશે. **તે દિવસે તેના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે,** ને જૈતૂન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ અને પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે; અર્ધો પર્વત ઉત્તર તરફ અને અર્ધો દક્ષિણ તરફ ખસી જશે. તમે પર્વતોની ખીણમાં થઈને નાસશો; કેમ કે પર્વતોની ખીણ આસેલ સુધી પહોંચશે; હા, યહૂદિયાના રાજા ઉઝ્ઝીયાના સમયમાં ધરતીકંપથી જેમ તમે નાઠા હતા તેમ તમે નાસશો; **અને મારો દેવ યહોવા પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે.** તે દિવસે અજવાળામાં (ચોખ્ખો) પ્રકાશ કે (ચોખ્ખો) અંધકાર હશે નહિ; પણ તે દિવસ એવો દિવસ હશે કે જે વિષે યહોવા જ જાણે છે; એટલે દિવસ નહિ, તેમ રાત પણ નહિ; પણ એવું બનશે કે, સાંજની વખતે અજવાળું હશે. ..."

"**યહોવા આખી પૃથ્વી પર રાજા થશે;** તે દિવસે યહોવા એક જ મનાશે, ને તેનું નામ એક જ હશે. ... માણસો તે (યરુશાલેમ)માં વસશે; ને ફરીથી શાપ આવશે નહિ; પણ યરુશાલેમ સહીસલામત રહેશે" (ઝખાર્યા ૧૪:૧-૧૧).

**ગ. વિપત્તિકાળનાં પાછલાં સાડાત્રણ વર્ષ :** 'યાકૂબના સંકટનો સમય' અથવા યહૂદીઓનો ન્યાયકાળ અથવા તેમની તાવણી પેલા સાત વર્ષના સમયના પાછલા અર્ધા કાળમાં, એટલે કે પાછલા સાડાત્રણ વર્ષના (યા '**૧૨૬૦ દિવસના,**' યા '**૪૨ મહિનાના**' કે '**કાળ, કાળો, ને અર્ધા કાળના,**' કે '**સમય, સમયો, ને અર્ધા સમયના**') ગાળા દરમિયાન થશે. અને એ પછી પ્રભુ ઈસુ રાજા તરીકે પૃથ્વી ઉપર (જૈતુન પહાડ ઉપર) ઊતરશે અને શત્રુઓનો સંહાર કરીને ૧૦૦૦ વર્ષનું રાજ કરશે એવું આપણે ઉપર જોઈ ગયા તેમ ઝખાર્યાએ અને પ્રભુ ઈસુએ પણ જણાવ્યું છે. પ્રભુ ઈસુના શબ્દો જોઈએ :

"કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ. અને જો તે દહાડા ઓછા કરવામાં ન આવત તો કોઈપણ માણસ બચી ન શકત. પણ પસંદ કરેલાઓની ખાતર તે દહાડા ઓછા કરવામાં આવશે. ત્યારે જો કોઈ તમને કહે કે જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના, કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યું છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ, તે ઓરડીઓમાં છે, તો ન માનતા. કેમ કે વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે. જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે."

"અને તે દહાડાઓની વિપત્તિ પછી, સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશમાંથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે. અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે" (માથ્થી ૨૪:૨૧-૩૧).

આ મહા વિપત્તિકાળે અને "યાકૂબના સંકટના સમય"માં ખ્રિસ્તવિરોધીનો આખી પૃથ્વી ઉપર એકચક્રી રાજ્યાધિકાર ચાલતો હશે, અને યહૂદી પ્રજાનો તે કટ્ટો દુશ્મન હશે. એ આ પૃથ્વી ઉપર બેફામ ભયંકર રીતે રાજ્ય કરતો હશે, તેમ જ ઈશ્વર પૃથ્વી ઉપર પોતાના કોપનાં પ્યાલાં રેડતો હશે. એ સમયનો ભયાનક ચિતાર પ્રકટીકરણના પુસ્તકમાં આપવામાં આવ્યો છે :

"ત્યાર પછી મેં જોયું, તો આકાશમાં સાક્ષ્યમંડપના મંદિરને ઉઘાડવામાં આવ્યું હતું; અને જે સાત દૂતની પાસે સાત અનર્થ હતા, તેઓ મંદિરમાંથી બહાર આવ્યા. તેઓએ સ્વચ્છ તથા ચળકતાં શણનાં વસ્ત્ર પહેરેલાં હતાં, તથા છાતી પર સોનાના પટા બાંધેલા હતા. પછી ચાર પ્રાણીઓમાંના એકે સદાસર્વકાળ જીવંત ઈશ્વરના કોપથી ભરેલાં સોનાનાં સાત પ્યાલાં તે સાત દૂતને આપ્યાં. અને ઈશ્વરના મહિમાના તથા તેના પરાક્રમના ધુમાડાથી મંદિર ભરાઈ ગયું; અને સાત દૂતના સાત અનર્થ પૂરા થયા ત્યાં સુધી કોઈથી મંદિરમાં પ્રવેશ થઈ શક્યો નહિ" (પ્રકટીકરણ ૧૫:૫-૮).

"ત્યાર પછી મેં મંદિરમાંથી નીકળતી એક મોટી વાણી સાંભળી, તેણે સાત દૂતને કહ્યું કે, તમે જાઓ, અને ઈશ્વરના કોપનાં સાત પ્યાલાં પૃથ્વી પર રેડી દો."

"ત્યારે પહેલા દૂતે જઈને પોતાનું પ્યાલું પૃથ્વી પર રેડી દીધું; એટલે જે માણસો પર શ્વાપદની છાપ હતી ને જેઓ તેની મૂર્તિને પૂજતાં હતાં, તેઓને ત્રાસદાયક તથા પીડાકારક ઘારું થયું."

"પછી બીજાએ પોતાનું પ્યાલું સમુદ્ર પર રેડી દીધુંઃ એટલે સમુદ્ર મુડદાના લોહી જેવો થઈ ગયો, અને તેમાંનું દરેક સજીવ પ્રાણી મરણ પામ્યું."

"પછી ત્રીજાએ પોતાનું પ્યાલું નદીઓ પર તથા પાણીના ઝરાઓ પર રેડી દીધું; એટલે તેઓ લોહી થઈ ગયાં. ત્યારે પાણીના દૂતને મેં એમ બોલતાં સાંભળ્યો કે, હે પવિત્ર, તું જે છે ને હતો, તું ન્યાયી છે, કેમ કે તેં એવો (અદલ) ન્યાય કર્યો છે; કારણ કે તેઓએ તારા સંતોનું તથા પ્રબોધકોનું લોહી વહેવડાવ્યું, અને તેં તેઓને લોહી પીવાને આપ્યું છે; તેઓ (એ માટે) લાયક છે. ત્યારે મેં વેદીને એમ કહેતાં સાંભળી કે, હા, હે સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર, તારા ન્યાયચુકાદા સત્ય તથા યથાર્થ છે."

"પછી ચોથાએ પોતાનું પ્યાલું સૂરજ પર રેડી દીધું; એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવા(ની શક્તિ) આપવામાં આવી; માણસો મોટી આંચથી દાઝ્યાં; અને તેથી જે ઈશ્વરને આ અનર્થો પર અધિકાર છે, તેના નામની તેઓએ નિંદા કરી; પણ તેઓએ પસ્તાવો કર્યો નહિ, અને ઈશ્વરને મહિમા આપ્યો નહિ."

"પછી પાંચમાએ પોતાનું પ્યાલું શ્વાપદના રાજ્યાસન પર રેડી દીધું; એટલે તેના રાજ્યમાં અંધકાર વ્યાપી ગયો; અને તેઓએ વેદનાને લીધે પોતાની જીભો કરડી. અને પોતાની વેદનાને લીધે તથા પોતાનાં ઘારાંને લીધે તેઓએ આકાશના ઈશ્વરની નિંદા કરી; પણ તેઓએ પોતાનાં કામોનો પશ્ચાતાપ કર્યો નહિ."

"પછી છઠ્ઠાએ પોતાનું પ્યાલું મોટી નદી પર, એટલે યુફ્રેતિસ પર, રેડી દીધું. એટલે ઉગમણથી જે રાજાઓ આવનાર છે તેઓને સારુ રસ્તો તૈયાર થાય, માટે તેનું પાણી સુકાઈ ગયું. ત્યારે પેલા અજગરના મોંમાંથી તથા શ્વાપદના મોંમાંથી તથા જૂઠા પ્રબોધકના મોંમાંથી દેડકાંના જેવા ત્રણ અશુદ્ધ આત્મા (નીકળતા)મેં જોયા; કેમ કે તેઓ ચમત્કારો કરનારા ભૂતોના આત્મા છે; કે જેઓ સર્વશક્તિમાન ઈશ્વરના મહાન દિવસની લડાઈને સારુ આખા જગતના રાજાઓને એકઠા કરવા માટે તેઓની પાસે બહાર જાય છે. (જુઓ, ચોરની પેઠે હું આવું છું. જે જાગ્રત રહે છે, અને પોતાનાં વસ્ત્ર એવી રીતે સાચવે છે કે પોતાને નગ્ન ચાલવું ન પડે, અને પોતાની લાજ ન દેખાય, તેને ધન્ય છે.) અને હિબ્રૂ ભાષામાં જેને હાર-માગેદોન કહે છે તે ઠેકાણે તેઓએ તેઓને એકઠા કર્યા."

"પછી સાતમાએ પોતાનું પ્યાલું વાતાવરણમાં રેડી દીધું; એટલે 'સમાપ્ત થયું' એમ બોલતી મોટી વાણી મંદિરના રાજ્યાસનમાંથી થઈ. અને વીજળીઓ, વાણીઓ તથા ગર્જનાઓ થયાં; વળી મોટો ધરતીકંપ થયોઃ તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયાં ત્યારથી એના જેવો કદી થયો ન હતો. મોટા નગરના ત્રણ ભાગ થઈ ગયા, અને રાજ્યોના નગરો પડ્યાં; અને ઈશ્વરના મોટા બાબિલોનનું સ્મરણ થયું કે, તે પોતાના સખત કોપના દ્રાક્ષારસનું પ્યાલું તેને આપે. દરેક બેટ નાઠો, અને પહાડોનો પત્તો લાગ્યો નહિ. અને આકાશમાંથી માણસો પર આશરે એક એક મણના મોટા કરા પડ્યા. અને કરાના અનર્થને લીધે માણસોએ ઈશ્વરની નિંદા કરી; કેમ કે તેનો આ અનર્થ અતિશય ભારે છે" (પ્રકટીકરણ ૧૬:૧-૨૧).

આ સાડાત્રણ વર્ષના 'યાકૂબના સંકટના સમય'માં ચારે તરફના ત્રાસને લીધે યહૂદીઓ ભયંકર આફતમાં તથા દુઃખમાં આવી પડશે. વળી ખ્રિસ્તવિરોધી આખી પૃથ્વીની સર્વ પ્રજાઓનાં લશ્કરો એકઠાં કરીને હાર-

માગેદોનના મહાયુદ્ધ માટે, યહૂદી પ્રજાની સામે, એકત્ર કરશે. એક નાની ટચૂકડી પ્રજા ઇઝરાયલ, અને તેની સામે આખી દુનિયાનાં લશ્કરો આવી પડ્યાં હોય તો યહૂદીઓ માટે બચાવનું કોઈ બારું ખુલ્લું નહિ રહે. અને બચાવને માટે તેઓ ઈશ્વરની આગળ પોકાર પર પોકાર કરશે.

આ યહૂદી (અથવા હિબ્રૂ) પ્રજા મિસરની ચારસેં વર્ષની ગુલામગીરીમાંથી પાસ્ખાની રાતે નીકળી આવી હતી, અને પછી માર્ગમાં સૂફ સમુદ્ર આવી પડ્યો. આગળ હવે એક ડગલુંયે ભરાય તેમ નહોતું, કારણ, આગળ સમુદ્ર પથરાયેલો પડ્યો હતો. જમણે હાથે પણ નાસી છુટાય તેમ નહોતું, કારણ, જમણે હાથે ઊંચા પહાડ આવેલા હતા. ડાબે પણ છટકાય તેમ નહોતું, કારણ, એ દિશામાં પણ ઊંચા પહાડ આવેલા હતા. અને પાછા તો ફરી શકાય તેમ નહોતું, કારણ, મિસરી શત્રુસેના પકડવા પાછળ પડી હતી. એમ, આ યહૂદી પ્રજા ચારે બાજુથી ઘેરાઈ ગયેલી હતી. અને તેઓએ ઈશ્વરની આગળ બચાવ માટે પોકાર કર્યો. ત્યારે યહોવાએ સૂફ સમુદ્રના બે ભાગ કરી નાખીને વચ્ચે કોરી જમીન કરી દીધી. અને આશરે ૨૦ લાખ જેટલા ઇઝરાયલ લોકો કોરી જમીન પર થઈને સમુદ્રની પેલી પાર ગયા. અને તેમના પછી મિસરી સૈન્ય સમુદ્રમાંના કોરા રસ્તામાં થઈને જવા લાગ્યું ત્યારે ઈશ્વરે જુદાં થયેલાં સમુદ્રનાં પાણીને ભેગા કરી દીધાં. એમ મિસરી લશ્કરનો સંપૂર્ણ વિનાશ થયો.

એ જ પ્રમાણે ખ્રિસ્તવિરોધીની આગેવાની નીચે પૃથ્વીના સર્વ દેશોનાં લશ્કરો યરુશાલેમ સામે અને ટચૂકડી ઇઝરાયલ પ્રજા સામે ચઢી આવ્યાં હશે ત્યારે તેઓની આવી જ ભયંકર હાલત થઈ હશે, અને બચાવનો કોઈ જ માર્ગ રહ્યો નહિ હોય ત્યારે યહૂદી લોકો ઈશ્વર પ્રત્યે બચાવના પોકાર કરશે. અને એ જ સમયે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના સંતોની સાથે પૃથ્વી ઉપર ઊતરશે, અને ખ્રિસ્તવિરોધીનો નાશ કરશે. એ વિષે ૨ થેસ્સાલોનિકા ૨:૮ માં આ પ્રમાણે લખ્યું છે : "પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." આમ, અજાયબ રીતે પ્રભુ ઈસુ યહૂદી પ્રજાનો બચાવ કરશે.

યહૂદીઓ આવા બચાવના મહા આનંદના અતિરેકમાં ઉપર જોશે કે આ અમારો બચાવ કોણે કર્યો. એ જ વખતે તેઓ પ્રભુ ઈસુને ઊતરતા જોશે અને તેમના હાથો અને પગોમાં ખીલાના વીંધનાં નિશાન જોશે. એ વિષે ઝખાર્યા પ્રબોધકે આ પ્રમાણે લખ્યું છે :

"વળી તે દિવસે જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ."

"હું દાઉદના વંશજો ઉપર તથા યરુશાલેમના રહેવાસીઓ ઉપર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ; અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ **તેને માટે** શોક કરશે, ને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે. અને મગિદ્દોનની ખીણમાં હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દિવસે યરુશાલેમમાં થશે" (ઝખાર્યા ૧૨:૯-૧૧).

આમ, તેઓ જોશે કે અમારા બાપદાદાઓએ જે ઈસુને ક્રૂસ પર જડી દીધા, હાથો અને પગોમાં ખીલા ઠોકી દીધા, અને તેના માથા પર કાંટાનો તાજ પહેરાવી-દબાવી દીધો, એ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે આવા કપરા સંજોગોમાં અમારો અજાયબ અને એકાએક ઉદ્ધાર કર્યો છે! આ માટે તેઓ બધા જ કરુણ વિલાપ કરશે. જેમ કોઈ કુટુંબનો એકનો એક જુવાનજોધ દીકરો એકાએક મૃત્યુ પામે, અને એ ઘરમાં જેવો કરુણ વિલાપ થાય, એવો જ વિલાપ આ દિવસે યહૂદીઓનો થશે. અને એ તો અંતઃકરણનો પશ્ચાતાપ હશે. તે દિવસે તેઓ એકસામટા અને એકેએક જણ પ્રભુ ઈસુનો પોતાના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કરશે. એમ આખી પ્રજાનો એકસામટો ઉદ્ધાર થશે.

**ઘ. 'યહૂદીઓનો એકસામટો એક જ દિવસમાં નવો જન્મ':** એક જ દિવસમાં યહૂદી પ્રજાનો એકસામટો નવો જન્મ થશે. યશાયા પ્રબોધકે એ વિષે આવું ભવિષ્યકથન લખ્યું છે :

"આ પ્રમાણે કોણે સાંભળ્યું છે? આ પ્રમાણે કોણે જોયું છે? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય? શું પ્રજા એકાએક જન્મ પામે? પરંતુ સિયોનને પ્રસવવેદના થઈ કે તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો. યહોવા કહે છે, હું પ્રસૂતિકાળ પાસે લાવીને પ્રસવ નહિ કરાવું? તારો ઈશ્વર કહે છે કે, હું જે જન્મ આપનાર તે હું (ગર્ભસ્થાન) બંધ કરું?" (યશાયા ૬૬:૮,૯).

આમ, એક જ દિવસમાં આખી ઈઝરાયલ પ્રજા પ્રભુ ઈસુનો પોતાના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કરશે. અને તે દિવસથી તેઓનાં હૃદયોમાં પ્રભુનો પ્રેમ અને પ્રભુનો નિયમ વસેલો થશે. એ વિષે યિર્મેયા પ્રબોધક મારફતે પવિત્ર આત્માએ નીચે પ્રમાણેનું ભવિષ્યકથન લખાવ્યું હતું :

"હવે પછી જે કરાર હું ઈઝરાયલના વંશજોની સાથે કરીશ તે આ છે : હું મારો નિયમ તેઓનાં હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ; હું તેઓનો ઈશ્વર થઈશ, ને તેઓ મારા લોક થશે. વળી, યહોવાને ઓળખો, એમ કહીને તેઓ હવે પછી દરેક પોતાના પડોશીને, તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ; કેમ કે નાનાથી તે મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે; હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવા કહે છે" (યિર્મેયા ૩૧:૩૩,૩૪).

એ જ પ્રમાણે પ્રભુ પવિત્ર આત્માએ હઝકીએલ પ્રબોધકની મારફતે એવું જ ભવિષ્યકથન આ પ્રમાણે કર્યું છે :

"કેમ કે હું તમને (અન્ય) પ્રજાઓમાંથી બહાર કાઢીને તથા સર્વ દેશોમાંથી ભેગા કરીને, તમને તમારા પોતાના દેશમાં લાવીશ. હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ, ને તમે શુદ્ધ થશો; તમારી સર્વ મલિનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી હું તમને શુદ્ધ કરીશ. હું તમને નવું હૃદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા

મૂકીશ; અને હું તમારા દેહમાંથી પાષાણમય હૃદય દૂર કરીશ, ને હું તમને માંસનું હૃદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો. જે દેશ મેં તમારા પૂર્વજોને આપ્યો હતો તેમાં તમે વસશો; તમે મારી પ્રજા થશો ને હું તમારો ઈશ્વર થઈશ. હું તમને તમારી સર્વ મલિનતાથી મુક્ત કરીશ...." (હઝકીએલ ૩૬:૨૪-૨૯).

આમ, પ્રભુ યહૂદી પ્રજાનો ન્યાય કરશે, તેઓ 'યાકૂબના એ સંકટના દિવસો' દરમિયાન ભયંકર તાવણીમાંથી પસાર થશે, અને ભારે પશ્ચાતાપ સહિત પ્રભુ ઈસુની ગમ ફરશે, તેમનો સ્વીકાર કરશે, અને પ્રભુથી આશીર્વાદિત પ્રજા બની રહેશે.

## ૫. ચોથો ન્યાયકાળ - દુનિયાની દેશજાતિઓ (પ્રજાઓ)નો ન્યાય :

પ્રભુ ઈસુ પોતાના સંતોની સાથે પૃથ્વી ઉપર યરુશાલેમમાં ઊતરશે એ પછી આ ન્યાયકાળ થશે. એટલે કે તેમના પ્રાગટ્ય પછી આ ન્યાય થશે. આ ન્યાયકાળ મૃત્યુમાંથી ઊઠેલાં માણસોનો ન્યાયકાળ નથી, પણ એ સમયે જે જીવતી પ્રજાઓ પૃથ્વી ઉપર વસતી હશે, તેઓનો ન્યાય પ્રભુ ઈસુ કરશે. યરુશાલેમ શહેરની પાસે યહોશાફાટની ખીણમાં દુનિયાની પ્રજાઓ એકત્ર કરવામાં આવશે, અને ત્યાં આગળ પ્રભુ ઈસુ પોતે પોતાના **'મહિમાના રાજ્યાસન'** પર બિરાજશે, અને તેમનો ન્યાય કરશે. આ પ્રજાઓએ પ્રભુ ઈસુના 'ભાઈઓ' સમાન યહૂદી પ્રજા પ્રત્યે જે વર્તાવ કર્યો હશે, એ માટે તેઓનો ન્યાય થશે. આ ન્યાયકાળનું વર્ણન નવા કરારમાં આ પ્રમાણે આપવામાં આવ્યું છે :

"પણ જ્યારે માણસનો દીકરો પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે. અને **સર્વ દેશજાતિઓ (એટલે કે પ્રજાઓ) તેની આગળ**

**એકઠી કરાશે; અને જેમ ઘેટાંપાળક ઘેટાંથી બકરાંને જુદાં પાડે છે, તેમ તે તેઓને એકબીજાથી જુદી પાડશે.** અને ઘેટાંને તે પોતાને જમણે હાથે, પણ બકરાંને ડાબે હાથે રાખશે. ત્યારે રાજા પોતાની જમણી તરફનાઓને કહેશે કે, મારા બાપના આશીર્વાદિતો, આવો. જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો. કેમ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું; હું તરસ્યો હતો,... ત્યારે ન્યાયીઓ તેને ઉત્તર દેશે કે, પ્રભુ, ક્યારે અમે તને ભૂખ્યો દેખીને ખવડાવ્યું, અથવા તરસ્યો દેખીને (પાણી) પાયું કે .... ત્યારે રાજા (પ્રભુ ઈસુ) તેઓને ઉત્તર દેશે, હું **તમને ખચીત કહું છું કે, આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું.**"

"પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના (અપ) દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ. કેમ કે હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ; હું તરસ્યો હતો, પણ તમે મને (પાણી) પાયું નહિ;... ત્યારે તેઓ પણ તેને ઉત્તર દેશે કે, પ્રભુ, ક્યારે અમે તને ભૂખ્યો, કે તરસ્યો, કે પારકો, કે નાગો, કે માંદો, કે કેદમાં દેખીને તારી સેવા નહિ કરી? ત્યારે તે તેઓને ઉત્તર દેશે, હું તમને ખચીત કહું છું કે, **આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ, એટલે તે મને કર્યું નહિ.** અને તેઓ સાર્વકાલિક શાસનમાં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં (જશે)" (માથ્થી ૨૫:૩૧-૪૬).

ઘણાબધા ખ્રિસ્તી લોકો તેમ જ ઉપદેશકો (અને કેટલાક ટીકાગ્રંથકારો પણ) દેશજાતિઓના આ ન્યાયકાળને તેમ જ પ્રકટીકરણ ૨૦:૧૧-૧૫ માં આપેલા દુષ્ટોના ન્યાયકાળને એક જ ન્યાયકાળ ગણે છે, અને તેને સર્વ માણસોનો છેલ્લો અને સામાન્ય ન્યાયકાળ ગણે છે. પણ એ બંને અલગ અલગ ન્યાયકાળ છે, અને તેઓમાં આપેલી વિગતો

પણ અલગ અલગ છે. માથ્થી ૨૫:૩૧-૪૬માં દર્શાવેલો ન્યાયકાળ તે સમયે જીવતી એવી દેશજાતિઓનો અથવા પ્રજાઓનો ન્યાયકાળ છે, જ્યારે પ્રક્ટીકરણ ૨૦:૧૧-૧૫માં વર્ણવેલો ન્યાયકાળ દુષ્ટો યા પાપીઓનો ન્યાયકાળ છે.

આ બંને ન્યાયકાળોનો તફાવત જોઈએ તો આપણને સમજ પડશે કે એ બંને અલગ અલગ ન્યાયકાળો છે : (૧) માથ્થીવાળા ન્યાયકાળમાં પુનરુત્થાન થયેલું કે મૃત્યુમાંથી લોકો સજીવન થયા હોય તેમ જણાવ્યું નથી, પણ એ બધી પ્રજાઓ એ સમયે પૃથ્વી ઉપર જીવતી હોય, અને તેમને એકત્ર કરવામાં આવી હોય, એમ બતાવ્યું છે; જ્યારે પ્રક્ટીકરણવાળા ન્યાયકાળમાં પુનરુત્થાન થયેલું અને મૃત્યુમાંથી સજીવન થઈ ઊઠેલા લોકો બતાવવામાં આવ્યા છે : "પછી **મેં મૂએલાંને મોટાં તથા નાનાં સર્વને, ઈશ્વરની સંમુખ ઊભાં રહેલાં જોયાં**" (૨૦:૧૨). (૨) આ માથ્થીવાળો ન્યાયકાળ પૃથ્વી ઉપર (યરુશાલેમની પાસે યહોશાફાટની ખીણમાં) થતો બતાવવામાં આવ્યો છે (યોએલ ૩:૨). જ્યારે પ્રક્ટીકરણવાળો ન્યાયકાળ પૃથ્વી કે આકાશમાં નહિ, પણ અધ્ધર કોઈક સ્થળે થશે, કારણ ત્યાં આ પ્રમાણે આપ્યું છેઃ "પછી મેં મોટું શ્વેત રાજ્યાસન જોયું, અને તેના પર બેઠેલા પુરુષને જોયો, તેની સંમુખથી પૃથ્વી તથા આકાશ જતાં રહ્યાં; અને તેઓને સારુ કોઈ સ્થાન મળ્યું નહિ" (૨૦:૧૧). (૩) માથ્થીવાળા ન્યાયકાળમાં કોઈ પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં નથી; જ્યારે પ્રક્ટીકરણવાળા ન્યાયકાળમાં પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં છેઃ "અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું (પુસ્તક) છે તે પણ ઉઘાડવામાં આવ્યું. તે પુસ્તકોમાં જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો" (૨૦:૧૨). (૪) માથ્થીવાળા ન્યાયકાળમાં ત્રણ માનવજૂથ દર્શાવવામાં આવ્યાં છે : **'ઘેટાં પ્રજાઓ,' 'બકરાં પ્રજાઓ,'** અને **'મૂએલાં ઊઠેલાં'** દર્શાવવામાં આવ્યાં છે. (૫) માથ્થીનો ન્યાયકાળ એક હજાર વર્ષના રાજ્ય પહેલાં થતાં બતાવવામાં આવ્યો છે; જ્યારે પ્રક્ટીકરણવાળો

ન્યાયકાળ એક હજાર વર્ષના રાજ્યકાળ પછી થયેલો બતાવ્યો . "મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતા થયાં નહિ," એવું ૨૦:૫ માં આપવામાં આવ્યું છે. અને છેક ૨૦:૧૧માં, એટલે કે એક હજાર વર્ષના રાજ્ય પછી એ પ્રક્ટીકરણવાળો ન્યાયકાળ થતો બતાવ્યો છે. (વળી, જુઓ ૨૦:૭). આમ, આ બંને ન્યાયકાળો વચ્ચે ૧૦૦૦ વર્ષનો ગાળો બતાવવામાં આવ્યો છે.

**'દેશજાતિઓ'** શબ્દ માટે મૂળ ગ્રીક ભાષામાં **'એથનોસ'** શબ્દ નવા કરારમાં વપરાયો છે. એ વિષે ક્લેરેન્સ લાર્કીન્સે પોતાના પુસ્તક **'રાઈટલી ડીવાઈડિંગ ધી વર્ડ ઓફ ગૉડ'** (Rightly Dividing the Word of God) માં સરસ ખુલાસો આપ્યો છે (પૃષ્ઠ ૧૫૪-૫૫). અહી વપરાયેલા **'એથનોસ'** શબ્દનો નવા કરારમાં કુલ વપરાશ ૧૫૮ વાર થયેલો છે. અને એમાંથી ૯૨ વખત એનો તરજુમો 'વિદેશીઓ' થયેલો છે, ૬૧ વખત 'પ્રજા', 'પ્રજાઓ' કે 'દેશજાતિઓ' કરવામાં આવ્યો છે, અને ૫ વખત **'વિધર્મીઓ'** કરવામાં આવ્યો છે. પણ કોઈપણ વખતે એનો 'મૂએલાં' તરીકે કે 'પુનરુત્થાન પામેલાં', તરીકે કરવામાં આવ્યો નથી. એટલે આ 'દેશજાતિઓ' એટલે મરી ગયેલા અને પછી ઉત્થાન પામેલા લોકો કે પ્રજાઓ નથી, પણ તે સમયે હયાત એવી પ્રજાઓ છે.

આ પ્રજાઓના ન્યાયકાળ વિષે યોએલ પ્રબોધકે પણ ભવિષ્યકથન કર્યું છે અને તે આ પ્રમાણે છે :

> "કેમ કે, જુઓ, તે દિવસોમાં, એટલે તે સમયમાં, જ્યારે હું યહૂદિયા તથા યરુશાલેમની ગુલામગીરી ફેરવી નાખીશ, ત્યારે હું **સર્વ પ્રજાઓને** એકઠી કરીને તેમને યહોશાફાટની ખીણમાં દોરી લાવીશ; અને **મારા લોક, એટલે મારો વારસો ઈઝરાયલ,** જેને તેઓએ (ભિન્ન ભિન્ન) પ્રજાઓમાં વિખેરી નાખીને **મારો દેશ** વહેંચી લીધો છે, **તેને સારુ હું તેમની આગળ વકાલત કરીશ**" (યોએલ ૩:૧-૨).

"પ્રજાઓ ઊઠે, ને યહોશાફાટની ખીણમાં આવે; કેમ કે ત્યાં હું આસપાસની **સર્વ પ્રજાઓનો ન્યાય્ કરવાને બેસીશ**" (યોએલ ૩:૧૨).

અહીં ઉપર જણાવી તે કલમોમાં પણ આને 'પ્રજાઓનો ન્યાય' ગણવામાં આવ્યો છે. અને એ પ્રજાઓએ ઇઝરાયલ પ્રત્યે કરેલા વર્તાવ વિષે જ ન્યાય ચૂકવવામાં આવેલો બતાવ્યો છે. સ્થળ પણ યરુશાલેમની પાસે યહોશાફાટની ખીણ દર્શાવી છે. વળી એ જ વાત ઝખાર્યા પ્રબોધકે પણ લખી છે, અને એમાં આ બનાવ ક્યારે બનશે તે કાળ પણ સૂચવેલો છે.

"જે **સર્વ પ્રજાઓએ** યરુશાલેમની વિરુદ્ધ યુદ્ધ કર્યું હશે તેમના ઉપર યહોવા મરકીનો માર લાવશે; (એ માર એવો આવશે કે) તેઓ પોતાના પગે ઊભા હશે એટલામાં તેમનું માંસ ક્ષીણ થઈ જશે, તેમની આંખો તેઓના ખાડામાં ક્ષીણ થઈ જશે, ને તેમની જીભ તેમના મોંમાં ક્ષીણ થઈ જશે." (ઝખાર્યા ૧૪:૧૨).

બાઈબલ પ્રમાણે યહૂદી પ્રજા **'અલાહિદા લોક' છે.** તેઓની ગણતરી અન્ય પ્રજાઓની સાથે થતી નથી. ગણના ૨૩:૯ માં એ સૂચવવામાં આવેલું છે : "જુઓ, તેઓ (યહૂદીઓ) અલાહિદા રહેનારા લોક છે, અને દેશજાતિઓ ભેળા તેઓ ગણાશે નહિ." આમ, યહૂદી લોકોને માથ્થીના શાસ્ત્રપાઠમાં પ્રભુ ઈસુના "ભાઈઓ" તરીકે વર્ણવ્યા છે, અને 'ઘેટાંપ્રજા' કે 'બકરાંપ્રજા'માં તેમની ગણતરી કરવામાં આવતી નથી.

ઉપદેશકો આ ન્યાયકાળમાં જણાવેલાં કેટલાંક વાક્યો લઈને કહે છે કે બધાં માણસોનો સામાન્ય ન્યાયકાળ થશે, અને એમાં પ્રભુ બીજાં માણસોને આપણે કંઈ મદદ કરી હોય, માંદગી-મુશ્કેલી-જેલ વગેરે સમયે એમની ખબર લીધી હોય, ઇત્યાદિ સામાન્ય માનવસેવાઓ કરી હોય તે પ્રભુ ઈસુની સેવા કરી ગણશે, અને આપણને એનો બદલો આપશે. બોધ લેવા માટે અને માનવસેવા ઉત્તેજવા માટે એવો બોધ કરવો તે ઠીક

છે, પણ શાસ્ત્રસિદ્ધાંતની દ્રષ્ટિએ એવો ખુલાસો અસ્થાને છે. કારણ, સારી કરણીઓ દ્વારા કોઈને સ્વર્ગમાં લેવામાં આવતું નથી. માત્ર પ્રભુ ઈસુની ઉપર વિશ્વાસ રાખવાથી જ ઉદ્ધાર મળે છે.

"મારા બાપના આશીર્વાદિતો, આવો, **જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો**" (માથ્થી ૨૫:૩૪). જગત ઉત્પન્ન કરાયું ત્યારથી ઈશ્વર જગતમાં દ્રશ્ય રીતે રાજ્ય કરવા ઈચ્છતા હતા પણ આદમહવાના પાપને કારણે એ રાજ્ય મોકૂફ રહ્યું. વળી, ઇઝરાયલ પ્રજાએ શમુએલની પાસે રાજાની માગણી કરી, ઈશ્વર સીધો પોતાના માણસો મારફતે તેમની ઉપર રાજ્ય કરે તેવું નહિ ચાહતાં તેમણે, અન્ય પ્રજાઓને તેમના રાજાઓ હોય છે, તેવી જ રીતે પોતાની ઉપર માનવી રાજા રાજ્ય કરે એવું તેમણે માગ્યું. આમ, ઈશ્વરનું સીધું રાજ્ય નકારાયું. એ પછી યોહાન બાપ્તિસ્તે પોકાર્યું કે, પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. એવી જ આવી રહેલા આકાશી રાજ્યની ઘોષણા પ્રભુ ઈસુએ તેમ જ તેમના મોકલેલા શિષ્યોએ પણ કરી.

પણ પ્રભુ ઈસુ ખરેખર પૃથ્વી ઉપર આ આકાશી રાજ્ય સ્થાપવા ઝખાર્યા ૯:૯ ★ પ્રમાણે યરૂશાલેમમાં વિજયપ્રવેશ કરે છે. (માથ્થી ૨૧:૧-૧૧. ૨૩:૩૭-૩૯. લૂક ૧૯:૨૯-૪૬). ત્યારે યહૂદી પ્રજાએ તે (રાજા)નો નકાર કર્યો, અને તેને ક્રૂસ પર લટકાવી દેવડાવ્યો, અને મારી નાખ્યો. ત્યારથી એ આકાશી રાજ્ય પૃથ્વી ઉપર સ્થાપવાનું/ ઉતારવાનું આજ સુધી મોકૂફ રખાયું છે, અને માત્ર મર્મોના રૂપમાં (માથ્થીના ૧૩ મા અધ્યાયમાં) રજૂ કરાયું છે. પણ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તે પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે એ આકાશી રાજ્ય પૃથ્વી ઉપર સ્થાપવામાં આવશે,

---

★ ઝખાર્યા ૯:૯ "હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર; હે યરુશાલેમની પુત્રી, જયપોકાર કર. જો, **તારો રાજા તારી પાસે આવે છે**; તે ન્યાયી તથા તારણ સાધનાર છે; (તે) નમ્ર (છે), અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે."

અને પ્રભુ ઈસુ ૧૦૦૦ વર્ષ સુધી આખી પૃથ્વી ઉપર, યરુશાલેમને ગાદી બનાવીને, રાજ્ય કરશે. એ જ આ આકાશી રાજ્ય! એ જ રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તૈયાર કરવામાં આવેલું છે, અને જમણી તરફની દેશજાતિઓ એટલે કે 'ઘેટાંપ્રજાઓ' એમાં પ્રવેશશે, એટલે કે એનો 'વારસો' પામશે.

આ આકાશના પૃથ્વી પરના ૧૦૦૦ વર્ષના રાજ્યનો ઉલ્લેખ પ્રકટીકરણ ૨૦:૨,૭ માં છે. વળી, દાનિયેલ ૨:૩૪, ૩૫, ૪૪, ૪૫માં તેમ જ ૭:૧૩,૧૪,૨૭માં છે. આમ ઘેટાં પ્રજાઓ અને યહૂદી પ્રજા આ આકાશના રાજ્યના નાગરિકો થશે. અને સ્વર્ગથી ઊતરેલી પ્રભુ ઈસુની મંડળી તો ખ્રિસ્તની સાથે રાજ્યાસને બેસીને ૧૦૦૦ વર્ષ સુધી પૃથ્વી પર રાજ્ય કરશે.

## ૬. પાંચમો ન્યાયકાળ -

### 'પાપીઓ' અથવા અધર્મીઓનો ન્યાયકાળ :

પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર આવીને એક હજાર વર્ષનું રાજ્ય કરશે તે પછી શેતાનને બંધનમાંથી મુક્ત કરવામાં આવશે, એટલે એ પૃથ્વી ઉપર બધે જઈને આખા જગતનાં રાજ્યોને પ્રભુ ઈસુની સામે અને યરુશાલેમની સામે યુદ્ધ કરવા એકત્ર કરશે. ત્યારે પ્રભુ ઈસુ આકાશથી અગ્નિ ઉતારીને આ લશ્કરોનો નાશ કરશે, અને શેતાનને અગ્નિ તથા ગંધકની ખાઈમાં (જ્યાં શ્વાપદ એટલે કે ખ્રિસ્તવિરોધી અને જૂઠો પ્રબોધક છે ત્યાં) સર્વકાળને માટે નાખી દેવામાં આવશે (પ્રકટીકરણ ૨૦:૭-૧૦).

### क. સમય - પૃથ્વી તથા આકાશ બળી ગયા પછી; અધ્ધર.

એ પછી પૃથ્વી તથા આકાશ ટળી જશે (૨ પિત્તર ૩:૭, ૧૦, ૧૨. અને પ્રકટીકરણ ૨૦:૧૧). એ સમયે બાકી રહેલાં મૂએલાં જેઓ આજ સુધી ઊઠ્યાં નહોતાં, તે બધાં ઊઠશે, અને ઈશ્વરની આગળ તેઓનો ન્યાય થશે.

આ બાકી રહેલાં જેઓ હવે ઊઠશે તે બધાં પાપીઓ છે. અને તેમનો ન્યાય ઈશ્વર પોતે કરશે. તેઓને ઈશ્વરના 'શ્વેત રાજયાસન' આગળ ઊભું રહેવું પડશે. આ ન્યાય એમની કરણીઓ પ્રમાણે થશે. પુસ્તકો ઉઘાડવામાં આવશે, અને તેઓએ, પૃથ્વી પર હતા ત્યારે જે જે કરણીઓ કરી હશે તેની નોંધણી આ પુસ્તકોમાં કરવામાં આવેલી હશે, અને એ કરણીઓ પ્રમાણે એમનો ઇન્સાફ થશે. આ ન્યાયકાળ વિષેની વિગતો પ્રક્ટીકરણના પુસ્તકમાં આ પ્રમાણે આપી છે :

> "પછી મેં મોટું શ્વેત રાજયાસન જોયું, અને તેના પર બેઠેલા પુરુષને જોયો, તેની સંમુખથી પૃથ્વી તથા આકાશ જતાં રહ્યાં, અને તેઓને સારુ કોઈ સ્થાન મળ્યું નહિ. પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, ઈશ્વરની સમક્ષ ઊભાં રહેલાં જોયાં; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું (પુસ્તક) છે તે પણ ઉઘાડવામાં આવ્યું; તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો **તેઓની કરણીઓ પ્રમાણે** ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં: અને મરણે તથા હાડેસે (પણ) પોતાનામાં જેઓ મૂએલાં હતાં, તેઓને પાછાં આપ્યાં. અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો."
>
> "મરણ તથા હાડેસને અગ્નિની ખાઈમાં નાખવામાં આવ્યાં. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવનના પુસ્તકમાં નોંધેલો માલૂમ પડ્યો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો" (પ્રક્ટીકરણ ૨૦:૧૧-૧૫).

### ख. પૃથ્વી - આકાશ કેવી રીતે બળી જશે?

આ ન્યાયકાળ સર્વ અધર્મીઓના નાશને માટે થનાર છે. સંત પિતરે એ વિષે સ્પષ્ટતા કરી છે. તે લખે છે કે, "પણ હમણાંના આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી **ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના**

**દિવસ સુધી** રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે" (૨પિત્તર ૩:૭) એટલે કે પાપીઓ અને અધર્મીઓના ન્યાયકાળના સમયે આકાશ તથા પૃથ્વી બાળી નંખાશે. વાયુમંડળનું આકાશ શેતાન અને અપદૂતોના વાસને લીધે અશુદ્ધ બનેલું છે, અને પૃથ્વી આદમ-હવાનાં પાપને લીધે શાપિત થયેલી છે. એ શાપ અને પાપથી કલુષિત બનેલાં પૃથ્વી તથા આકાશને શુદ્ધ કરવા એ આકાશ તથા પૃથ્વી બાળી નાખવામાં આવશે. અને અધર્મીઓનો ન્યાય થાય તેની તદ્દન અગાઉ જ એ બનશે. કારણ, પ્રક્ટીકરણના ૨૦ મા અધ્યાયમાં આપણે ઉપર જોઈ ગયા તેમ આપવામાં આવ્યું છે કે પૃથ્વી અને આકાશ ટળી ગયાં એ પછી બાકી રહેલાં મૂએલાં (અધર્મી મૂએલાં) ઊઠ્યાં, અને ઈશ્વરના "**શ્વેત રાજ્યાસન**" આગળ તેમનો ન્યાય થયો.

પ્રેરિત પિતરનું આ વાક્ય ખાસ ધ્યાન ખેંચે છે : "પણ હમણાંના આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના **દિવસ સુધી રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે**" (૨ પિત્તર ૩:૭). આ આકાશ તથા પૃથ્વી **નાશને માટે રાખી મૂકેલાં છે,** છતાં **બાળવાને સારુ તૈયાર રાખેલાં છે.** આ છેલ્લાં શબ્દો, "**બાળવાને સારુ તૈયાર રાખેલાં છે,**" એ શબ્દરચના અને શબ્દપસંદગી કંઈક એવું કહેવા માગે છે કે એ આકાશ અને પૃથ્વીને અમુક ચોક્કસ સમયે, ઈશ્વરના આયોજન પ્રમાણે, બાળવા માટે બાળવાની પ્રક્રિયા અગાઉથી એ આકાશ તથા પૃથ્વીની અંદર જ ઈશ્વરે તૈયાર રાખી છે. એનો અર્થ થાય કે આકાશ અને પૃથ્વી બહારના કોઈ કારણને લીધે, એટલે કે માણસોએ ફોડેલા અણુ બોમ્બોને લીધે નહિ, કે કોઈ અવકાશી ગોળાના પૃથ્વીની સાથે ટકરાવાને લીધે પણ નહિ, પણ આકાશ તથા પૃથ્વીની અંદર જ ઈશ્વરે ગોઠવેલી આંતરિક વ્યવસ્થા મારફતે એ સળગી જશે, બળી જશે, ટળી જશે.

હમણાં હમણાં આ વીસમી સદીમાં વિજ્ઞાનીઓએ અણુ બોમ્બ અને અણુભંજન દ્વારા ઊપજતી પ્રચંડ શક્તિ અને મહા વિનાશક દાહક

શક્તિ શોધી કાઢી. આ વિજ્ઞાનીઓ જણાવે છે તેમ, આકાશ તથા પૃથ્વી પરની એકેએક ચીજ અણુપરમાણુ (અ એટમ)ની બનેલી છે. પથ્થર, લાકડું, ધાતુઓ, માટી, આપણા શરીરના કે ઝાડપાનના કોશો - એ બધાં જ સ્થિર નથી, પણ સતત ગોળ ગોળ ઘૂમતા ઈલેકટ્રોન, પ્રોટોન, અને ન્યુટ્રોનના બનેલા છે. પ્રત્યેક કોશોના અણુમાં ન્યુટ્રોન્સની આજુબાજુ અમુક સંખ્યાના ઈલેકટ્રોન અને પ્રોટોન ચક્કર ચક્કર ઘૂમી રહ્યાં છે. પ્રત્યેક ધાતુ કે ચીજની અંદર ન્યુટ્રોનની આસપાસ ઘૂમતા ઈલેકટ્રોન અને પ્રોટોનની ચોક્કસ સંખ્યા હોય છે. એ પરથી એ કઈ ધાતું કે ચીજનું એ અણુ છે તે કહી શકાય.★

પ્રત્યેક અણુમાં મહા ગજબ શક્તિથી અણુનાં ઈલેકટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટ્રોનને એકબીજાથી આકર્ષાએલાં અને અવિભાજિત રખાયેલાં છે. આ આકર્ષણબળ અથવા શક્તિ એટલી ગજબની હોય છે કે, જ્યારે અકુદરતી રીતે અણુભંજન (બોમ્બાર્ડમેન્ટ) કરવામાં આવે છે. ત્યારે ન્યુટ્રોન તૂટતાં આ મહા પ્રચંડ શક્તિ વછૂટે છે. એટલે પ્રત્યેક અણુધડાકો મહા શક્તિ પેદા કરે છે. જાપાનના હિરોશીમા શહેર ઉપર ઓગષ્ટ ૧૯, ૧૯૪૫ રોજ અમેરિકાએ માત્ર એક નાનો ૨૦ કિલોટોનનો અણુ બોમ્બ નાખ્યો એટલામાં જ એકસામટાં તત્કાળ ૮૦,૦૦૦ માણસો મરી ગયાં, અને પાછળથી એની અસરોથી વર્ષ દરમિયાન બીજાં ૧,૨૦,૦૦૦ માણસો મરી ગયાં. બોમ્બ ફૂટ્યો ત્યારે બંદરમાં ૧૧૦ સ્ટીમરો લાંગરેલી હતી, તે બધી ખલાસ થઈ ગઈ. એનો મોટો ભાગ વરાળ બની અદ્રશ્ય બની ગયો! અણુભંજનની આ કેટલી પ્રચંડ શક્તિ!

ઈ.સ. ૧૯૬૦માં રશિયાએ ૧૦૦ મેગાટોનના (હિરોશિમાવાળા ૨૦ કિલોટોનના કરતાં ૫,૦૦૦ ગણા ભારે એવા) એક અણુ બોમ્બને

★ અત્યારે તો વિજ્ઞાનીઓ ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનથી આગળ વધીને વધારે સૂક્ષ્મ ભાગોની એટલે કે મેસોન, ક્વાર્ઝ, મ્યુઓન્સ, ટાઉઓન્સ, ન્યુટ્રીનોઝ, પીઓન્સ, કાઓન્સ. આમ તો લેટિન શબ્દ **'એ ટોમ'** એટલે જેનું વધુ વિભાજન ના થાય તે.

અખતરા તરીકે ફોડ્યો ત્યારે મહા ભયાનક શક્તિ એમાંથી ઉત્પન્ન થઈ.★ સમુદ્રોનાં પાણી ઉપર આની એવી ગજબ અસર થઈ કે આ અણુભંજનમાંથી છૂટેલી શક્તિના આવેગથી સમુદ્રનાં પ્રચંડ મોજાંના પૃથ્વી આસપાસ બે ચક્કર થયાં! અત્યારે તો વિજ્ઞાનીઓએ દશ હજાર, વીસ હજાર અને એક લાખ મેગાટોનના બોમ્બ તૈયાર કરવા યોજી રહ્યા છે. પણ એટલા ખર્ચને પહોંચી કેવી રીતે વળવું એ વાત તેમને સતાવી રહી છે.

આવાં ઈલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટોન અંદર ઘૂમરીઓ લેતાં હોય એવાં અણુપરમાણુથી ભરેલાં પૃથ્વી અને આકાશનાં તમામ દ્રવ્યો (પદાર્થો)ની આ પૃથ્વી (તેમ જ આકાશ) ઈશ્વરે ઉત્પન્ન કર્યાં છે. અને જ્યારે આ સૃષ્ટિના સૃજનહાર ઈશ્વરનો હુકમ થશે ત્યારે આકાશ અને પૃથ્વીનાં તમામ દ્રવ્યો (પદાર્થો)ના અણુઓ તૂટવા માંડશે, અને મગજથી કદી કલ્પી ન શકાય એવી મહા ભયાનક અને મહા સંહારક વિનાશક શક્તિ ઉત્પન્ન થશે. અને સંત પિતર લખે છે તેમ, "તે વેળાએ **આકાશો મોટી ગર્જના સહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે**" (૨ પિત્તર ૩:૧૦). વળી, આગળ તે લખે છે : "ઈશ્વરના જે દિવસે આકાશો સળગીને લય પામશે તથા (પૃથ્વીનાં,)તત્ત્વો બળીને પીગળી જશે, તેના આવવાની આતુરતાથી તમારે અપેક્ષા રાખવી" (૨ પિતર ૩:૧૨).

કોઈ માણસોના ફોડેલા અણુ બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, ન્યુટ્રોન બોમ્બ, કે કોબાલ્ટ બોમ્બથી આકાશ અને પૃથ્વીનો નાશ થવાનો નથી. પણ એક હજાર વર્ષ (સહસ્ત્રાબ્દી)ના રાજ્ય પછી ઈશ્વર પોતે આકાશ

---

★ આ ૧૦૦ મેગાટોનનો એક બોમ્બ કેટલો શક્તિશાળી છે તે આ વાત પરથી સમજી શકાય કે આ બોમ્બ ૨૦ કિલોટોન કરતાં ૫,૦૦૦ ગણો શક્તિશાળી છે. અને ૨૦ કિલોટોનનો એક બોમ્બ દરરોજ ફોડતા રહીએ તો ૧૩ વર્ષે એક ૧૦૦ મેગાટોનની બરાબરી થઈ શકે. આ ૧૦૦ મેગાટોન બોમ્બ ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ ફૂટ અધ્ધરથી ફેંકાય તો આખું ગુજરાત રાજ્ય (એક કરોડ કરતાં વધુ માણસો) ખલાસ થઈ જાય!

અને પૃથ્વીનો, ઉપર જોયું તેમ ઈશ્વરે યોજેલી આંતરિક વ્યવસ્થા દ્વારા જ, નાશ થશે.

**ગ. બાકી રહેલાં બધાં મૃત્યુ પામેલાં ઊઠશે :**

આકાશ અને પૃથ્વી ટળી ગયા પછી આ 'બાકીનાં મૂએલાં' ઊઠશે અથવા સજીવન થશે. બાઈબલમાં આ ઉત્થાનને **'દંડનું ઉત્થાન'** કહ્યું છે (યોહાન ૫:૨૯). એમના વિષે આમ પણ લખેલું છે : "મૂએલાંમાંના જેઓ **બાકી રહ્યાં** તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ" (પ્રકટીકરણ ૨૦:૫). તેઓને **'પહેલા પુનરુત્થાન'**માં (એટલે કે 'ન્યાયીઓના ઉત્થાન'માં - યોહાન ૫:૨૮) ભાગ નથી. માત્ર પહેલાં પુનરુત્થાનમાં ઊઠનારાને જ ધન્ય કહેવામાં આવ્યા છે (પ્રકટીકરણ ૨૦:૫બ).

**ઘ. ઉઘાડવામાં આવેલાં આ પુસ્તકો કેવા હશે?**

**"અને પુસ્તકો ખોલવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે** જીવનનું (પુસ્તક) છે તે પણ **ઉઘાડવામાં આવ્યું. તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો"** (પ્રકટીકરણ ૨૦:૧૨). આ કલમના શબ્દો ઉપરથી સમજાય છે કે આ બધાં માણસોની બધી કરણીઓ (કામો) પુસ્તકોમાં નોંધેલી હશે. મુસલમાન ભાઈઓ માને છે કે અલ્લાએ દરેક માણસની સાથે બે દૂતો મૂકેલા હોય છે. એક દૂત એના જમણા ખભા ઉપર બેઠેલો હોય છે, અને બીજો ડાબા ખભા ઉપર. જમણા ખભાવાળો દૂત એ માણસનાં સારાં સારાં કામોની નોંધણી કરી લે છે, અને ડાબા ખભાવાળો દૂત એનાં બૂરાં-ભૂંડાં કામોની નોંધણી કરે છે. (કદાચ જમણા ખભાવાળા દૂતને બહુ જ થોડી કામગીરી આવતી હશે.) આ તો માત્ર કાલ્પનિક વાત છે. ઈશ્વરની રેકોર્ડિંગ (નોંધણી) ની વ્યવસ્થા આવી નહિ હોય.

ઈશ્વરની નોંધણીની વ્યવસ્થા કેવી હશે? શું આપણાં અત્યારનાં પુસ્તકો જેવાં (આસપાસ પૂંઠા અને વચ્ચે પાનાં) હશે? કે અગાઉ

'ઓળિયાં' કે 'ટીપણાં' કે 'ચર્મપત્રો' કે 'ભારતનાં ભોજપત્રો' કે મિસરનાં 'પાપીરસપત્રો' જેવાં હશે?

પ્રાચીન કાળમાં ભારતમાં 'પુસ્તક' શબ્દનો પ્રયોગ થતો ન હતો. વૈદિક સાહિત્યમાં કોઈપણ જગાએ 'પુસ્તક' શબ્દનો ઉલ્લેખ થયો નથી. પાણિનિનાં 'અષ્ટાધ્યાયી'માં, પતંજલિના મહાભાષ્યમાં, અશ્વઘોષનાં કે અન્ય કાવ્યોમાં, કાલિદાસનાં નાટકોમાં, અમરકોશ, ઇત્યાદિમાં પણ 'પુસ્તક' શબ્દ વાંચવા મળતો નથી. એનો સર્વપ્રથમ ઉપયોગ સાતમી સદીની આજુબાજુના એટલે કે 'બાણ'ના સમયમાં થયો હોય એમ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ માને છે. 'મૃચ્છકટિકા'માં વસંતસેના અને ચારુદત્તા ઘરની વસ્તુઓના વર્ણનમાં 'પુસ્તક' શબ્દનો પ્રથમ ઉલ્લેખ થયો છે. 'હર્ષચરિત' માં ઝાડની છાલ પર લખેલા પુસ્તકનો ઉલ્લેખ આવે છે. કાલિદાસના સમયમાં ભૂર્જ (ભોજ) પત્રોનો ઉપયોગ થતો હતો, પણ બાણના કાળમાં તાડપત્રો ઉપર કાળી અને લાલ શાહીથી 'પુસ્તક' લખવાની પ્રથા ચાલુ હતી. બાણે એક ઠેકાણે લીલાં પાંદડાંનો રસ અને કોલસામાંથી શાહી તૈયાર કરવાની રીત લખેલી છે. તાડપત્રો પર લખવાનો રિવાજ ૧૨ મા અને ૧૩ મા શતક સુધી અસ્તિત્વમાં હતો. એ પછી ૧૪ મા શતકના આરંભમાં કાગળ પર પુસ્તકો લખવાની પ્રથ શરૂ થઈ. 'પુસ્તક' શબ્દ પાલિ ભાષામાંથી લેવાયો લાગે છે. પાલિ ભાષામાં 'પુસ્ત' શબ્દ છે, અને તેનો અર્થ 'છાલ' થાય છે. છાલ પર લખવામાં આવેલું તે 'પુસ્તક'.

અંગ્રેજીમાં 'પુસ્તક' (book = બુક) એ ગ્રીક 'બિબ્લોસ' પરથી આવ્યો છે, અને એના બહુવચન 'બિબ્લીઓન' એટલે 'પુસ્તકો' ઉપરથી 'બાઈબલ' (= પુસ્તકો) શબ્દ આવ્યો છે. મિસરમાં નાઈલ નદીને કિનારે થતાં બરુઓ 'પાપીરસ' તરીકે ઓળખાતાં, અને એનાં રાડાં આડાંઅવળાં ચોંટાડી તેની ઉપર લખાણ કરવામાં આવતું. એમ 'પાપીરસ' ઉપરથી અંગ્રેજી શબ્દ 'પેપર'(= કાગળ) આવ્યો. અગાઉ 'વીંટા' વપરાતા હતા, ચર્મપત્રો પણ વપરાતાં.

અને દૂતો દરેક માણસનાં કર્મો એમાં નોંધતા હશે? ના, ના. આવી કઢંગી વ્યવસ્થા તો ન જ હોઈ શકે. સરકારી કાયદાકચેરીમાં અમુક માણસોના જ અને થોડાંક વર્ષોના જ કેસોનાં લાલ કપડે બાંધી રાખેલાં કેટલાં બધાં પોટલાં હોય છે! ઘણી વખત તો આ પોટલાંની બનેલી 'દીવાલ'ને લઈને ખરી દીવાલ તો દેખાતી જ હોતી નથી. તો આદમથી માંડીને અત્યાર સુધીનાં બધાં જ માણસનાં એકેએક મિનિટનાં, હા, એકએક ક્ષણનાં, કામોની નોંધણી માટે અધધધધ કેટલાં બધાં પુસ્તકો થાય? અને એ બધાં રખાય પણ ક્યાં ? અને જરૂરને પ્રસંગે એ કરોડોનાં, કરોડોનાં કરોડો પુસ્તકોને ખોલવા-જોવા-શોધવાનું કેટલું કપરું કાર્ય બની જાય! ના, આવી વ્યવસ્થા તો ન જ સંભવી શકે.

આ વીસમી સદીમાં માણસોએ નોંધણી (રેકોર્ડિંગ)નાં કેવાં અજાયબ યંત્રો બનાવ્યાં છે! બોલતાંની સાથે જ રેકર્ડ થઈ જાય અને પાછું તરત સાંભળી શકાય તેવાં 'ટેપ રેકર્ડરો' અને 'કેસેટ રેકર્ડ' સાધનો કેવાં અજાયબ છે! કેટલાંક તો બોલો ને તરત જ દશ વખત, સો વખત, અને તત્ક્ષણ હજાર વખત રેકર્ડ કરી લે! અને એટલી જ ઝડપે આપણા શ્રવણપટ પર પડે! સ્પેરી રેન્ડ કંપનીએ હમણાં એવું રેકોર્ડીંગ યંત્ર બનાવ્યું છે, જે એક જ સેકન્ડમાં પચાસ લાખ શબ્દો નોંધી શકે અને એક જ સેકન્ડમાં એટલા જ શબ્દો સંભળાવી શકે! આખા બાઇબલમાં ફક્ત સાડા આઠ લાખ શબ્દો છે; એટલે એ યંત્ર એક જ સેકન્ડમાં છ વખત આખું બાઇબલ રેકર્ડ કરી શકે, અને એક જ સેકન્ડમાં પુનઃ સંભળાવી શકે! જો મનુષ્ય નોંધણીનું આવું યંત્ર બનાવી શકે, તો સર્વશક્તિમાન ઈશ્વરની નોંધણીની વ્યવસ્થા એનાથીયે કેવી અગમ્ય અને ઝડપી હશે!

વિજ્ઞાનીઓ હવે કહે છે કે આપણા બોલેલા સર્વ પ્રકારના શબ્દો કદી નષ્ટ થતા નથી, પણ અવાજના મોજાં વિદ્યુતતરંગોમાં પલટાઈને પૃથ્વી ઉપર જુદે જુદે સ્થળે ફરતાં હોય છે. એટલે તો લંડનમાં બોલાતા શબ્દો કે રેલાતું સંગીત રેડિયો દ્વારા આપણે ગુજરાતમાં એ જ ઘડીએ સાંભળી શકીએ છીએ. અને વિજ્ઞાનીઓ કહે છે તેમ, પ્રભુ ઈસુનું

**ગિરિપ્રવચન** એમના પોતાના જ શબ્દો તરીકે વિશ્વમાં વિદ્યુતતરંગો તરીકે ફરતું હશે, અને એ તરંગો પકડવાનું રેડિયો જેવું કોઈ યંત્ર બનાવી શકાય, અને વિશ્વમાં અમુક ચોક્કસ સ્થળે એ યંત્ર લઈને આપણે જઈ શકીએ, તો આજે પણ આપણે એ જ **ગિરિપ્રવચન** સાંભળી શકીએ.

એમ જ પ્રભુ ઈસુનું ક્રૂસારોહણ દ્રશ્ય પણ આજે આપણે એવી જ રીતે જોઈ શકીએ. બે હજાર વર્ષ ઉપર ક્રૂસારોહણ પર પડેલાં કિરણો વિદ્યુતતરંગોરૂપે ફેરવાયાં હશે. અને એ ક્રૂસારોહણનું દ્રશ્ય પેલા વિદ્યુતતરંગો મારફતે વિશ્વમાં ક્યાંક ફરતું હશે. તેને ટેલિવિઝન જેવા કે રડાર જેવા કોઈ ખાસ પ્રકારના યંત્ર દ્વારા, વિશ્વના કોઈ અમુક કોઈ ચોકકસ સ્થળે જઈને આપણે પેલા ક્રૂસારોહણના દ્રશ્યને જોઈ શકીએ. આમ, પ્રક્રિયામાં નોંધાયેલાં માણસોનાં કામોનાં દ્રશ્યો અને તેના શબ્દોનાં તરંગો પકડીને પ્રભુ ન્યાયકાળે એ માણસોની સામે સાક્ષી પુરાવી શકે.

પ્રભુએ કાઈનને કહ્યું, "તારા ભાઈનું લોહી ભૂમિમાંથી મને હાંક મારે છે" (ઉત્પત્તિ ૪:૧૦), ત્યારે એ માત્ર કોઈ અલંકારિક ભાષા પ્રભુએ વાપરી નહોતી. આપણે જે જે કંઈ વર્તીએ છીએ કે બોલીએ છીએ એ બધું આપણી આસપાસની વસ્તુઓ (ભૂમિમાં, ઘરની ભીંતોમાં, પથ્થરોમાં, ફર્નિચરમાં, છતમાં કે ભોંયતળિયે, એ બધી જ વસ્તુઓ કે જગાઓમાં) નોંધાઈ જાય છે, અંકિત બની જાય છે. અને પ્રભુને ખપ હોય ત્યારે આ બધાં વાનાંને તે સાક્ષી માટે લાવી શકે છે, એટલે જ હબાક્કૂક ૨:૧૧ માં લખ્યું છે કે, "કેમ કે ભીંતમાંથી પથ્થર બૂમ પાડશે, ને કાટમાંથી ભારોટિયો (=મોભ - પાટડો) તેને (સામો) જવાબ આપશે."

ફરોશીઓએ શિષ્યોને ધમકાવવા પ્રભુ ઈસુને કહ્યું, ત્યારે પ્રભુ ઈસુએ સામો જવાબ વાળ્યો કે, "હું તમને કહું છું કે જો તેઓ છાના રહેશે તો પથરા પોકારી ઊઠશે" (લૂક૧૯:૩૯,૪૦). પ્રભુ ઈસુનાં એ વચન માત્ર અલંકારિક ભાષા નહોતી, પણ શક્ય બાબત હતી. વળી રાજ્યની સુવાર્તા ઇઝરાયલનાં કુળોને સંભળાવવા જ્યારે પ્રભુ ઈસુને મોકલ્યા ત્યારે તેમને જણાવ્યું કે કોઈ ગામમાં તમારો અંગીકાર કરવામાં ન આવે તો

પગની ધૂળ ખંખેરી નાખવા સૂચવ્યું હતું : "અને જો કોઈ તમારો આવકાર નહિ કરે, ને તમારી વાતો નહિ સાંભળે તો તે ઘરમાંથી અથવા તો નગરમાંથી નીકળતાં તમે **તમારા પગ પરથી ધૂળ ખંખેરી નાખો**" (માથ્થી ૧૦:૧૪. લૂક ૯:૫).

આ બધી માત્ર અલંકારિક ભાષા નથી વાપરવામાં આવી, પણ સૃષ્ટિની આસપાસની વસ્તુઓમાં જ માણસોનાં કામો અને શબ્દો નોંધાઈ ગયેલાં અને અંકાઈ ગયેલાં હશે. અને પ્રભુ લોકોને પોતપોતાનાં કામો વિષે જણાવવા માગશે ત્યારે આ બધી વસ્તુઓ જ પોકારી ઊઠશે.

માણસના શરીરનાં અતિ સૂક્ષ્મ ગુણઘટક (अ. Gene- જીન) માં હજારો પેઢીઓની ખાસિયતો નોંધાયેલી હોય છે. દાદાના દાદાના વાળ કેવા હતા, નખ કેવા હતા, ઈત્યાદિ, હજારો પેઢીઓની ઝીણી ઝીણી વિગતો અંકાયેલી હોય છે, અને અદલ એ પ્રમાણેની અને ચોક્કસ ગણતરી પ્રમાણેની ખાસિયતો બાળકને વારસામાં મળે છે!

એ જ પ્રમાણે માણસના શરીરના કોશોમાંના સૂક્ષ્માતીત સૂક્ષ્મ રંગસૂત્ર યા રંગપરમાણુ (अ. ક્રોમોઝોન્સ) પણ એવી જ હજારો પેઢીઓની યાદી રાખે છે! જો ઈશ્વરનાં નોંધણી પુસ્તકો આવાં આવાં અજબ હોય છે, તો માણસનાં કામો અને શબ્દો માટેનાં ઈશ્વરનાં નોંધણીપુસ્તકો કેવાંક અજાયબ હશે!

માંસના લોચાસમા માણસના નાનાશા મગજના કોશો બાળપણથી માંડીને સિત્તેર, એંસી કે સો વર્ષ સુધીના તમામ પ્રકારના જ્ઞાનભાનને અંદર નોંધી રાખે છે. દ્રશ્ય, શ્રાવ્ય, ઘ્રેય, સ્પૃશ્ય, રસ્ય, તેમ જ વિચારોની હારમાળાઓ, વિરોધી દલીલો, વાંચેલાં હજારો પુસ્તકોના મુદ્દા તેમજ દલીલો, આ બધું જ આ જરાક અમથા મગજના સૂક્ષ્મ કોશોમાં સંઘરાઈ રહે છે. એક જ માણસના મગજની બધી જ ક્રિયા, પ્રક્રિયા, જોડાણ કડીઓ, સંદેશવ્યવહાર, એ બધાં માટે યંત્ર બનાવવું હોય તો આખાં બે

અમદાવાદ શહેરો જેટ્ટલી જગા ફક્ત એક જ માણસના મગજ પૂરતી જોઈએ. તો ઈશ્વરની રેકર્ડ-વ્યવસ્થા કેવીક અજબગજબની હશે!

'બાકીનાં મૂએલાં' ઊઠશે ત્યારે તેમનો તેમની કરણીઓ પ્રમાણે ન્યાય કરવાને માટે ઈશ્વર પોતાનાં આ બધાં નોંધણીસાધનોને વાપરશે.

**ચ. નરકમાં ઓછીવત્તી સજા :**

આ 'બાકીનાં મૂએલાં' એટલે કે **અધર્મીઓ** ઉત્થાન તો પામશે, અને તેઓનો ન્યાય પણ થશે, પણ તેઓમાંથી કોઈને સ્વર્ગમાં લેવાનાં નહિ હોય. આ ન્યાયકાળ સ્વર્ગ કે નર્ક માટે પસંદ કરવાનો ન્યાયકાળ નથી. પણ પ્રત્યેક અધર્મીને કેટલી સજા કરવી તે નક્કી કરવા માટેનો ન્યાયકાળ છે. વેદના યા શિક્ષા કેટલા પ્રમાણની કરવી તે નક્કી કરવા માટે આ ન્યાયકાળ છે.

'પુસ્તકો' ખોલવાનો અર્થ એટલો જ કે ઈશ્વર ન્યાયી તથા અદલ ઇન્સાફી છે. અને પ્રત્યેકને એનાં કરેલાં આચરણો (કરણીઓ) ના પ્રમાણ પ્રમાણે જ શિક્ષા કરશે.

**'પ્રમાણ'** એનો અર્થ એવો નથી કરવાનો કે ઓછાવત્તા સમયની સજા. આ બધાને **અનંતકાળ માટે** જ સજા થશે. 'પ્રમાણ' નો અર્થ આ સમજવાનો છે કે, સજાની તીવ્રતા કે મૃદુતા કેટકેટલા અંશની હશે તેનું પ્રમાણ આ ન્યાયકાળે પ્રત્યેક અધર્મી માટે ઠરાવવામાં આવશે.

બાઈબલમાં શિક્ષાના પ્રમાણ અંગે કેટલાક ઉલ્લેખ છે જેમાંના એકબે આપણે જોઈએ. જેઓને આત્મિક પ્રકાશ વધુ મળ્યો હશે છતાં અધર્મી રહ્યા હશે તેઓને વધુ સજા થશે. એમ જ તકો વધારે કે ઓછી મળી હશે તેના પ્રમાણમાં; વળી દુષ્ટતા અને અધર્મી આચરણ કેટલી હદ સુધીનાં કર્યાં હશે તેના પ્રમાણમાં; અને ઈરાદાઓ, હેતુઓ અને ધ્યેયોને ધ્યાનમાં રાખીને તે પ્રમાણમાં આ સજાઓ થશે.

**માથ્થી ૧૧:૨૦-૨૪.** "ત્યારે જે નગરોમાં તે (પ્રભુ ઈસુ) નાં પરાક્રમી કામો ઘણાં થયાં હતાં, તેઓએ પસ્તાવો નહિ કર્યો,

ત્યારે તે તેઓ પર દોષ મૂકવા લાગ્યો કે, ઓ ખોરાજીન, તને હાય! હાય! ઓ બેથસાઈદા, તને હાય! હાય! કેમ કે જે પરાક્રમી કામો તમારામાં થયાં, તે જો સૂર તથા સીદોનમાં થયાં હોત, તો તેઓએ તાટ તથા રાખમાં બેસીને ક્યારનો પસ્તાવો કર્યો હોત. વળી હું તમને કહું છું કે **ન્યાયકાળે સૂર તથા સીદોનને તમારા કરતાં સહેલ પડશે.** અને, ઓ કફરનાહૂમ, તું આકાશ સુધી ઊંચું કરાશે શું? **તું પાતાળ સુધી નીચું ઊતરશે**; કેમ કે જે પરાક્રમી કામો તારામાં થયાં તે જો સદોમમાં થયાં હોત, તો તે આજ લગી રહેત. વળી હું તમને કહું છું કે, **ન્યાયકાળે સદોમ દેશને તારા કરતાં સહેલ પડશે.**"

આ ફકરાનો અર્થ એવો થયો કે અધર્મીઓના ન્યાયકાળે સૂર તથા સીદોનને ખોરાજીન અને બેથસાઈદા શહેરો કરતાં વત્તી સજા થશે; અને સદોમ કરતાં કફરનાહૂમને અધિક સજા થશે. જેઓએ ખ્રિસ્તનો નકાર કર્યો તેઓએ વધુ પ્રકાશ સામે પાપ કર્યું છે, - સદોમના રહેવાસીઓને પ્રભુ ઈસુનો પ્રકાશ કફરનાહૂમ જેટલો મળ્યો નહોતો. એટલે સદોમ કરતાં એ શહેરોને કપરી સજા થશે.

વળી, લૂક ૧૨:૪૭,૪૮ પણ જોઈએ. "જે દાસ પોતાના ધણીની ઇચ્છા જાણ્યા છતાં પોતે સિદ્ધ (તૈયાર) થયો નહિ હોય, અને તેની ઇચ્છા પ્રમાણે વર્ત્યો નહિ હોય, **તે ઘણો માર ખાશે.** પણ જેણે અજાણતાં ફટકા યોગ્ય કામ કર્યું હશે, **તે થોડો જ માર ખાશે. જે કોઈને ઘણું આપેલું છે, તેઓ પાસેથી ઘણું માગવામાં આવશે; અને જેને ઘણું સોંપેલું છે, તેની પાસેથી વધારે માગવામાં આવશે.**"

આપણામાંના જેઓએ સુવાર્તા સાંભળી છે, પ્રકાશ પામ્યા છે. છતાં પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો નથી, તેઓના કરતાં જે અન્ય ધર્મીઓએ સુવાર્તા સાંભળી નથી, પ્રકાશ પામ્યા નથી, તેઓને આ ન્યાયાસન આગળ સહેલું પડશે. રોમનોને પત્ર ૧:૧૮-૨૩ માં અને ૨:૧૫ માં એ બધું સ્પષ્ટ કરેલું છે : નિયમશાસ્ત્ર પામેલાં અને નિયમશાસ્ત્ર વગરનાં, પ્રકાશ પામેલાં

અને નહિ પામેલાં, ઇત્યાદિ. લોકોનો પ્રભુ કેવી રીતે ન્યાય કરશે એ વિષે બાઇબલમાંથી સીધું રોમન ૧:૧૮-૨૩ અને ૨:૧-૨૯ વાંચીને સમજવું લાભદાયી થશે. (અમે એ કલમો અહીં ઉતારતા નથી, પણ આશા રાખીએ છીએ કે વાચક પોતે અંદર બાઇબલમાંથી વાંચી લેશે.)

ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં એટલે કે વિશ્વાસથી ન્યાયી ઠરાવવામાં આવેલાં લોકો પહેલા પુનરુત્થાનમાં ઊઠશે એ વિષે આપણે અગાઉ જોઈ ગયા, તેમ જ વિપત્તિકાળના શહીદો પણ પ્રભુના પૃથ્વી ઉપર ઊતરવાને સમયે (એટલે કે **પ્રાગટ્ય** સમયે ઊઠશે, અને એ પણ પહેલા પુનરુત્થાનનો ભાગ જ ગણાશે એ સંબંધી પણ આપણે અગાઉ જોયું).

### છ. છેલ્લે જેઓ જીવતાં હશે તેમનું શું?

પણ પ્રભુ ઈસુના પૃથ્વી ઉપરના ઉતરણ પછી સહસ્ત્રાબ્દી રાજ્યકાળ વખતથી છેક 'બાકીને મૂએલાં' (અધર્મીઓ) ના પુનરુત્થાન સુધીના વચગાળામાંના ધર્મીઓ કે વિશ્વાસીઓના પુનરુત્થાનનું શું? ઘણાનું માનવું છે કે તેઓ પણ 'અધર્મી મૂએલાં'ના પુનરુત્થાન વખતે ઊઠશે. પણ તેઓનાં નામ 'હલવાનના જીવનના પુસ્તક'માં નોંધેલાં હશે, અને તેઓ પ્રભુની પાસે તથા સંતોની પાસે લઈ લેવાશે. એવા તો જૂજ જ લોકો હશે, એમ આ બધા અભ્યાસકોનું માનવું છે. જોકે આ થોડાક 'વિશ્વાસીઓ' અથવા 'ધર્મીઓ' વિષે બાઇબલમાં કંઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પણ "અને બીજું એક પુસ્તક જે જીવનનું (પુસ્તક) છે તે પણ ઉઘાડવામાં આવ્યું (પ્રકટીકરણ ૨૦:૧૨) એવો જે ઉલ્લેખ છે તે પરથી અને બીજો ઉલ્લેખ છે "જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડ્યો નહિ તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો" (પ્રકટીકરણ ૨૦:૧૫). તે પરથી એવું અનુમાન કરવામાં આવે છે કે **પેલા વચગાળાના** સમયના ધર્મીઓ યા વિશ્વાસીઓ મૃત્યુ પામ્યા તેઓ વિષેના આ બે ઉલ્લેખ છે.'

બીજી એક વાત વિષે બાઇબલમાં ઉલ્લેખ આપવામાં આવ્યો હોય તેમ લાગતું નથી. સહસ્ત્રાબ્દી રાજ્ય પૂરું થાય તે પછી, અને પૃથ્વી તથા

આકાશ ટળી જાય તે પહેલાં - એ વચગાળાના સમયમાં જે ન્યાયીઓ યા ધર્મીઓ કે વિશ્વાસીઓ જીવતા હશે તેમનું શું થશે? આ વિષે પણ એવું અભ્યાસકો અને પ્રભુના કેટલાક સંતોનું માનવું છે કે એ વચગાળાના સમયમાં - એટલે કે સહસ્ત્રાબ્દીનું રાજ્ય પૂરું થાય અને પૃથ્વી તથા આકાશ ટળી જાય તે પહેલાં - કોઈક તબક્કે આ જીવતાં રહેલાં ન્યાયીઓને પ્રભુ મહિમાવંત શરીરોમાં ઉપર પોતાની પાસે લઈ લેશે અને એ જ સમયે જે અધર્મીઓ જીવંત હશે તેઓ બધાં સળગતી પૃથ્વીની જ્વાળાઓમાં બળી જશે, - જેમ જળપ્રલય વખતે નૂહના કુટુંબ સિવાયનાં જે બધાં જીવંત મનુષ્યો જળપ્રલયમાં નાશ પામ્યાં તેમ.

પૃથ્વી તથા આકાશ બળી - ટળી જશે એ પછી પ્રભુ નવું આકાશ તથા નવી પૃથ્વી બનાવશે, તેમ જ નવું આકાશી યરુશાલેમ સ્વર્ગેથી પૃથ્વી ઉપર ઉતારશે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના સર્વ લોકો સાથે સશરીરે વસશે. પાપ, મૃત્યુ, દુઃખ અને વિયોગ તેમાં હશે જ નહિ. "જુઓ, ઈશ્વરનો મંડપ માણસોની સાથે છે, (ઈશ્વર) તેઓની સાથે વાસો કરશે" (પ્રકટીકરણ ૨૧:૩). "**ઈશ્વરનો મંડપ**"નો અર્થ એ છે કે **પ્રભુ ઈસુ મહિમાવંતા માનવી શરીર સાથે આપણી સાથે વસશે.** બેથલેહેમની ગભાણમાં જે 'શબ્દ સદેહ થયો,' એટલે કે માનવી શરીર પ્રભુ ઈસુએ ધારણ કર્યું, એ જ માનવી શરીર પુનરુત્થાન સમયે મહિમાવંતું બન્યું, અને એ જ મહિમાવંતા માનવી શરીરે સ્વર્ગગમન કર્યું, અને એ જ મહિમાવંતા માનવી શરીરે પિતાને 'જમણે હાથે બિરાજમાન છે', અને એ જ શરીરે તે ગગનમાં અને પછી પૃથ્વી ઉપર ઊતરશે. અને પછી એ જ મહિમાવંતા માનવી શરીર સાથે આપણી સાથે વસશે. અને આપણે ઉદ્ધાર પામેલા લોકો પણ પુનરુત્થાન પામેલાં મહિમાવંતા માનવી શરીરો સાથે પ્રભુ ઈસુની સાથે પરમપવિત્ર ધામમાં અને પરમ સુખાનંદમાં વસીશું એ કેવી ધન્ય ઘડી હશે! - એ કેવો અનંત આનંદનો અનંતકાળ હશે! હાલેલૂયા! આમીન. ઓ પ્રભુ ઈસુ, તમે વહેલા આવો.

લંડનના એક પ્રભુને અર્પિત ખ્રિસ્તી ડૉક્ટર હતા. એમના વિશાળ બંગલામાં તેમણે એક મોટો હોલ બંધાવ્યો હતો. એમાં ડૉક્ટર ફુરસદને સમયે પોતાના સાથી ધંધાદારીઓને અને અન્ય મિત્રોને નિમંત્રણ આપતા અને પ્રભુ ઈસુ વિષે તેમને જણાવતા. એક રાતે આવી જ એક મિલનસભામાં ડૉકટરે પ્રભુ ઈસુના પુનરાગમન વિષે આવેલાં સર્વને સમજાવ્યું. છૂટા પડ્યા પછી ઉપલે મજલે સૂવા જતાં પહેલા ડૉકટરે પોતાના નોકર જોનને કહ્યું, "જોન, થોડા જ સમયમાં મારા પ્રભુ ઈસુ મને અને પોતાને લોકોને લેવાને માટે આવવાના છે. એ આવશે ત્યારે હું તેમની પાસે ઊંચકાઈ જઈશ."

નોકર જોન રસપૂર્વક સાંભળતો હતો. ડૉક્ટરે આગળ કહ્યું, "જોન, હું ઊંચકાઈ જઈશ એટલે પછી મારું ઘર, મારી મોટરકારો, બેન્કની રકમ - એ કશાની મારે જરૂર નહિ રહે. તેથી હું ઊંચકાઈ જઈશ, એટલે આ મારું ઘર તને સોંપ્યું. મારી બે મોટરકાર પણ તને સોંપી. મારું બેન્ક બેલેન્સ, લોકરમાંનું ઝવેરાત, મારાં વાડીવજીફા - એ બધું જ તને સોંપ્યું." જોન તો એવો ખુશખુશાલ થઈ ગયો! આટલું બધું એકસામટું મારું બની જશે! આનંદના અતિરેકમાં તેને તો રાતે ઊંઘ જ ન આવી! શાની આવે! આટલું બધું એકસામટું મળી જશે એ કેવો મોટો આનંદ! કેવો મોટો લાગણીનો ઉશ્કેરાટ!

પણ એવામાં એકાએક જોનને વિચાર થયો કે મારા ડૉક્ટર શેઠ આટલું બધું છોડીને જવામાં આટલા બધા ખુશી કેમ છે? જરૂરથી એમના પ્રભુ ઈસુ એમને આ બધા કરતાંય વિશેષ અધિક આનંદમાં લઈ જતા હશે! જોનને થયું કે મારે પણ એ જ બધું મેળવવું છે. એટલે મળસકું થવામાં તો ક્યાંયે વાર હતી, પણ એ ઊઠ્યો, અને ઉપર ચઢી ડૉક્ટરના શયનખંડની ઘંટડી મારી.

ડૉક્ટર ઊઠ્યા, બારણું ખોલીને બહાર આવ્યા, અને જોનને જોઈ પૂછ્યું, "જોન, શું છે? આટલી અધરાતે કેમ?" જોન બોલ્યો, "ડૉક્ટર સાહેબ, મારે તમારું ઘર નથી જોઈતું. તમારી મોટરકારો નથી જોઈતી,

મારે તમારી મિલકત કે ઝવેરાત કંઈ ન જોઈએ." ડૉક્ટરે પૂછ્યું, "કેમ? જોન, શું થયું?" જોને કહ્યું, "મારે તો તમારી સાથે અને તમારા પ્રભુની પાસે ઊડવું છે. તમે જે પામવાના છો તે જ મારે પણ પામવું છે."


"તો તો એક વાત તારે કરવી પડશે, જોન!" ડોક્ટર બોલ્યા, "તારી પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરવી જોઈએ." જોને હા પાડી. એટલે એ મળસકાના સમયમાં ડૉક્ટરના શયનખંડ પાસે જ બંને જણ ઘૂંટણે પડ્યા. અને જોને, હર્ષનાં આંસુ સહિત પોતાની સોંપણી પ્રભુ ઈસુ ખ્રિસ્તને કરી. ડૉક્ટર જોનને બાથમાં લઈ બોલ્યા, "જોન, આપણા પ્રભુ ઈસુ થોડા જ સમયમાં પાછા આવશે. અને ત્યારે આપણે બંને સાથે ઊડીશું."

**અને પ્રિય વાચક, તું?**


## રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનનાં
## અત્યાર સુધીનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની યાદી

- બોલતા આંકડા
- ખ્રિસ્તી શિષ્યપણું કઠણ માર્ગે (અનુવાદ)
- ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
  ચોથા માગીની કથા (અંગ્રેજીના આધારે)
- શબગુફાનો શહીદ (અનુવાદ) ત્રણ આવૃત્તિ
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ - છઠ્ઠી બ્રેઈલમાં)
- અજાયબ ભવિષ્ય વચનો - મુક્તિ યોજનાનાં સાત પર્વો (બીજી આવૃત્તિ)
- ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઈઝરાયલ પ્રજા (પાંચ આવૃત્તિ)
- બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૧૨ (પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ)
- માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ છે.
- યરુશાલેમનું મંદિર બંધાશે? ક્યારે? ક્યાં? કેમ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
- પુનરુત્થાનો ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
- રશિયા, ઈઝરાયલ અને બાઈબલ (બીજી આવૃત્તિ)
- ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોષ ભાગ-૧ (પુનર્મુદ્રણ)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોષ ભાગ-૨ (પુનર્મુદ્રણ)
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)

- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ (ત્રીજી આવૃત્તિ- પુનર્મુદ્રણ)
- બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે ઉચ્ચારેલાં નામ
- માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? (પુનર્મુદ્રણ)
- પ્રભુ ઈસુ ભારત, કાશ્મીર, તિબેટમાં કદી આવ્યા જ નથી.
- તમારા સંજોગોના સંચાલક
- જોષ જોવાનું પાપ (ત્રીજી આવૃત્તિ પુનર્મુદ્રણ)
- વિશ્વવ્યાપી જળપ્રલય
- ખોવાયેલું ઘેટું
- ગાંધીજીને ગમતાં ગીતો
- ઈસુના પગલે પગલે (પુનર્મુદ્રણ)
- બાઈબલ કોણે લખ્યું? ડ્રામા
- ખાલી કબરનો ચુકાદો
- બાઈબલનો શબ્દકોષ (પુનર્મુદ્રણ)
- ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ




ક્રૂસ પર 'વિશ્વાસી' પાપીઓનો ન્યાય યશા ૫૩:૫-૬
પવિત્ર આત્માનું ઊતરવું
પાંચ મૂર્ખી
આત્માનું રાજ્ય / ખ્રિસ્તી સમાજ
જગત
મંડળી
પાંચ ડાહી
ખ્રિસ્તનું રાજ્યાસન
ગગનગમન
પ્રકટી ૧૯. ૬. ૧૧-૧૬
ખ્રિસ્ત રાજ્ય મેળવે છે. દાનિ. ૭:૧૪
લૂક ૧૯:૧૨
આકાશમાં યુદ્ધ
હલવાનનો લગ્નજમણ દિન
પ્રકટી ૧૯:૭
૩½ વર્ષ
કાળ, કાળો અને અર્ધો કાળ
૪૨ મહિના
૧૨૬૦ દિવસ
મહાવિપત્તિકાળ
શેતાન પૃથ્વી પર ફેંકાયો
પ્રાગટ્ય
ખ્રિસ્તવિરોધીની સત્તા
૧૦૦૦ વર્ષ માટે પ્રકટી. ૨૦:૧૨
શેતાન બંધાયો
રાજ્ય
સહસ્ત્રાબ્દી ૧૦૦૦ વર્ષ
શેતાન પ્રકટ
છૂટો કરાશે ૨૦:૭
ઈશ્વરનું શ્વેત રાજ્યાસન
જીવતા અધર્મી થયેલા લોકોનો ન્યાય
વિનાશનો ન્યાય
નવું યરૂશાલેમ
નવી પૃથ્વી
નવું આકાશ
અનંતકાળ
૧ પ્રભુ ઈસુનું પુનરુત્થાન (પ્રથમ ફળ) ૧ કોરીંથી ૧૫ ૨-૧૩ ૧૫ ૨૦-૨૩
૨ ખ્રિસ્તના લોકોનું અને જૂના કરારના સંતોનું પુનરુત્થાન (કાપણી)
અ
બ
૩ યહૂદીઓનો ન્યાય યાકૂબના સંકટનો સમય
અ ખ્રિસ્તવિરોધી ઘણા સાથે કરાર કરશે.
બ રશિયા ઇઝરાયલ સામે યુદ્ધ કરશે.
૩ વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન (સાળો)
૪ દેશજાતિઓનો ન્યાય
યહૂદીઓ મોખરે.
ઘેટાં-પ્રજાઓ.
રાજા - પ્રભુ ઈસુ.
ખ્રિસ્તીઓ તેમની સાથે રાજ્ય કરશે
૪ બાકીનાં મૂએલાંનું પુનરુત્થાન કચરો બાળી નંખાશે (સૂડ)
ગ આકાશો ટળી જશે, તત્ત્વો બળીને પીગળી જશે. પૃથ્વી અને તે પરનાં કામો બાળી નંખાશે. ૨ પિતર ૩:૧૦
પુનરુત્થાન
ન્યાયકાળ
JIC



# PUNRUTHANO, NYAYKALO AND PRABHUNU PUNRAGAMAN

**REV. DR. JAYANAND I. CHAUHAN**



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક
રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

1852 2002
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાર્ધ શતાબ્દી

Published and
GUJARAT TRACT A
Sahitya Seva Sadan,
Ellisbridge, Ahmedab

31BGP2

SCREEN D
PRINTE
Ph. No. 5623